# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

નવેમ્બર ૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૮




હે પ્રભુ !
નૂતન વર્ષના આરંભે
આપને રાજી કરવાની ભક્તિના તેજથી
અમારાં જીવનની ઉજ્જ્વળ પ્રત્યેક પળ
આપના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીને અર્પણ હો !


Anoopam Mission

સ્વામિશ્રીજી



# નૂતન વર્ષના આરંભે મંગલ પ્રાર્થના !

**હે પૂર્ણપુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણ ! હે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી મહારાજ ! હે અનાદિ મહામુક્ત શ્રી ગોપાળાનંદ સ્વામી મહારાજ ! હે પ્રભુનાં સર્વ ગુણાતીત સંત સ્વરૂપો ! હે પ્રગટ ગુરુહરિ સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદા !**

અમારાં ભાવ અને ભક્તિ સ્વીકારી દિવ્ય સ્વરૂપે આપ અમારા હૃદયમાં બિરાજ્યા છો, તે અમારાં સૌનાં પરમ સૌભાગ્ય અને આપની અપરંપાર કૃપા માનીએ છીએ. આપના શ્રીચરણે નતમસ્તકે અમારાં સૌનાં ભાવભર્યાં હૃદયવંદન સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ છે !

**નૂતન વર્ષારંભે અમારાં સૌની પ્રાર્થના છે હે મહારાજ ! હે સ્વામી ! હે સંતભગવંત સાહેબદાદા !**

શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના પ્રગટ સ્વરૂપ અમારા ગુરુહરિ સંતભગવંત સાહેબજીનું જેવું છે તેવું સ્વરૂપ અમને ઓળખાય. અમારાં શેષ જીવનનાં સર્વ વિચાર, અમારી વાણી અને અમારાં પ્રત્યેક વર્તન ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા રાજી થાય તેવાં ભક્તિરૂપ હો ! અમારાં જીવન પ્રભુનાં, સંતભગવંત સાહેબદાદાનાં દિવ્ય કાર્યનાં વાહકરૂપ બની રહો. અમારાં જીવનનાં પ્રત્યેક કર્મ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં જીવંત દર્શનરૂપ બની રહો અને આપના દિવ્ય મહિમાની સુવાસ પ્રસરાવનારાં બની રહો.

**હે પ્રભુ !**

વિક્રમ સંવત ૨૦૮૦ની દીપોત્સવીના આરંભે આપને પ્રાર્થના છે કે, નૂતનવર્ષ ૨૦૮૧ અમારાં વ્યક્તિગત અને પારિવારિક જીવનમાં આધ્યાત્મિક સમૃદ્ધિ અને સર્વ પ્રકારની સંપન્નતાથી પરિપૂર્ણ હો; જેને, અમારા ગુરુનાં વચન અનુસાર અમો આપનાં દિવ્ય કાર્ય માટે તથા સંતો-ભક્તોની નિર્દોષબુદ્ધિયુક્ત સેવા માટે અર્પણ કરી શકીએ તેવા રૂડા આશીર્વાદની યાચના કરીએ છીએ.

**હે દયાળુ પ્રભુ ! હે સ્વામી ! હે ગુરુહરિ સાહેબદાદા !**

અમારાં વડીલોનાં સ્વાસ્થ્ય નિરામય રહો. અને અમે તેઓ રાજી થાય તેવી તેઓની સેવા કરી શકીએ એવા આશીર્વાદ આપશો.

અમારાં સંતાનો તેજસ્વી બનો, ભારતીય સનાતન મૂલ્યો અને સત્સંગના સંસ્કારથી સંપન્ન બનો. અમે તેઓનાં ઉછેર અને કાળજી પ્રેમસભર હૃદયે કરી અમારાં સ્વયંનાં ઉત્તમ આચરણ દ્વારા તેઓ માટે ઉપદેશ અને પ્રેરણારૂપ બની જીવીએ એવા રૂડા બુદ્ધિયોગ અને આપની દિવ્ય શક્તિ અમને પ્રદાન કરો તેવી પ્રાર્થના છે !

**હે પ્રભુ ! હે સ્વામી !**

અમારાં સૌના હૃદયના ભાવ છે કે, આપ વિશ્વ સમસ્તમાં પરમ દિવ્ય પવિત્ર અને ભવ્ય મંદિરોમાં શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ સ્વરૂપે આપનાં દિવ્ય ગુણાતીત સ્વરૂપો સાથે અચળ સ્વરૂપે શાશ્વતકાળ માટે અખંડ બિરાજમાન રહો.

આપનાં આ દિવ્ય મંદિરો વિશ્વ સમસ્તમાં નિવાસ કરતાં અક્ષરમુક્તો, મુમુક્ષુઓ તથા સવિશેષ રૂપે યુવાપેઢીઓ માટે ઉત્તમ, ઉન્નત, પવિત્ર, સંસ્કારી, આધ્યાત્મિક અને સર્વથા સંપન્ન જીવનનાં પ્રેરણાસ્રોત અને માર્ગદર્શક બની રહે તેવી શુભ ભાવના અને પ્રાર્થના સાથે 'ૐ શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જાપ કરીએ છીએ.

ૐ શ્રી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...! ◆

~ સા. શ્રી...

~ સાધુ મનોજદાસ

પર્થ મહાનગર, ઑસ્ટ્રેલિયા, ગુરુવાર, ૧૭ ઑક્ટોબર ૨૦૨૪ આસો શુક્લ પૂર્ણિમા, વિક્રમ સંવત ૨૦૮૦.



# અક્ષરતેજથી અંતર ઉજાળતી, ઉર-ઉરમાં સાહેબજી પ્રગટાવતી
# બ્રહ્મજ્યોતિમાં ભક્તિભાવની દીપોત્સવી

## શ્રી દીપોત્સવ ઉદ્ઘાટન પર્વ : ૨૭ ઑક્ટોબર ૨૦૨૪

સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા, પૂ. મનોજદાસજી અને સંતોની પાવન સંનિધિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર પ્રકાશપર્વોનો અત્યંત ભાવપૂર્વક શુભારંભ કરવામાં આવ્યો. સંતભગવંત સાહેબજીના આશીર્વાદની સ્મૃતિ સાથે ૨૭ ઑક્ટોબરની સાંજે 'અક્ષરમહોલ'માં સભાનો પ્રારંભ થયો. આ પ્રસંગે અદ્ભુત સુશોભન કરવામાં આવ્યું. સ્વસ્તિક આકારમાં ગોઠવાયેલ પૂજાનાં પાન, કૅલેન્ડર, દીપમાળ સાથે શ્રી ઠાકોરજી અને દેવસ્વરૂપોની પ્રતિમા સ્થાપન કરાઈ. વડીલ સાધુઓ પૂ. દિલીપદાસજી, પૂ. વાસુદેવદાસજી, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. રાજુદાસજી સાથે સૌ સંતોએ દીપમાળ પ્રગટાવી દિવ્યતાનો પ્રકાશ રેલાવ્યો.

પ્રભુ અને મૂર્તિરૂપે સ્થાપિત પ્રભુસ્વરૂપો તથા સદ્ગુરુ સંતો અને સુશોભિત સામગ્રીનાં પૂજન પૂ. મનોજદાસજી, પૂ. રમેશદાસજી અને સંતોએ કર્યાં. ત્યારબાદ સદ્ગુરુ સંતોનાં પૂજન કરી સૌ વતી ભાવવંદના પણ ધરવામાં આવી. ઉપસ્થિત સૌએ મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરી શ્રી પ્રભુચરણે કૃતજ્ઞભાવે ભક્તિવંદના ધરી. નવા વર્ષે નવા ઉમંગ અને પૂર્ણ મહિમા સાથે સેવા-ભક્તિ કરી શકીએ તેવી આર્દ્રભાવે યાચના કરી.

સદ્ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી પ્રકાશપર્વોની ઉજવણીની સાચી આધ્યાત્મિક સમજણ આપી. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા કે, 'કોડિયું, દિવેટ અને ઘી ભેગાં મળે ત્યારે દીપ પ્રગટે છે. તેવી જ રીતે સંપ, સુહૃદભાવ અને એકતાના સમન્વયથી થતી ભક્તિને લીધે જ આત્માનો દીપક પ્રજ્વલિત થાય છે.' પ્રભુના સ્વરૂપ-સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિ કરી તેઓમાં મનુષ્યભાવ રહિત કેવળ દિવ્યભાવ રાખી ભક્તિમય જીવન જીવવાનો માર્ગ દર્શાવી દીપાવલી પર્વની તેઓએ સૌને શુભકામનાઓ પાઠવી. અંતે સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી દુબઈની ધર્મયાત્રાએ પધારતા યુવા સંતો પૂ. સરજુદાસજી અને પૂ. જયદાસજીને ભાવભરી શુભેચ્છા-વિદાય આપવામાં આવી.







તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પ્રકાશપર્વોના ઉદ્ઘાટન પર્વે સદ્ગુરુ સંતોનાં આશીર્દાન... સંતો દ્વારા મંત્રપુષ્પાંજલિ અર્પણ

## સદ્‌ગુરુ સંત માહાત્મ્યવંદના : ૨૮ ઑક્ટોબર ૨૦૨૪

દીપોત્સવીના કાર્યક્રમો દરમિયાન અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતોના દિવ્ય જીવનના માહાત્મ્યને ઉજાગર કરવા અને તેઓની અલૌકિક અવસ્થાનાં દર્શન કરવાના શુભ ભાવ સાથે સદ્‌ગુરુ સંત માહાત્મ્યવંદના સભાનું આયોજન કરવામાં આવ્યું. નવેમ્બરની ૪-૫-૬ તારીખો દરમિયાન આવતા અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. ડૉ. સનંદદાદા, અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. પૂનમદાદા અને સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના પ્રાગટ્યદિનને દિવાળીનાં શુભપર્વો દરમિયાન ઉજવવામાં આવે છે. આ વર્ષે ૨૮ ઑક્ટોબરની સાંજે તેઓના પ્રાગટ્યદિનની સભા યોજાઈ. જો કે, આ સભામાં માત્ર ત્રણ જ નહિ પરંતુ, સૌ સદ્‌ગુરુ સંતોના મહિમાનાં ગાન થયાં.

ઉપસ્થિત સૌ સંતો-ભક્તો વતી યુવાન સાધુ પૂ. સૌમ્યદાસજીએ પૂજન અને પૂ. રમેશદાસજી-દયાળુએ પુષ્પહાર અર્પણ કરી હૃદયવંદના ધરી. પૂ. દિવ્યેશદાસજીએ સદ્‌ગુરુ સંતોની બ્રાહ્મીસ્થિતિની સુંદર વાતો કરી સૌનાં આત્મિક કલ્યાણ માટે પ્રાર્થના ધરી. પૂ. હરમીતદાસજીએ સદ્‌ગુરુ સંતોની દેહાતીત અવસ્થા તથા તેમના સ્વામી-સેવકભાવના અદ્‌ભુત પ્રસંગો વર્ણવ્યા. પૂ. પંકજદાસજીએ સદ્‌ગુરુ સંતોના જીવનપ્રસંગો વર્ણવીને અપ્રતિમ ગુણ ગાયા. લાઠિયાસાહેબ અને ડૉ. પૂર્વીબહેને સદ્‌ગુરુ સંતો સાથેના સ્વાનુભવોને વ્યક્ત કરી તેઓની કરુણા, અનુકંપા અને મહિમાની હૃદયસ્પર્શી વાતો કરી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી પ્રભુની મૂર્તિમાં ને ગુરુની સ્મૃતિમાં રસબસ રહી, પરસ્પર મહિમા સમજી, સૌને સંપ, સુહૃદભાવ અને એકતાથી પ્રભુપ્રસન્નતાર્થે, ગુરુમુખી જીવન જીવવાની રાહ બતાવી. સદ્‌ગુરુ સંતોના મહિમા ગાતાં આખરે તો સંતભગવંત સાહેબજીનો જ મહિમા પ્રગટતો સૌએ અનુભવ્યો. સૌ મહિમાના ધોધમાં ભીંજાઈને



સંતો-ભક્તો દ્વારા સદ્‌ગુરુ સંતોના મહિમાગાન અને પૂ. રતિકાકાનાં આશીર્દાન

## શ્રી મહાલક્ષ્મી પૂજનવિધિ : ૨૯ ઑક્ટોબર ૨૦૨૪

ધનતેરશના પવિત્ર દિવસે સાંજે શ્રી મહાલક્ષ્મી પૂજનવિધિનું દિવ્ય આયોજન સદ્‌ગુરુ સંતોનાં પવિત્ર સાંનિધ્યે 'વર્ણીકુંજ'માં કરવામાં આવ્યું. આ પ્રસંગે અનેક ભક્તો અને યજમાનો શ્રી લક્ષ્મી પૂજન માટે પધાર્યા. સાધુ પૂ. હરસુખદાસજી અને પૂ. ઘનશ્યામદાસજી (બિરલાજી) મુખ્ય યજમાનપદે પૂજાવિધિ કરવા બિરાજ્યા. સભાપ્રારંભે આચાર્યગણને પૂજન, નાડાછડી અને ખેસ અર્પણ કરીને પૂજાવિધિ કરવાનો અધિકાર આપવામાં આવ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ શ્રી લક્ષ્મી પૂજનવિધિની આધ્યાત્મિક સમજણ આપતાં જણાવ્યું કે, 'ભગવાનને સર્વ કર્તા-હર્તા માનવા, દૃઢ આશરો રાખવો, સંતમહિમા સમજી દાસભાવે તેઓની આજ્ઞા પાળવી તો સર્વ સુખ, શાંતિ અને લક્ષ્મી સહજ પ્રાપ્ત થાય.'



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

વિધિનો પ્રારંભ 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રના જપયજ્ઞ અને મંગલાચરણ શ્લોક દ્વારા થયો. સંતોએ યજમાન ભક્તોનાં પૂજન કરી, નાડાછડી અને ખેસ અર્પણ કરી પૂજાવિધિ કરવાનો અધિકાર અર્પણ કર્યો. શ્રી લક્ષ્મી પ્રક્ષાલનવિધિ દ્વારા યજમાનોએ પોતાની લક્ષ્મીને ભૌતિક રીતે શુદ્ધ કરી અને પરિશુદ્ધિ માટે મંચ પર શ્રી ઠાકોરજી સમક્ષ સ્થાપન કરી. પ્રભુ અને ગુણાતીત સ્વરૂપો તેમજ દેવ સ્વરૂપોનાં આવાહ્‌ન અને સ્થાપન કર્યાં બાદ મુખ્ય યજમાન સાધુઓ પૂ. હરસુખદાસજી અને પૂ. ઘનશ્યામદાસજીએ પૂજન અને પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના ધરી.



પૂજનવિધિ કરાવનાર આચાર્યગણને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ

થાળ અર્પણ કરાયો. સંતોએ અબીલ, ગુલાલ, કંકુ અને ચંદન દ્વારા યજમાનોની ધનલક્ષ્મીનાં પૂજન કર્યાં તથા મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરી પવિત્રતા અને આશીર્વાદ પ્રદાન કર્યાં. વડીલ સંતોએ જળઝારી દ્વારા આશિષવર્ષા કરી સૌને કૃતાર્થ કર્યાં.

અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવી 'આવકનો અને આયુષ્યનો ધર્માદો કાઢવાની સંતભગવંત સાહેબજીની આજ્ઞાને શિરોધાર્ય માનવા તથા દરરોજ અડધો કલાક ધૂન કરી, અઠવાડિક સત્સંગસભામાં હાજરી આપી, સત્‌શાસ્ત્રનાં વાંચન, સેવા અને સમાગમમાં દિવસનો સમય વાપરીને તેનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરવાની સમજ આપી સૌને ધન્ય કર્યા. સંતોના આશીર્વાદની ધન્યતા સાથે સૌ વિસર્જિત થયાં.



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા










શ્રી લક્ષ્મીજીનાં પૂજન તથા મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ

## સદ્‌ગુરુ સંત માહાત્મ્યવંદના : ૩૦ ઑક્ટોબર ૨૦૨૪

અનેક જીવોને અધ્યાત્મની સાચી સમજણ આપી આત્માનાં કલ્યાણ કરનાર સદ્‌ગુરુ સંતોની ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીએ વિશ્વને ભેટ આપી તેવા અનુપમ મિશનના સૌ સદ્‌ગુરુ સંતો પ્રત્યે હૃદયવંદના ધરવાના ભાવથી દીપોત્સવીના કાર્યક્રમો દરમિયાન સંત માહાત્મ્યવંદનાની દ્વિતીય સભા યોજાઈ. યુવાન સાધુ પૂ. ગૌરવદાસજીએ પૂજન કર્યાં અને સાધુ પૂ. ઉત્પલદાસજીએ પુષ્પહાર અર્પી વંદન ધર્યાં.

સભાના પ્રારંભે યુવાન સાધુ પૂ. રવિદાસજીએ સદ્‌ગુરુ સંતોનાં બહુમુખી ગુરુભક્તિસભર જીવનની ચોટદાર વાતો કરી. વડીલ સાધુ પૂ. દિલીપદાસજીએ ગદ્‌ગદભાવે સદ્‌ગુરુ સંતોએ હાથ પકડ્યો ને કદી ના છોડ્યો તે ભાવને અનુભવના પ્રસંગો દ્વારા વર્ણવ્યો અને તેઓએ દર્શાવેલા માર્ગ પર ચાલીને સુખી થવાના ભાવ ધર્યા. સીમાબહેને સદ્‌ગુરુ સંતોના હૃદયસ્પર્શી પ્રસંગો જણાવી તેઓની અદ્વિતીય ગુરુભક્તિનાં વર્ણન કર્યાં. ત્યારબાદ નંદપંક્તિના સંતો દ્વારા રચિત પદો, ભજનો, ગ્રંથો અને શાસ્ત્રોનો આધાર લઈને ઉમીફોઈએ સદ્‌ગુરુ સંતોનું માહાત્મ્ય વર્ણવ્યું.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી સદ્‌ગુરુ સંતોની પરસ્પરની એકતા અને પ્રેમભાવનાં અલૌકિક દર્શન કરાવ્યાં. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત સંતમહિમાનાં પદોનાં ગાન કરી સૌ સદ્‌ગુરુ સંતોના મહિમાને વિસ્તાર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ભગવાન સુધી પહોંચવા સંત માધ્યમ છે તેમ જણાવી સંત અને સત્સંગનો મહિમા સમજીને ભક્તિ કરવાની સમજણ આપી. સંતની કૃપાથી જ ભગવાન ઓળખાય છે તેથી ભૌતિક માધ્યમ દ્વારા મળતા ક્ષણિક – ક્ષુલ્લક સુખને બદલે સંત સમાગમ અને તેમની કૃપાથી પ્રાપ્ત થતા અખંડ આધ્યાત્મિક સુખની ખેવના રાખવા સૂઝ આપી.









સંતો-ભક્તો દ્વારા સદ્‌ગુરુ સંતોનાં મહિમાગાન

## સંતભગવંત સાહેબજી સ્વાગત શોભાયાત્રા : ૩૧ ઑક્ટોબર

ગુરુદેવ યોગીજી મહારાજે યુવાન જશુભાઈ સાહેબને સન ૧૯૬૪માં હૉસ્ટેલની રૂમમાં મંદિર કરવાની આજ્ઞા કરી. તે આજ્ઞાને શિરોધાર્ય કરી સંતભગવંત સાહેબજીએ પોતાની રૂમમાં મંદિર કર્યું ને ત્યારથી મંદિર નિર્માણયાત્રાનો આરંભ થયો. ગુરુદેવ યોગીજી મહારાજના આજ્ઞારૂપી તે આશીર્વાદના પરિણામે પછી તો વિશ્વસમસ્તમાં શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરતાં અનેક મંદિરોનાં સર્જન સંતભગવંત સાહેબજીએ કર્યાં. યોગીબાપા દ્વારા જશુભાઈને અપાયેલ તે આજ્ઞાને આ વર્ષે ૬૦ વર્ષ પૂર્ણ થયાં. 'મંદિરનિર્માણ આજ્ઞા હીરક જયંતી'ના આ વર્ષે સંતભગવંત સાહેબજી દ્વારા અમેરિકાના પિયોરિયામાં મંદિરનાં નિર્માણ થયાં અને મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા થઈ. આવાં કલ્યાણકારી યુગકાર્ય કરીને સંતભગવંત સાહેબજી અમેરિકા, કૅનેડા, ઈંગ્લૅન્ડ અને દુબઈની ૯૯ દિવસની ધર્મયાત્રા સંપન્ન કરીને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી-ભારત પરત પધાર્યા ત્યારે તેઓનું સંતો અને ભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

સંતભગવંત સાહેબજીના પધારવાનો આનંદ અને વળી દિવાળીનો શુભ દિવસ ! આ સુભગ સમન્વય પ્રસંગે સમગ્ર બ્રહ્મજ્યોતિ પરિસરને રંગ અને રોશનીની સજ્જાથી સજાવી દેવાયું હતું. ચારેય કોર આનંદની ધજાઓ લહેરાતી હતી. ભક્તોનાં મુખારવિંદ પર સ્મિત રેલાયાં હતાં અને સંતભગવંત સાહેબજીનાં દર્શન અને સ્વાગતના ઉમંગનાં સ્પંદનો અનુભવાતાં હતાં. સાંજે સંતભગવંત સાહેબજી તપોભૂમિ બ્રહ્મજ્યોતિના મુખ્ય પ્રવેશદ્વારે પધાર્યા. યોગી વિદ્યાપીઠના પ્રવેશદ્વારે સૌ સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં સ્વાગત થયાં. સંતભગવંત સાહેબજીએ પ્રત્યેક સંતોને હૃદયે ચાંપી વહાલથી આશીર્વાદ આપ્યા. ત્યાંથી યુવાનો દ્વારા તૈયાર કરાયેલ ભવ્ય કલાત્મક રથમાં તેઓ બિરાજમાન થયા. તેઓનાં સ્વાગત-પૂજન અને પુષ્પાર્પણ થયાં. યોગી વિદ્યાપીઠથી મંદિરજીના મુખ્ય પ્રવેશ દ્વાર સુધીના પથ પર ઊભા રહેલ ભાઈઓ અને બહેનોએ સંગીતના સથવારે અંતરના અપાર આનંદ સાથે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત કર્યાં. પથ પર યુવતીઓએ સ્વાગતનૃત્ય અને ભાભીમંડળે ગરબાનૃત્ય કરીને પોતાના હૃદયભાવ અને આનંદ ભક્તિરૂપે પ્રગટ કર્યા. સૌ ભક્તોને મન ખરા અર્થમાં દિવાળીની ઉજવણી થઈ તેવો આનંદ વ્યાપી ગયો.



દિવ્ય સ્મૃતિ નજરાણું

મંદિરજી પરિસરના મુખ્ય પ્રવેશદ્વાર પાસે સંતભગવંત સાહેબજીનો કલાત્મક રથ પહોંચ્યો અને બંધ દ્વારનાં કમાડ ઊઘડ્યાં ત્યારે દ્વારની બીજી તરફ ઊભા રહેલા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ અંતરનાં હર્ષાશ્રુ સાથે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત કર્યાં. આ દર્શન અત્યંત ભાવવાહી હતાં ! તેઓ સાથે સદ્ગુરુ સંતો પૂ. રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા અને પૂ. મનોજદાસજી પણ જોડાયા. પૂ. અશ્વિનદાદાએ સંતભગવંત સાહેબજીનાં પૂજન કરી પુષ્પનો હાર અર્પણ કર્યો. કલાત્મક રથના સર્જક અને પૂજારી સાધુ પૂ. અનિલદાસજીએ ખેસ અર્પણ કરીને અને સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ ફેંટો પહેરાવી સૌ સંતો-ભક્તો વતી હૃદયભાવ અર્પણ કર્યા. તે સમયે 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ...' કીર્તનના તાલે યુવાનો - યુવતીઓ દ્વારા અદ્ભુત સ્વાગતનૃત્ય પ્રસ્તુત થયું.



સ્વાગતયાત્રામાં જોડાયેલા સંતો-ભક્તોના ભાવ સ્વીકારતા સંતભગવંત સાહેબજી



સ્વાગતનૃત્ય દ્વારા સંતભગવંત સાહેબજીને આવકારતા ભાવિક બહેનો



મંદિરજી પરિસરના પ્રવેશદ્વારે સદ્‌ગુરુ સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં વિશિષ્ટ સ્વાગત



રંગ-રોશની અને અંતરના ઉમંગ સાથે આતમ મંદિરે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત

સૌનોભાવ ઝીલતા, મુખારવિંદ પર મનોહર સ્મિત રેલાવતા સંતભગવંત સાહેબજી હળવે હળવે મંદિરજીનાં પગથિયાં સુધી પધાર્યા. ભવ્ય આતશબાજી અને જોશસભર નૃત્યભક્તિ સાથે યુવાનો અને યુવતીઓએ સંતભગવંત સાહેબજીને મંદિરજીમાં આવકાર્યા. મંદિરજીની ચારેય બાજુ પ્રકાશિત દીવડાઓની રોશની અને સંતભગવંત સાહેબજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો તેજપુંજ સૌના આત્માને વધુ દેદીપ્યમાન કરી રહ્યો હતો. આ પ્રસંગની દિવ્યતા અને વાતાવરણની આધ્યાત્મિક ઊર્જા અલૌકિક હતી ! સંતભગવંત સાહેબજીનાં દર્શનની ધન્યતા સૌની આંખોમાં સહજ જ અનુભવાતી હતી. સૌના અંતરના ભાવ સ્વીકારી, સૌ પર અમીદૃષ્ટિ કરી સંતભગવંત સાહેબજીએ સૌને કૃતાર્થ કર્યાં. તેઓ સાથે પધારેલા સાધુ પૂ. હિંમતદાસજી, પૂ. પીટરદાસજી, પૂ. અર્પિતદાસજી, પૂ. બિમલદાસજી, પૂ. જયદાસજી, પૂ. સરજુદાસજી તથા ભક્તો મંદિરે દર્શનાર્થે પધાર્યા. તે દરમિયાન સૌ કોઈ વર્ણીકુંજમાં શ્રી શારદા પૂજનવિધિનો લાભ લેવા માટે પધાર્યાં.

## શ્રી શારદા પૂજન : ૩૧ ઑક્ટોબર ૨૦૨૪

આજે દિવાળીના દિવસે સંતભગવંત સાહેબજી પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરીને બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા, તેનો આનંદ અંતરમાં લઈને યજમાન ભક્તો શ્રી શારદા પૂજનવિધિમાં બિરાજ્યા. વિધિ આરંભે સદ્‌ગુરુ સંતોએ આચાર્યગણનાં પૂજન કરી, નાડાછડી અને ખેસ અર્પણ કરી પૂજનવિધિ કરાવવાનો અધિકાર આપ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પૂજાવિધિનાં માહાત્મ્ય જણાવી હૃદયના ભક્તિભાવપૂર્વક પૂજાવિધિ કરવા સમજ આપી તેમજ કર્મમાત્ર ભગવાનની ભક્તિ બને તેવા આશીર્વાદ આપ્યા. ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીના ‘નામાનું વચનામૃત’નો ઉલ્લેખ કરી ભક્તના જીવનમાં વર્ષોના સત્સંગ પછી કેટલાં આત્મિક ઉત્થાન અને આધ્યાત્મિક પ્રગતિને પામ્યાં તેનો હિસાબ રાખવાની તથા આત્મવિશ્લેષણ કરી પ્રભુપ્રસન્નતાના માર્ગે આગળ વધતા રહેવા સુંદર સમજ આપી. મનનાં સઘળાં કપટ ટાળી દઈને અંતર નિર્મળ કરવાની ભાવના ઉજાગર કરી.



મંદિરજીના પ્રાંગણમાં યુવાનો અને યુવતીઓ દ્વારા સ્વાગત ભક્તિનૃત્ય અર્પણ



શ્રી શારદાપૂજન વિધિ પ્રસંગે સંતો દ્વારા આરતી અર્પણ







સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે શ્રી શારદાપૂજન વિધિમાં રત યજમાન અક્ષરમુક્તો અને સંતો

મંગલાચરણ શ્લોકનાં ગાન કરી શ્રી વહીઓની પૂજાવિધિ આરંભાઈ. સંતોએ યજમાનોનાં પૂજન કરી, નાડાછડી બાંધી, ખેસ અર્પણ કરી પૂજા કરવાનો અધિકાર આપ્યો. પૂજાવિધિનો સંકલ્પ કરી યજમાનોએ પ્રભુ અને ગુણાતીત સ્વરૂપોનાં આવાહ્‌ન-સ્થાપન કર્યાં. ત્યારબાદ શ્રી ઠાકોરજી, દેવસ્વરૂપો અને સંતભગવંત સાહેબજી તેમજ મંચસ્થ સદ્‌ગુરુ સંતો, મહાનુભાવોનાં પૂજન-પુષ્પના હાર અર્પણ કરી ભાવવંદના ધરી. થાળ અર્પણ કરીને મંચ પર સજ્જ શ્રી વહીઓનાં પૂજન અર્થે યજમાનો પધાર્યા અને કંકુ, અબીલ, ગુલાલ, ચંદન, ચોખા, સોપારી, નાગરવેલનાં પાન, પુષ્પ તથા ફળ દ્વારા પૂજન કર્યાં. સંકલ્પનાં પઠન થયાં અને તેની પૂર્તિ માટે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન સૌએ કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને ઉપસ્થિત સૌ સંતોએ વહીઓ પર મંત્ર-પુષ્પાંજલિ તથા આરતી અર્પણ કરી. વડીલ સંતોએ સંતભગવંત સાહેબજી પાસે પ્રાસાદિક કરાવેલ શ્રી લક્ષ્મી સ્વરૂપી આશિષવર્ષા સર્વ વહીઓ, યજમાનો અને ઉપસ્થિત ભક્તો પર કરી.

ત્યારબાદ સંતભગવંત સાહેબજી અને તેઓ સાથે પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરી પરત પધારેલા સંતો અને અક્ષરમુક્તોનાં સ્વાગત કરાયાં. સંતભગવંત સાહેબજીએ સૌની સુખાકારી અને મંગલ માટે પ્રથમ ધૂન કરાવી આશીર્વાદમાં શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી સરસ્વતી પૂજનના હાર્દને સમજાવી ધન, સત્તા કે શારીરિક બાહુબળથી પણ વધુ અને સર્વોત્તમ એવાં પ્રભુનાં બળને – આધ્યાત્મિક શક્તિને જણાવી સંતો સાથે પ્રીતિ કરી તેઓની આજ્ઞા મુજબ પ્રભુ અને ગુરુભક્તિ કરવા સમજ આપી. વીતેલા વર્ષની ભૂલોની માફી માંગી આવનાર નૂતન વર્ષે પ્રભુ અને ગુરુ રાજી થાય તેવા સમર્પિતભાવનાં વિચાર, વાણી અને વર્તન બને તે માટેની પ્રાર્થના કરવાની સૂઝ આપી. તેમજ નવા વર્ષે અઠવાડિક સત્સંગસભામાં હાજરી આપવા, અડધો કલાક ધૂન કરવા અને નિર્દોષભાવે, મહિમાયુક્ત સેવા કરવા પ્રેરણા આપી. વર્ષના અંતિમ દિવસે નૂતન વર્ષને સાચી રીતે આવકારવાના આશીર્વાદ પામ્યાના ઉમંગ સાથે સૌ વિસર્જિત થયાં.



આશીર્દાન : સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



ધર્મયાત્રા પૂર્ણ કરી પધારેલા સંતો-ભક્તોનાં સ્વાગત



સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

## સંતભગવંત સાહેબજી સ્વાગત સભા : ૧ નવેમ્બર ૨૦૨૪

દીપાવલી અને નૂતન વર્ષના આરંભ વચ્ચેના દિવસના સુભગ સંયોગે સંતભગવંત સાહેબજીનાં સ્વાગત અને માહાત્મ્યદર્શનની સભા યોજાઈ. સૌ કોઈ સમયસર સભામાં પધાર્યાં અને કીર્તનભક્તિમાં મગ્ન થયાં. આગલા દિવસે પ્રસ્તુત નૃત્યભક્તિની અનુભૂતિ અને હૃદયભાવનાની વાતો સાધુ પૂ. હાર્દિકદાસજીએ કરી તથા પૂજન કરી સ્વાગતવંદના ધરી. સાધુ પૂ. ગૌતમદાસજીએ સંતભગવંત સાહેબજીને પુષ્પહાર અર્પણ કરી સ્વાગતભાવ ધર્યા. વિદેશથી પધારેલા સંતો-અક્ષરમુક્તોનાં પણ સ્વાગત કરાયાં.



સંતભગવંત સાહેબજીનાં સ્વાગત પૂજન

સાધુ પૂ. પીટરદાસજીએ તેમની યુ.કે.ની ધર્મયાત્રાની અનુભૂતિ વાગોળી સંતભગવંત સાહેબજી દ્વારા પરદેશમાં થતાં ભવ્ય અને દિવ્ય કાર્યોની ઝાંખી કરાવી. ઈંગ્લેંન્ડ અને દુબઈની યાત્રામાં સાથે જોડાયેલ દુબઈનાં ભક્તિવંત અક્ષરમુક્ત રાજશ્રીબહેને હૃદયસ્પર્શી વાતો કરી અંતરની ભક્તિ વહાવી. ઈંગ્લેંન્ડથી પધારેલાં ભાવિશાબહેને ઈંગ્લેન્ડમાં રચાઈ રહેલ 'ૐ અંત્યેષ્ટિ સંસ્કાર-ધામ'નાં વિકાસકાર્યોની ઝાંખી કરાવતા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવોને થયેલી સંતભગવંત સાહેબજીના સ્વરૂપની અનુભૂતિની વાતો કરી પરદેશમાં હિન્દુ એકતા માટે સંતભગવંત સાહેબજી દ્વારા થતાં કાર્યોને ખૂબ સુંદર રીતે વર્ણવ્યાં.



સાધુ પૂ. પીટરદાસજી



રાજશ્રીબહેન ગોકલ



ભાવિશાબહેન ટેલર

આ દરમિયાન હરિધામ સોખડાના મહંત પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામી મહારાજ અને સંતો-અક્ષરમુક્તો નૂતન વર્ષના આરંભે શ્રી ઠાકોરજી તથા સંતભગવંત સાહેબજીનાં દર્શન કરવા, આશીર્વાદ લેવા પધાર્યા. સંતભગવંત સાહેબજી અને પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના મિલનનાં દર્શન અદ્‌ભુત બની રહ્યાં. પરસ્પર નીતરતો પ્રેમ સૌને સહજ દિવ્યતા અને આત્મિક ઐક્યતાના અનુભવ કરાવતો હતો. સભામાં તેઓનાં ભાવભીનાં સ્વાગત કરાયાં. સાધુ પૂ. ઉત્પલદાસજીએ કીર્તનગાન દ્વારા સ્વાગતભાવ ધર્યા.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ વ્યાપકમાં સંતભગવંત સહેબજીનાં દર્શન કરવાની દિવ્ય દષ્ટિ પામવાની ભાવના વહાવી. સંતભગવંત સાહેબજી અને પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીના સ્વાગતનો ભાવ ધરી બ્રહ્મસ્વરૂપ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીની વિશેષ સ્મૃતિ કરી. પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીએ



સાધુ પૂ. ગૌતમદાસજી દ્વારા પુષ્પહાર અર્પણ



સંતભગવંત સાહેબજી સ્વાગતસભાનું મંચદર્શન



પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજીનાં સ્વાગત



આશીર્દાન : પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી

આશીર્વાદ વરસાવી આખા વર્ષનું સરવૈયું કાઢી જ્યાં આત્મીય ના બની શક્યા હોઈએ, નમી શક્યા ના હોઈએ, સંબંધ ભૂલી વર્ત્યા હોઈએ તો માફી માંગી સુહૃદભાવ રાખવા સુંદર માર્ગદર્શન પ્રદાન કર્યાં તેમજ સંતભગવંત સાહેબજીનાં દર્શને હૈયું ટાઢું થઈ ગયું તે ભાવના વ્યક્ત કરી.

અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં યોગીબાપાએ હૉસ્ટેલની રૂમમાં મંદિર નિર્માણની આજ્ઞા કરી હતી તેની સ્મૃતિ કરી જૂનાં સંસ્મરણો વાગોળ્યાં. યોગીજી મહારાજની સાધુતા અને દિવ્યતાને વર્ણવી તેઓનાં કલ્યાણકારી કાર્યોની વાતો કરી. નિર્દોષભાવે માહાત્મ્ય સાથે, સિદ્ધાંતને પકડી મોટા પુરુષની આજ્ઞા અનુસાર ભક્તિ કરવા સમજ આપી. સંતો અને મંદિરના યોગમાં આવવાથી થતી પ્રાપ્તિ અને સુખની સમજ આપી. ગુણાતીતભાવ સિદ્ધ કરવા રૂડાં માર્ગદર્શન આપ્યાં. નૂતન વર્ષના આરંભે આવા રૂડા આશીર્વાદ પામી સૌ ખૂબ રાજી થયાં અને અંતરના અપાર આનંદ સાથે વિસર્જિત થયાં.



આશીર્દાન : સંતભગવંત સાહેબજી



## નૂતન વર્ષ મંગલ મિલન સભા : ૨ નવેમ્બર ૨૦૨૪

વિક્રમ સંવત ૨૦૮૧ના આરંભે મંગલ પ્રભાતથી જ સૌ સંતો-ભક્તો શ્રી ઠાકોરજીનાં દર્શન કરવા અને પરસ્પર આત્મીય પ્રેમને વ્યક્ત કરી નવા વર્ષની શુભકામના પાઠવવા મંદિરજીમાં એકત્ર થયા. સૌનાં અંતર અને મુખ પર અનેરો આનંદ છવાયો હતો. સૌનાં હૈયે સંતભગવંત સાહેબજીનાં દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવાની આતુરતા છલકાતી હતી. આ ભાવ સાથે આરતીનાં દર્શન કરી 'વર્ણીકુંજ'માં મંગલ મિલન સભા માટે સૌ એકત્ર થયાં. સભાનો પ્રારંભ અડધા કલાકના જપયજ્ઞ અને કીર્તનગાન સાથે થયો, જેમાં સૌ એકાગ્ર ચિત્તે ખૂબ ભાવથી જોડાયાં.

સંતભગવંત સાહેબજી પધાર્યા અને સદ્‌ગુરુ સંતો સાથે મંચ પર બિરાજ્યા. અદ્‌ભુત સ્મૃતિ આપી સૌને ધન્ય કર્યાં. સાધુ પૂ. પીટરદાસજીએ વિશ્વ સમસ્તના સંતો-ભક્તો વતી શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં પૂજન કરી પ્રાર્થના ધરી. સાધુ પૂ. અર્પિતદાસજી, પૂ. રમેશદાસજી (ઝા), પૂ. નીરવદાસજી, પૂ. પંકજદાસજી તથા પૂ. સૌમ્યદાસજીએ શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી અને સૌ મંચસ્થ સંતોને પુષ્પહાર અર્પણ કરી વંદના ધરી.





નૂતનવર્ષારંભે ગુરુહરિને પૂજન-પુષ્પહાર રૂપી હૃદયવંદના

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ સૌ પ્રથમ આશિષ પ્રદાન કરી નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી. નવા વર્ષે નવા ઉમંગ અને વિચાર સાથે આનંદવિભોર જીવન જીવવાનો સંદેશ આપ્યો તથા મનમુખી મટી ગુરુમુખી બનવા માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થના ધરી.

ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિ કરી, તેઓ દ્વારા લખાયેલી પ્રાર્થનાઓની પંક્તિઓને ચૂંટી તેને કીર્તન-પ્રાર્થના સ્વરૂપે ભાવપૂર્વક પ્રસ્તુત કરી નવા વર્ષના શુભ આશીર્વાદ પાઠવ્યા.

અંતે, સંતભગવંત સાહેબજીએ નૂતનવર્ષાભિનંદન પાઠવી આશીર્વાદ વરસાવ્યા કે, 'પ્રભુ રાજી થાય તેવું જીવીએ. ના જિવાયું તો નવા વર્ષે તેને મઠારીએ. ભગવાનનો આશરો હોય, સંત સાથે પ્રીતિ હોય, તેમને રાજી કરવાનો આલોચ હોય તો જ્યાં ખોટું વર્તાશે ત્યારે ખબર પડશે જ ! તો તેવા સમયે થતાં આળસ, પ્રમાદ અને ગાફલાઈને ટાળવાં. ચોવીસ કલાક અને બારેય માસ આનંદમાં રહેવું. ક્યારેક ચૂકી જવાય તો ધૂન, ભજન અને પ્રાર્થના કરવાં. ભગવાન સૌથી મોટા છે તો તે સહાય કરશે. આવું જીવાશે તો જીવનમાં અકલ્પનીય ફેરફાર આવશે. જેને ભગવાનનો આશરો હોય, સત્પુરુષમાં આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય ને અમહિમા, માથાકૂટ કે ભાવફેરમાં ના પડે તો એવા આશ્રિતે કોઈથી ડરવું નહીં, ભગવાન સર્વ પ્રકારે એની રક્ષા કરશે. સંતોના યોગથી ભગવાનનો સાચો મહિમા સમજાય, જીવન બદલાય.' આવા અદ્‌ભુત આશીર્વાદ પાઠવી સંતભગવંત સાહેબજીએ સૌને ધન્ય કર્યાં. ધન્યતાથી અભિભૂત થઈ સૌ મંદિરજીમાં અર્પણ થતા અન્નકૂટ અર્ઘ્યમાં જોડાયાં. મંદિરજીમાં પ્રત્યક્ષ રીતે તથા વર્ણીકુંજમાં વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન પર સૌએ અન્નકૂટનાં ભાવથી દર્શન કર્યાં.

## અન્નકૂટ ઉત્સવ : ૨ નવેમ્બર ૨૦૨૪

નિજ મંદિરજીમાં અને 'અક્ષરમહોલ'માં બિરાજમાન શ્રી ઠાકોરજી અને સર્વે ગુણાતીત સ્વરૂપોને સંતો અને ભક્તોએ અત્યંત ભાવથી અન્નકૂટ અર્ઘ્ય ધર્યો. સ્થાનિક ભક્તોએ ભાતભાતનાં વ્યંજનો પોતાના ઘરેથી બનાવી લાવીને પ્રભુને ધર્યાં. દૂરદૂરથી ભક્તોએ અનેક મીઠાઈઓ અને સૂકી વાનગીઓ પ્રભુને ધરવા મોકલી. સંતોએ સર્વ વ્યંજનોને કલાત્મક રીતે ગોઠવી અન્નકૂટની અદ્‌ભુત શોભા કરી. મંદિરજીમાં બિરાજમાન હકડેઠઠ ભક્તમેદની વચ્ચે સંતભગવંત સાહેબજી પ્રભુ સમક્ષ બિરાજ્યા. અનુપમ સૂરવૃંદના સંતો અને યુવાન ભક્તોએ એક પછી એક અનેક ભાવવાહી થાળનાં સુંદર ગાન કરી પ્રભુને જમાડ્યા.

સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય સંનિધિ, ભક્તિ સ્વરે ગવાતા થાળનાં ગાન, અન્નકૂટની શોભા, ભક્તોનાં હૈયે ઊમટતો ભક્તિભાવ અલૌકિક હતાં ! એક સરખાં વસ્ત્રો પરિધાન કરેલ સ્વયંસેવકો વીંઝણા હલાવી અન્નકૂટની જાળવણી કરી રહ્યા હતા, સંતો અને પૂજારીઓ પ્રભુને રીઝવી રહ્યા હતા. મંદિરજીનાં સુશોભન પણ સૌનાં મન મોહી રહ્યાં હતાં. સંતો અને સેવકોની ઘણાય દિવસોની અને અન્નકૂટ ગોઠવણી માટેની દિવસ-રાતની સેવાનું અદ્‌ભુત પરિણામ સૌની સમક્ષ નયનગોચર થતું હતું.

થાળનાં ગાન કરતા સંતો-ભક્તોના ભાવ સંતભગવંત સાહેબજી ગ્રહણ કરી રહ્યા હતા અને પ્રસન્નતા દર્શાવી પ્રભુને જમાડવાના ભાવ ધરી રહ્યા હતા. ઉપસ્થિત ભક્તો પણ સંગીતના તાલે, તાળીઓ વજાડી પ્રભુને હૃદયભાવ ધરી રહ્યા હતા. સર્વત્ર વ્યાપ્ત દિવ્યતાસભર ઊર્જાની અનુભૂતિમાં સૌ મહાલી રહ્યાં.


આશીર્દાન : સંતભગવંત સાહેબજી


સંતભગવંત સાહેબજી દ્વારા અન્નકૂટની આરતી અર્પણ

અન્નકૂટમાં ગળ્યા, તીખા, ખાટા, ખારા, તૂરા, કડવા એમ છયે સ્વાદના, ભીનાં અને સૂકાં વ્યંજનો કે જે બાફી, તળી, શેકી, વઘારી, આથી, બેક કરીને બનાવી શકાય તેવી ભારતીય, ચાઈનીઝ, મેક્સિકન, અમેરિકન, ઈટાલિયન આદિ વાનગીઓ પ્રભુને ભાવથી અર્પણ કરી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી વાનગી બનાવનાર, ગોઠવનાર, ધરાવનાર સૌની ભક્તિને ખૂબ બિરદાવી. શ્રી ઠાકોરજીના શણગાર કરનાર સાધુ પૂ. સુરેશદાસજી અને પૂજારી ટીમની સેવાને વધાવી. ભક્તોની કસર ટાળી સર્વ પ્રકારે સુખી કરવા પ્રભુને પ્રાર્થના કરી. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ અન્નકૂટ ઉત્સવની આરતી અર્પણ કરી પ્રભુ પ્રત્યે વંદના ધરી.

સમગ્ર સમૈયો અલૌકિક ભક્તિભાવે ઉજવાયો. સ્વાભાવિક જ તેમાં સૌને અપાર આનંદ પ્રાપ્ત થયો. સમગ્ર ઉત્સવનાં ભવ્ય આયોજનમાં સંતોનાં માર્ગદર્શન અનુસાર સ્વયંસેવકોએ રાત-દિવસ જોયાં વગર રજિસ્ટ્રેશન, રસોડા, ઉતારા, ટ્રાન્સપૉર્ટ, સ્વાગત-સરભરા, મંચસજ્જા, સભા અને બેઠકવ્યવસ્થા, મંચ અને પરિસરનાં સુશોભન, સંગીત, ઑડિયો, ફોટો અને વિડિયોગ્રાફી, મૅડિકલ, સફાઈ, પાર્કિંગ, પૂજાવિધિ, અન્નકૂટ ગોઠવણ-ઉત્થાપન આદિ વિવિધ વિભાગોમાં મહિમાયુક્ત સેવાઓ કરી અલૌકિક ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીએ સૌ પર અત્યંત પ્રસન્નતા વરસાવી. નવા વર્ષને નવા વિચાર અને સંકલ્પ સાથે વીતાવવાના સંતભગવંત સાહેબજીના આદેશ અનુસાર જીવવા સૌ કટિબદ્ધ થયાં. હૈયામાં નવા જોશ ને ઉમંગ સાથે સૌ છૂટાં પડ્યાં. ❋

## પારિવારિક સંવાદિતા પર્વ - ભાઈબીજ : ૩ નવેમ્બર ૨૦૨૪

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિ વર્ષ ભાઈ અને બહેનના પવિત્ર પ્રેમના પર્વ-ભાઈબીજની 'પારિવારિક સંવાદિતા પર્વ' તરીકે ઉજવણી થાય છે. તે જ રીતિ અનુસાર આ વર્ષે પણ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય નિશ્રામાં 'સંવાદિતા પર્વ' 'વર્ણીકુંજ'માં યોજાયું, જેમાં મોટી સંખ્યામાં સંતો-અક્ષરમુક્તો ઉપસ્થિત રહ્યા. મંચસજ્જામાં પણ 'સંવાદિતા એ જ સ્વર્ગ'નો ભાવ દર્શાવાયો, જે સ્વાભાવિક જ ઉત્સવ-મહિમાને સ્પષ્ટપણે છતો કરતો હતો. સભાની શરૂઆત કીર્તનગાન સાથે કરવામાં આવી. સૌ ભક્તો વતી યોગેન્દ્રભાઈ (યુ.કે.)એ શ્રી ઠાકોરજી અને મંચસ્થ સૌનાં પૂજન કરી તેમજ મહેશભાઈ અંબાણી, ઘનશ્યામભાઈ પાઠક અને પારસભાઈ દેસાઈએ પુષ્પહાર અર્પણ કરી ભાવ ધર્યા. ત્યારબાદ મોડાસાના અક્ષરમુક્ત શૈલેશભાઈએ સ્વરચિત કીર્તનગાન રજૂ કરી ભક્તિવંદના ધરી.




પારિવારિક સંવાદિતા પર્વે સંતભગવંત સાહેબજી દ્વારા પ્રાર્થના-આશીર્વાદ

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી દીપોત્સવી દરમિયાન સંતભગવંત સાહેબજીએ આપેલી દિવ્ય સ્મૃતિઓને સંભારી જણાવ્યું કે, 'સંવાદિતા જેઓ જીવ્યા હોય તેઓની વાત જીવ સોંસરી ઊતરતી હોય છે. એવી સુસંવાદિતાથી આપણા સદ્‌ગુરુ સંતો જીવ્યા છે. ભિન્ન વ્યક્તિત્વ હોવા છતાં પ્રભુસ્વરૂપ યોગીજી મહારાજની પ્રાપ્તિ થયા પછી ભિન્ન વ્યક્તિત્વના રંગો છૂટી ગયા ને સૌનાં હૃદય ભગવાં થઈ ગયાં, સૌ એક થઈ ગયા, સૌના હૃદયસ્થાને સંતભગવંત સાહેબજી બિરાજી ગયા. 'સંપ, સુહૃદભાવ ને એકતા'ના ત્રણ શબ્દોને એક શબ્દમાં વર્ણવવો હોય તો 'સંવાદિતા' એક અદ્‌ભુત પર્યાય છે. સમાજવ્યવસ્થાના પાયાનો એકમ પરિવાર છે. પરિવાર સુસંવાદિત હોય તો સમાજ સશક્ત બને છે. માટે જ આપણે આપણાં મૂળ પારંપરિક જ્ઞાન, ભોજન, સંબંધ, ઉપચાર અને વ્યવહારને ભૂલી જવાને બદલે તેને જાળવી રાખવાં જોઈએ. 'સૌનાં પ્રેરક, પ્રવર્તક અને વર્તાવનાર કેવળ પ્રભુ છે', એ પારિવારિક સંવાદિતાનો પ્રથમ મંત્ર છે. ભેગાં મળીને એકબીજાં માટે અને એકબીજાંનાં પૂરક બનીને જીવવું એ સંવાદિતાનો ભાવ છે.' આમ સંવાદિતાની અદ્‌ભુત સમજણ આપી સુંદર માર્ગદર્શન પ્રદાન કર્યું.

આ પ્રસંગે પધારેલા ચારુતર આરોગ્ય મંડળના પ્રમુખ શ્રી અતુલભાઈ પટેલ અને મંત્રીશ્રી મેહુલભાઈ પટેલનાં સન્માન કરાયાં. શ્રી અતુલભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી આભાર વ્યક્ત કર્યો.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવીને સાહેબદાદાના રાજીપાને પામવા નવા વર્ષે પારિવારિક સંવાદિતા જીવન-આચરણમાં મૂકવા સંકલ્પ કરીએ અને જે પ્રાપ્ત થયું છે તેને સ્વીકારી આનંદપૂર્વક જીવી લઈએ તે ભાવના દૃઢ કરાવી. બીજાનું સારું થાય તે ભાવના કરવી અને આપણું સારું બીજાને આપી રાજી થવું તે ભક્તિ છે તેમ સમજાવ્યું. આમ, સમર્પણ અને ધૈર્યની ભાવના પાકી કરી સંતભગવંત સાહેબજીને રાજી કરવાની ઝંખનાના ઉપદેશ મેળવી સૌ વિસર્જિત થયાં. ❋





## સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા…

**અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વે આશીર્દાન**

**૧૬ ઑક્ટોબર ૨૦૨૪, શરદપૂનમ, બ્રહ્મજ્યોતિ, ડેન્હમ-યુ.કે.**

**પ્રભુ**ને રાજી કરવા માટે પ્રભુના થઈને જીવન જીવી પ્રભુપ્રાપ્તિનો આનંદ પામવાના માર્ગે ચાલનારા સૌ સંતો, શ્રેયાર્થી સાધકો માટે આજનો દિવસ એ મહામંગલકારી પર્વ છે ! શ્રી રામ ભગવાન પધાર્યા, શ્રી કૃષ્ણ ભગવાન પધાર્યા, શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ પધાર્યા; એ જ પરંપરામાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા. સર્વ ભગવાનના અવતારો મને-તમને-સૌને સુખની પ્રાપ્તિ કરાવી, પરમ આનંદ પ્રાપ્ત કરાવવા આવ્યા હતા; પણ આપણે પ્રભુનાં સ્વરૂપોને ઓળખ્યાં નહીં, જેવો છે તેવો તેઓનો મહિમા સમજ્યા નહીં. મહિમા સમજાય નહીં તો એમની આજ્ઞા પાળી શકાય નહીં. અને આજ્ઞા પાળી પણ નિર્દોષભાવે યુક્ત સેવા ના કરી; એ કસરને લીધે પ્રભુની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત ના કરી શક્યા.

એ કસર ટાળવા માટે શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રગટ થયા અને મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને આવ્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જીવનચરિત્રોમાં તમે જુઓ તો ઘણા બધા સંતો-ભક્તોનાં સમર્પણ છે ! સંતોએ એટલા બધા ભીડા વેઠ્યા છે કે, આપણે આશ્ચર્ય પામી જઈએ ! લોકો સંતોને મારતા, અન્ય પંથના સંન્યાસીઓ પણ મારતા. સ્વામિનારાયણનો સત્સંગ સ્વીકારે તો ભક્તોને નાતબહાર મૂકતા. આટલી બધી મુસીબતોમાં પણ તેમણે ભગવાનનો આશરો છોડ્યો નહીં; છતાં, જે પ્રાપ્તિ થવી જોઈએ તે પ્રાપ્તિ કરી શક્યા નહીં. તો શું ભગવાનમાં ખોટ હતી ? ભક્તોનાં સમર્પણમાં ખોટ હતી ? બંનેમાં કોઈ ખોટ નહોતી, પણ એક વસ્તુની ગૅપ હતી-ગુણાતીત સંતને ઓળખવાની.

મછિયાવનાં ફોઈબાનું દૃષ્ટાંત આપણને ખબર છે. તેઓ સ્વામિનારાયણ ભગવાનને ભગવાનનું સ્વરૂપ માનતાં. સ્વામિનારાયણ ભગવાન એમને 'ફોઈ' કહેતા એટલે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધાં એમને 'ફોઈબા'ના હુલામણા નામથી બોલાવતાં. મછિયાવ ગામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જાય તો તેઓ આખા ગામને જમાડે. આખું ગામ હિલોળા લે. ઠેઠ ગામની ભાગોળેથી સામૈયું કરીને મહારાજને ઘર સુધી લઈ જાય. ઘર શણગારે, રંગરોગાન કરે. એમની એટલી બધી ભક્તિ અને ભગવાન પ્રતિ એટલો બધો સમર્પણ ભાવ કે, સૌ આશ્ચર્યમાં પડી જાય ! પણ સ્ત્રીનો મૂળભૂત સ્વભાવ-પ્રકૃતિ ઈર્ષ્યા, એ ટળી નહોતી. એમનો દીકરો પરણ્યો ને એમના ઘરે વહુ આવી. એ પણ એટલી જ ભક્તિવાળી. પહેલાં ફોઈબાની ભક્તિનાં બધાં બહુ વખાણ કરતાં. અને હવે આ વહુ આવી તો એનાં પણ બધાં વખાણ કરવા માંડ્યાં, એટલે ફોઈબાને એના માટે ઈર્ષ્યા થઈ. ફોઈબાનાં વખાણ નહોતાં કરતાં એવું નહોતું, વખાણ કરતાં જ હતાં, પણ જોડે જોડે પેલી વહુનાં વખાણ પણ કરવા માંડ્યાં એટલે ફોઈને એની ઈર્ષ્યા થઈ.

શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે છેલ્લે મછિયાવ ગામમાં ગયા ત્યારે ફોઈએ ધામધૂમ કરી, સ્વાગત ને સામૈયું કર્યું. બધા સંતો પંગતમાં જમવા બેસી ગયા. મહારાજ ઊભા હતા, તેમણે નજર કરી, તેમની નજરમાં તો બધું હોય જ. મહારાજે ફોઈબાને બોલાવ્યાં ને પૂછ્યું, 'તમારાં વહુ કેમ નથી દેખાતાં ?' એટલે ફોઈબા ચિડાયાં, મહારાજને કહે, 'એનું નામ ના લેશો.' મહારાજ કહે, 'તમે આટલી બધી ધામધૂમ કરી સામૈયું કર્યું ને ઘરમાં વહુ ના હોય તો કેવું લાગે ?' ફોઈબા કહે, 'મહારાજ ! તમે આવવાના હતા એટલે ગઈ કાલે એને એના પિયર કાઢી મૂકી.'

પહેલાંના વખતમાં બે-પાંચ માઈલ નજીકનાં ગામોમાં લગન થતાં. એટલે મહારાજ કહે, 'કોઈ ઘોડેસવારને મોકલો તો લઈ આવે.' ફોઈબા કહે, 'મહારાજ એ વાત નહીં બને. એને બોલાવવી જ નથી.' મહારાજ કહે, 'જુઓ ફોઈબા ! તમારા ઘરનું કોઈ પાત્ર ના હોય અને અમે જમીએ તો

અમને રુચે નહીં, એટલે તમે વહુને બોલાવો, નહીં તો અમે જમીશું નહીં.' ફોઈબા કહે, 'તમે ભગવાન છો, પુરુષોત્તમ નારાયણ છો, મારા પ્રગટ પ્રભુ છો, પણ તમારી આ વાત તો કોઈ સંજોગોમાં માનવાની નથી, મહારાજ !' એમણે મહારાજનું ના માન્યું. કોઈ દિવસ જમવા બેઠેલા સંતોને મહારાજ ઊભા ન કરે, પણ ત્યારે મહારાજ કહે, 'સંતો ઊભા થાવ; ચાલો, આ ઘરમાં આપણાથી અનાજ ના લેવાય.' બધા સંતો-ભક્તો ને મહારાજ જમ્યા નહીં ને નીકળી ગયા !


એ મછિયાવનાં ફોઈબાને ગુણાતીતનો સંબંધ હોત તો ગુણાતીત કહેત કે, 'ફોઈબા ! આખું ગામ નહીં જમાડો ને વહુને એકલીને બોલાવશો તો મહારાજ રાજી થશે.' મહારાજની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની રીત ગુણાતીત તેમને શિખવાડત કે, તમે જો આ વસ્તુનો સ્વીકાર કરી લો ફોઈબા, તો તમારા હૈયામાં રહેલી ઈર્ષ્યા ચાલી જશે અને અનંત જન્મોથી તમે જે સુખ શોધો છો એ હાથવગું થઈ જશે. પણ ફોઈબાને ગુણાતીતનો યોગ નહોતો, ગુણાતીત સાથે સંબંધ નહોતો, તો ઈર્ષ્યા ટળી નહીં, યાદ રાખો ! સ્વયં મહારાજનું વચન ના માન્યું, પણ ત્યારે ગુણાતીતનો સંબંધ હોત તો મહારાજનો અપરંપાર મહિમા કહેત. આપણે આ મંદિરો, આ પૂજા ને આ બધું ભગવાનને રાજી કરવા માટે કરીએ છીએ, તો ભગવાન જેમાં રાજી થાય છે એ પકડીને જીવો, એ પકડીને કામ કરો તો થોડાં વર્ષોમાં તો ગુણાતીતભાવને પામી જવાય. પણ સંતના યોગ વગર એ નથી પકડાતું, નથી મનાતું. મછિયાવનાં ફોઈબાની આ કસર ઈર્ષ્યાને લીધે ના ગઈ.

એવા અલૈયા ખાચર હતા. અલૈયા ખાચરે ૨૦૦૦ માણસોને સત્સંગ કરાવ્યો હતો. મહારાજ સાથે એટલું બધું વિચરણ કરેલું કે, મહારાજ પૂજા પછી બધાને સાકરનો થોડો પ્રસાદ આપતા-એ રોજ થોડો થોડો કરીને બે કોથળા જેટલો સાકરનો પ્રસાદ ખાઈ ગયેલા-એટલું મહારાજ સાથે ફરેલા. ૨૦૦૦ માણસોને સત્સંગ એમ ને એમ થતો હશે ? કેટલો દાખડો કર્યો હશે એ માણસે ? કેટલાં ગુણગાન ને મહિમા ગાયાં હશે ? એ લોકોનો કેટલો ભીડો વેઠ્યો હશે ? ત્યારે એમના થકી મહારાજના ૨૦૦૦ આશ્રિત ભક્તો થયા. અને કેટલું બધું મહારાજ જોડે વિચરણ કર્યું હશે તે બે કોથળા ભરીને પ્રસાદ ખાઈ ગયા. મહારાજનું સાંનિધ્ય કેટલું બધું પ્રાપ્ત કર્યું હશે તો મહારાજ પ્રસન્ન થયા ! મહારાજ રાજી થાય એટલે શું આપણને વાડી, વજીફો, બંગલા, ગાડી આપે અને આપણને ઊંચા આસન ઉપર બેસાડે ? પણ ના, મહારાજ એમની પ્રસન્નતા આપણને હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી પર કરી, આપણને કામ-ક્રોધાદિક દોષ રહિત કરવામાં વાપરે. બાકી બધું છોગામાં મળે છે.

એક પ્રસંગે મહારાજ સાથે અલૈયા ખાચર ને બધા નદીમાં નાહવા ગયા. મહારાજને એમનું માન કાઢવું હતું, માનનું દર્શન કરાવી માનરહિત કરવા હતા. કમર સુધી પાણીમાં નાહવા ગયા પછી મહારાજે એમનું ધોતિયું ખેંચી લીધું, ને મહારાજ પાણીની બહાર કિનારે જતા રહ્યા. પછી મહારાજ કહે, 'ચાલો, બધા બહાર આવો.' હવે પેલા તો દરબાર, એટલે અલૈયો બહાર ના આવે. મહારાજ કહે, 'પાણીની બહાર આવો.' અલૈયો કહે, 'મારું ધોતિયું આપો પછી બહાર આવું.' સ્વામિનારાયણ ભગવાન કહે, 'ના, તમે બહાર આવો તો તમારું ધોતિયું આપું.' અલૈયો કહે, 'ના મહારાજ, નહીં આવું.' એમ બંને વચ્ચે થોડું ચાલ્યું. એટલે અલૈયો પાછો ફરી સામે કિનારે થઈ જતા રહ્યા. સત્સંગમાંથી ગયા એ ગયા, પછી પાછા આવ્યા જ નહીં. તમે વિચાર કરો ! એ સામે કિનારે ગયા તો સામે કિનારે ધોતિયા વગર જ નીકળ્યા હશેને ! ત્યાં એમને કોણે ધોતિયું આપ્યું હશે ? મહારાજ કહે, અમારા વચને એ ખાલી આ બાજુ આવ્યા હોત ને તોય એને ધોતિયું આપી દેત. એને એમ આબરૂ વગરનો ના રાખત. અલૈયા ખાચરને માન હતું, ફઈબાને ઈર્ષ્યા હતી તો મહારાજનું વચન ના મનાયું. જો તે વખતે ગુણાતીતનો યોગ હોત તો એને કહેત કે, મહારાજ તારી લાજ લેવા નથી આવ્યા, અલૈયા તારી લાજ અનંતગણી વધી જશે.

તમે બે-ત્રણ જણ આગળ ખુલ્લા થાવ જ છો. એક ડૉક્ટર પાસે. તમારા શરીરમાં જે રોગ થયો છે એ રોગ કાઢવા માટે તમે ડૉક્ટર પાસે ગયા છો તો ડૉક્ટર પાસે દલીલ નથી કરતા. જે ઉતારાવે એ ઉતારીને એને બતાવો છો. તમારા શરીરમાં રહેલા રોગને મટાડવો છે એટલે ચૅકઅપ કરવા બધું તમારી પાસે ઉતારાવે છે. ડૉક્ટરને તમારા શરીર સાથે કોઈ લેવાદેવા નથી, રોગ

> ભગવાન જેમાં રાજી થાય છે એ પકડીને જીવો,
> એ પકડીને કામ કરો તો
> થોડાં વર્ષોમાં તો
> ગુણાતીતભાવને પામી જવાય.





**ભગવાનમાં સ્થિર રહીને,**
**ભગવાનનું કર્તાહર્તાપણું માનીને,**
**સર્વને નિર્દોષ માનો ને સર્વને મોટા માની,**
**સૌમાં પ્રભુ કરી રહ્યા છે**
**એવું માનીને જીવન જીવે એ દાસત્વભાવ !**

સાથે લેવાદેવા છે. તમે ડૉક્ટર પાસે તમારો દેહ બતાવવા નથી ગયા, પણ ગમેતેમ કરીને તમારો રોગ ટાળવા ગયા છો. એમ, મહારાજ પાસે, સત્પુરુષ પાસે, સંતો પાસે તમે અનંત જન્મોથી જેને લઈને સુખીદુઃખી થાવ છો એનો ઉપચાર કરવા માટે ગયા છો.

કોઈનાથી ખરાબ કામ થઈ ગયું હોય, ખૂન થઈ ગયું હોય અને વકીલ પાસે જાય તો વકીલ કહે, 'જો ખૂન કર્યું હોય તો સાચેસાચું જે હોય તે મને કહી દેજો તો મને ખબર પડે કે તમારો બચાવ કેવી રીતે કરવો.' ઈન્કમટૅક્સવાળા પાસે જાવ તો તમે ક્યાં ક્યાં ભૂલ કરી છે એ કબૂલ કરી લો તો તમને કેવી રીતે પ્રૉટેક્ટ કરવા તે તેમને ખબર પડે. એમ, ગુણાતીત પુરુષ આપણને સમજાવે કે, 'પ્રભુ તમારી આબરૂ લેવા નથી આવ્યા, આબરૂ વધારવા આવ્યા છે.' એટલે પરમહંસોએ ગાયું : 'પોતાના જનની વા'લે લાજ વધારી રાજ, અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર...'

પુરુષોત્તમ નારાયણ ભગવાન પોતાના મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને આવ્યા છે. પોતાના ભક્તોની લાજ વધારવા આવ્યા છે, લાજ લેવા નથી આવ્યા. ગુણાતીત સાથે હેત હોત તો એ હેતે કરીને અલૈયાને પકડીને મહારાજ પાસે લઈ જાત, તો મહારાજ એમને ધોતિયા વગર બહાર નીકળવા ના દેત, તરત ધોતિયું આપી દેત. ગુણાતીત સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ નહોતી તો મછિયાવનાં ફોઈબાના લીધે આજની તારીખે મછિયાવ ગામમાં કોઈ સાધુ કે કોઈ ભગત જતા નથી.

અલૈયા ખાચરનું સમર્પણ સામાન્ય નહોતું, પણ માનને કારણે મહારાજની આજ્ઞા ના પાળી શક્યા. મછિયાવનાં ફોઈબાની નિષ્ઠા જબરજસ્ત હતી, પણ પોતાની ઈર્ષ્યાને કારણે મહારાજનું વચન ના માની શક્યાં. એટલે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની જે શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી તેથી આપણા માટે આવું બધું રમતાંરમતાં છૂટી જાય એવું થઈ ગયું ! આજે કોઈ બહેન ફઈબા જેવી જીદ ના કરે, તરત વહુને બોલાવે. કોઈ પુરુષ ના માને એવું બને નહીં, તરત કટ વળી જાય. સંતોના યોગથી આવું થવા માંડ્યું. એટલે જોવા જઈએ તો આપણો અક્ષરધામનો સમાજ તૈયાર થઈ રહ્યો છે.

ઘણા માણસો એવા આવે કે કોઈ લેવા-દેવા વગર તમારું મગજ ખાઈ જાય. આપણે તો ભગવાનનું કામ લઈને બેઠા છીએ, તેથી જેને મોકલે છે એને ભગવાન મોકલે છે. ભગવાન જુએ છે કે, તમે મારામાં સ્થિર છો કે નહીં ? મારામાં સ્થિર હોવ તો ભલેને એ બોલે ! આપણા મુકામમાં રહીને જે જવાબ આપવો પડે એ આપવાનો, બાકી એ જાણે ને એનો ભગવાન જાણે ! આપણે પ્રભુની પરીક્ષામાંથી પાસ થવું છે. આપણે હઠ, માન, ઈર્ષ્યાના ભાવોથી પર થઈ જઈશું.

યુનિવર્સિટીમાં દીક્ષાંત સમારોહ થાય છે, તેમાં ડૉક્ટરેટની, ઍન્જિનિયરની, એમ.બી.એ.ની, ફાર્મસીની એવી બધી ડિગ્રીઓ આપે છે. તો એ ડિગ્રી કંઈ પ્રૉફેસર આપે છે ? યુનિવર્સિટી આપે છે. દીક્ષાંત સમારંભમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ને ચાન્સેલર કાળો કોટ પહેરીને આવતા હોય છે અને તમને હાથમાં ડિગ્રી આપતા હોય છે. જેઓ તમને ડિગ્રી આપે છે એ તમારી પરીક્ષા લેવા આવે છે ? ના, તેઓ તો જ્યારે તમે ડિગ્રી લેવા જાવ ત્યારે જ તમને મળે, બાકી તો ચાન્સેલર કે વાઈસ ચાન્સેલર વિદ્યાર્થીઓને મળે પણ નહીં. પરીક્ષા લેનાર જુદા હોય, એમ, આપણને ગુણાતીતભાવની ડિગ્રી આપનાર મહારાજ છે, પણ પરીક્ષા લેવા માટે આપણામાંથી નાના કે મોટા કોઈને પણ મોકલે છે. કર્તા-હર્તા મહારાજ છે. આપણા માટે, આપણી પરીક્ષા લેવા માટે કે, આપણે સ્થિર છીએ કે નહીં તે જોવા માટે ભગવાન એમને મોકલે છે, એમનામાં રહીને ભગવાન બોલે છે.

શ્રી કૃષ્ણ પરમાત્માએ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં એક અદ્ભુત શબ્દ આપ્યો 'સ્થિતપ્રજ્ઞ'. સ્થિતપ્રજ્ઞનું તમે વિશ્લેષણ સાંભળો તો એનું કલાકોના કલાકો ભાષણ ચાલે. પણ ગુણાતીતાનંદ સ્વામીએ એક જ વાક્યમાં કહ્યું કે, 'સ્થિતપ્રજ્ઞ અવસ્થા એટલે ભગવાનમાં જે સ્થિર રહે તે સ્થિતપ્રજ્ઞ.' જે ભગવાનમાં સ્થિર રહે એને કોઈ અસ્થિર કરી શકે નહીં, એટલે કે ડિસ્ટર્બ ના કરી શકે, અશાંત ના કરી શકે. ઘણા તો વાતવાતમાં ડિસ્ટર્બ થઈ જાય, વાતવાતમાં ઢીલા પડી જાય. પ્રભુમાં સ્થિર રહો, જે કંઈ થયું છે, થઈ રહ્યું છે, થવાનું છે એ મારા પ્રભુ કરી રહ્યા છે. અને શું થવાનું છે ? સારામાં સારું થવાનું છે, ખ્યાલ આવ્યો ? આપણું ધાર્યું નથી કરવું,

ભગવાનનું ધાર્યું કરવું છે. આપણે અસ્થિર શાથી થઈએ છીએ ? કારણ, આપણે એવું માનીએ છીએ કે, આપણે ભગવાનને ભજીએ, મોટા પુરુષને માનીએ એટલે આપણી વાહ-વાહ થવી જોઈએ, આપણું બધું કામ થઈ જવું જોઈએ, આપણા બધા સંકલ્પ પૂરા થવા જોઈએ. પણ ત્યારે ભગવાનમાં સ્થિર રહીએ. કોઈ એવું કહે કે, 'તમારું બધું અધૂરું કામ છે, તમે ઠેકાણા વગરના છો.' આ વખતે જો તમે ગુસ્સે થયા તો આઉટ. 'તમારા કહેવાથી હું મોટો નથી થઈ જવાનો કે તમારા કહેવાથી હું નાનો નથી થઈ જવાનો. મારા પ્રભુના સંબંધે હું મોટો છું. મને પાડી શકવાની કોઈની તાકાત નથી.' શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે, 'ભય રહિત રહો, એટલે મારામાં સ્થિર રહો.' ભગવાનને આ કહેવું છે.

મહારાજે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ મંદિર કરવા માટે મોકલ્યા હતા, પણ પાણી માફક ના આવ્યું, પેટ મોટું થઈ ગયું એટલે પાછા આવ્યા. કોઈ ત્યાં જવા તૈયાર ના થાય. મહારાજે કહ્યું, 'ગુણાતીત-નિર્ગુણાનંદ સ્વામીને મોકલો.' એટલે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ ગયા. પૈસા નહોતા આપ્યા, ને કહ્યું 'ત્યાં જઈને મંદિર કરો.' અને તમે જુઓ કેવી પરિસ્થિતિ હતી ! પણ એમણે તો મહારાજની આજ્ઞા છે ને ! એમના શિષ્ય તરીકે મારી કામના એક જ કે એમણે કહ્યું એટલે ત્યાં જઈને બેસવાનું ! ત્યાં તો પથરા હતા. હથોડી નહોતી આપી કે હથોડીના પૈસાય નહોતા આપ્યા. પાંચ સાધુઓ ગયા હતા. એવું કહેવાય છે કે ગુણાતીતે પથ્થરથી પથ્થર તોડ્યા. પછી ગુણાતીતની સાધુતા જોઈને બધાએ મદદ કરી અને જોતજોતામાં મંદિર ઊભું થઈ ગયું. એ મંદિરની આજુબાજુ-સોરઠ પ્રદેશમાં તેઓએ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું પ્રવર્તાવ્યું. આખા સત્સંગસમાજમાં સૌને ગુણાતીતે જ મહારાજને સર્વોપરીભાવે ભજતાં કર્યાં. પછી એક દિવસ આચાર્ય મહારાજે ચિઠ્ઠી લખી કે, 'આ કાગળ મળતાં મંદિરનો વહીવટ સોંપી તમે ગામડાં ફરવા નીકળી જજો.' ગુણાતીત એક જ મિનિટમાં પાંચ સાધુઓ સાથે ઝોળી લઈને નીકળી ગયા. અને ગોંડલ જઈને દેહ છોડ્યો. ચાલીસ વર્ષ સુધી જે મંદિરમાં મહંતાઈ કરી ને જે પ્રદેશમાં ભગવાન જેવા ભાવથી પુજાયા એ જગ્યા છોડવાની થઈ તો એમને પાંચ મિનિટ પણ ના લાગી ! અર્થાત્ તમને એ ગળાડૂબ કામમાં લાગે, પણ એ પ્રવૃત્તિ પરાભક્તિરૂપ હતી. ભગવાનને રાજી કરવા માટે એ પ્રવૃત્તિમાં પૂરેપૂરા ભળ્યા હતા, પણ એની પાછળનું એમનું અનુસંધાન મહારાજની પ્રસન્નતા હતી કે, મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય છે એટલે તમારામાં રસ લઉં છું, આ પ્રવૃત્તિ કરું છું. ફુલફ્લૅજ્ડ પ્રવૃત્તિ કરવાની. અને પછી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થઈ એટલે ભગવાને રાજીપા રૂપે કહ્યું કે, 'હવે છોડી દો.' તો છોડી દીધું. આ બતાવ્યું કે, ગુણાતીત નિર્લેપ પુરુષ હતા ! તેઓ નથી મંદિર સાથે બંધાયેલા, કે નથી ચેલા સાથે બંધાયેલા, નથી જગ્યા સાથે બંધાયેલા, નથી ચીજ-વસ્તુ-પદાર્થ સાથે બંધાયેલા. એક સ્થિર છે ભગવાનમાં - સ્થિતપ્રજ્ઞ ! એ આદર્શ ગુણાતીતે બતાવ્યો. અને છતાં દાસત્વભાવ ! હું મહારાજનો સેવક છું. મહારાજ જેમાં રાજી થાય એ જ કરવું એ મારા પ્રભુ તરફની મારી દાસત્વભક્તિ છે. દાસત્વભક્તિ એટલે શું ? ઘણા બધા દંડવત્ કરતા હોય, પગે લાગતા હોય, હા,જી-હા,જી કરતા હોય - એ દાસત્વભાવ છે, પણ ભગવાનમાં સ્થિર રહીને, ભગવાનનું કર્તાહર્તાપણું માનીને, સર્વને નિર્દોષ માનો ને સર્વને મોટા માની, સૌમાં પ્રભુ કરી રહ્યા છે એવું માનીને જીવન જીવે એ દાસત્વભાવ ! ગુણાતીતનો દાસત્વભાવ એવો હતો !

ગુણાતીતે ભગતજીને કહ્યું, 'ભગતજી, માંગો માંગો, આજ માંગો તે દઈએ.' એટલે ભગતજી ગુણાતીતાનંદ સ્વામી સામે જોઈ રહ્યા, ભગતજી મહારાજે કંઈ માગ્યું નહીં. ગુણાતીતાનંદ સ્વામી કહે, 'તને એમ હશે કે, આ સાધુ દાન-દક્ષિણાઓ માગી માગીને, અનાજ-પૈસાની ભિક્ષા માંગીને મંદિરનો વહીવટ ચલાવે છે, પોતે ફાટેલાં કપડાં પહેરે છે. એ મને શું આપશે ? પણ પ્રાગજી, યાદ રાખ, આ સાધુ કહે એમ ભગવાન કરે છે, આ સાધુને ભગવાન વશ છે !' ત્યારે ભગતજી મહારાજે સ્વામીજીને કહ્યું, 'ગુણાતીતાનંદ સ્વામી, તમે ક્યાંના વાસી છો ? ક્યાંના રહેવાસી છો ? શું છો ? તમારું દર્શન કરાવો. તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો. ગુણાતીતભાવને પમાડો.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા, 'પ્રાગજી ભગત, ગુણાતીતભાવને પામવું છે ? તો મરણિયો થઈશ તો પામીશ. બધું

ગુણાતીતભાવને
આ ને આ દેહે પામવા માટે
એવા પ્રગટ ને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની
આપણને આવશ્યકતા છે છે ને છે જ !





> જે ગુરુને વળગ્યા છીએ,
> એ ગુરુની પાછળ જેટલું કરશો તો
> પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં સુખિયા સુખિયા કરી દેશે !
> એવા અદ્‌ભુત સમાજમાં આપણને
> સાધના કરવાનો સંજોગ ઊભો થયો છે,

સંકેલીને અહીં આવી જા.' અને ભગતજી બધું સંકેલીને ગુણાતીત પાસે આવી ગયા.

મરણિયો એટલે શું ? ભગતજી મહારાજ બધા માણસોને નિર્દોષબુદ્ધિથી જોતા. મંદિર બાંધકામ માટે શ્રમયજ્ઞ ચાલે. એક બાજુ ચૂનાની ભઠ્ઠી હોય તેમાંથી ચૂનાની ગૂણો લઈ જવાની. દસ-પંદર ભગતો સાથે ભગતજી મહારાજ પણ એકએક ગૂણ લઈ જઈને નાખી આવવાની સેવામાં લાગ્યા. ભગતજી મહારાજ મંદિરમાં ગુણાતીતના બહુ પ્રિયપાત્ર ગણાય. ભગતજી ગુણાતીતને વહાલા છે, એટલે સ્ટૉરકીપરને એની ઈર્ષ્યા થાય. એટલે ભગતજીનો વારો આવે ત્યારે ભગતજીને બે ગૂણ ચઢાવે. અને ભગતજી દોડતા દોડતા જઈ નાખી આવે. કોઈ કહે, 'પ્રાગજી, આ અમને એક-એક ગૂણ ચઢાવે છે ને તારા પર બે-બે ગૂણ ચઢાવે છે તો એને તું કંઈ કહેતો કેમ નથી ?' ભગતજી મહારાજ પણ જાણતા હતા કે, આ બધા પર એક અને મારા પર બે ગૂણ ચઢાવે છે, પણ ભગતજી 'મરણિયો' એટલે પોતાના મનને મારે એ મરણિયો ! ભગતજીએ કહ્યું, 'જુઓ, તમે એક ગૂણ લઈને એક ધક્કો ખાવ છો અને મને એક ધક્કામાં બે ધક્કાની સેવા મળે છે ! એટલે એનો આભાર માનવો જોઈએ કે, મારી ઉપર ગુણાતીત કેટલા બધા રાજી થશે ! વિચાર કરો !' - આ મરણિયો ! હકારાત્મકભાવ રાખીને જીવે એ મરણિયો ! પોતાનું મનધાર્યું, પોતાની ઇચ્છા પ્રમાણે, પોતાના બાંધેલા કાર્યક્રમો પ્રમાણે કામ ના થાય એટલે બધા ઢીલા થઈ જાય. પણ ના ! મહારાજનો છેવટનો એક જ કાર્યક્રમ છે-મને-તમને-સૌને ગુણાતીત બનાવવા છે. એ કાર્યક્રમ સફળ થાય એમાં જેટલો સાથ આપીએ એટલા મરણિયા થયા કહેવાય ! ભગતજી મહારાજ એવા મરણિયા થયા !

ગુણાતીતાનંદ સ્વામીએ કોઈને કહ્યું, 'ગિરનારને બોલાવી લાવો.' હવે આ વાત બુદ્ધિમાં ઊતરે નહીં. 'સ્વામી તમે ભૂલા પડ્યા લાગો છો. ગિરનાર કોઈ માણસ નથી, પર્વત છે.' એટલે સ્વામીએ ભગતજીને કહ્યું તો તરત ઊભા થઈને બોલાવવા ગયા. 'વચનામૃત' છેલ્લા-૨૬' પ્રમાણે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની ભૂમિકાને દબાવીને વર્તે તે સંત કહેવાય; એ મરણિયો ! પોતાનાં મન, બુદ્ધિ, ચિત્ત, દેહના ભાવ સામે જોયું નહીં, સળગાવી જ દીધા છે. આ પુરુષ કહે એ જ મારું જીવન - એવું ભગતજી જીવ્યા તો ભગતજી મહારાજ ગુણાતીતભાવને પામ્યા. જાગા સ્વામી ગુણાતીતભાવને પામ્યા.

ધન્ય છે શાસ્ત્રીજી મહારાજને કે, એમણે ભગતજી મહારાજ અને જાગા સ્વામી એ બેને ગુરુ બનાવ્યા અને આપણને તેમના મહિમા ઓળખાવ્યા ! શાસ્ત્રીજી મહારાજ ગજબના કહેવાય, આશ્ચર્યકારક લાગે ! ભગવાંધારી સાધુઓને ગુરુ માનવા તકલીફ પડે છે, જ્યારે આ તો ભગવાં કપડાં વગરના અને ભગતજી મહારાજનાં તો ઠેરઠેર અપમાન જ થયાં છે; એવાને ગુરુ માનીને શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની, ગુણાતીતને ઓળખાવવાની અહાલેક જગાડી, તમે વિચાર કરો ! આ માટે શાસ્ત્રીજી મહારાજ મરણિયા થયા. કહ્યું, 'ભગતજીનો સાથ છોડી દો.' ના છોડ્યો તો જુઓ, મોટામાં મોટી સજા-સાધુનાં ભગવાં કપડાં ઉતારી દીધાં અને સફેદ કપડાં પહેરાવ્યાં. શાસ્ત્રીજી મહારાજ કહે, કપડાંની ઐસી-તૈસી. ભરસભામાં કોઈએ પૂછ્યું કે, 'તમારા ગુરુ કોણ ?' ત્યારે છાતી ઠોકીને શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'પ્રાગજી ભક્ત મારા ગુરુ છે.' વિચાર કરો તમે ! ધન્ય છે એમની નિષ્ઠાને, એમની શૂરવીરતાને ! તેઓ ભગતજી મહારાજની આજ્ઞામાં જીવ્યા. ભગતજી કહે, 'ભગવાં ઉતારી દો' તો ઉતારી દીધાં. 'ફરી પાછા જતા રહો' તો કોઈ પણ પ્રકારની દલીલ કર્યા વગર સંસ્થામાં પાછા જતા રહ્યા. શાસ્ત્રીજી મહારાજ શૂરવીર પુરુષ, પણ દાસભાવે વર્ત્યા.

યોગીજી મહારાજ તો દાસત્વનું મૂર્તિમાન સ્વરૂપ, ગુણાતીતભાવનું મૂર્તિમાન સ્વરૂપ હતા. પાંડુરંગદાદા આઠવલેએ કહ્યું, 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના 'ભક્તિયોગ'માં ગુણાતીતભાવની બ્રહ્મસ્વરૂપ અવસ્થાનું વર્ણન છે, એ ભક્તિયોગનું મૂર્તિમાન જીવંત સ્વરૂપ આ યોગીજી મહારાજ છે ! ગુણાતીતભાવનું જીવંત દર્શન છે ! એમનું દર્શન કરશો તો ગુણાતીત-ભાવ શું છે એનું દર્શન થશે.' યોગીજી મહારાજ એવું જીવન જીવ્યા તો એમણે પોતાની સાધુતા દ્વારા પ્રગટતી પ્રભુતાના પ્રભાવથી, પોતાની હાજરીથી, પોતાનાં હેત-પ્રેમથી યુવાનોને બદલ્યા અને આખા વિશ્વમાં અત્યારે અક્ષરપુરુષોત્તમનો ઝંડો ફરકાવ્યો.

એવા શાસ્ત્રીજી મહારાજ-યોગીજી મહારાજને આપણે લાખ લાખ વંદન કરીએ ! તેઓએ આપણને ગુરુ ગુણાતીતની સાચી ઓળખાણ આપી. મછિયાવનાં ફોઈબા, અલૈયા ખાચર કે વિધવિધ પ્રકારના અક્ષરમુક્તોનાં તમે દૃષ્ટાંત જુઓ. એમનાં સમર્પણ, એમની ભક્તિ, એમની નિષ્ઠા જુઓ ! આપણી કલ્પનામાં ના આવે એવા ભક્તો હતા, પણ, ગુણાતીત એવા સત્પુરુષનો સંબંધ નહોતો એટલે ફરી આવવું પડ્યું. એમણે કરેલી સેવા, નિષ્ઠા, ભક્તિ કંઈ એળે જાય નહીં, પણ ગુણાતીતભાવને આ ને આ દેહે પામવા માટે એવા પ્રગટ ને પ્રત્યક્ષ ગુણાતીત સત્પુરુષની આપણને આવશ્યકતા છે છે ને છે જ ! અને એવા ગુરુઓની ભેટ આપણને યોગીજી મહારાજે આપી. યોગીજી મહારાજે પોતે એવું જીવીને દર્શન કરાવ્યું ને આપણને પ્રમુખ સ્વામીજી, મહંત સ્વામીજી, ભક્તિપ્રિય કોઠારી સ્વામીજી, ડૉક્ટર સ્વામીજી, હરિપ્રસાદ સ્વામીજી, પ્રેમસ્વરૂપ સ્વામીજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી ને આ સંતોની ભેટ આપી. તમે જુઓ તો તેઓ બાપા પાસે એવું જીવ્યા! તે વખતે જે આજ્ઞા પાળવાની કહી એ આજ્ઞા પાળી અને આજ્ઞા પાળવામાં મદદરૂપ ના થયા એ કોઈના વિશે ભાવફેરમાં પડ્યા વગર નિર્દોષભાવેયુક્ત જીવન જીવ્યા.

નિર્દોષભાવ-નિર્દોષબુદ્ધિ એ બહુ મોટી સેવા છે. એટલે ગુણાતીત 'વાત'માં બોલ્યા કે, 'સેવા થાય એટલી કરો, પણ અસેવા તો કરશો જ નહીં. કોઈની નિંદા કરશો નહીં.' એમાં વળી, અકબર-બીરબલનું દૃષ્ટાંત આપી ગુણાતીતે કહ્યું કે, 'પોતાની દાઢી ઓલવી લેવી' એટલે કે, પોતાનું કલ્યાણ કરી લેવું. 'ગુણાતીત જ્ઞાનના નવનીત'માં એટલે કહ્યું કે, 'પોતાનું કરી લેવું, બીજાનું જોવું નહીં.' એનો અર્થ કે, પોતાનું કલ્યાણ કરવું. પોતાનું જેમ કલ્યાણ થતું હોય એમ વર્તવું, પોતાના ઈષ્ટદેવ, પોતાના ગુરુ જેમ રાજી થતા હોય તેમ વર્તવું એ પોતાનું કરી લીધું કહેવાય. આ જે વાતો ગુણાતીતાનંદ સ્વામીએ લખી એ યોગીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજે પ્રવર્તાવેલ ઉપાસના દ્વારા અત્યારે આપણા જીવનમાં-આપણા વર્તનમાં આવી.

> કથા-વાર્તા,
> ધૂન-ભજન-પ્રાર્થના
> અને માહાત્મ્યયુક્ત સેવા;
> આ ત્રણ કર્યા કરીએ.

બાપાએ કહ્યું, 'ભગવાનને રહેવાનું ધામ ગુણાતીત છે. મને-તમને-સર્વને ગુણાતીત બનાવવા છે.' તો જે કંઈ થયું છે, થઈ રહ્યું છે ને થવાનું છે એ ગુણાતીતભાવને પમાડવા માટે છે. તો જે ગુરુને વળગ્યા છીએ, એ ગુરુની પાછળ જેટલું કરશો તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં સુખિયા સુખિયા કરી દેશે ! એવા અદ્ભુત સમાજમાં આપણને સાધના કરવાનો સંજોગ ઊભો થયો છે, તો આપણા જેટલા ભાગ્યશાળી ને નસીબદાર કોઈ નથી.

ગુણાતીતના પ્રાગટ્ય દિવસે એટલો સંકલ્પ કરીએ. જાગ્રતતા રાખીએ અને આ રીતે એમને રાજી કરવાનો ભાવ હંમેશાં રહે એટલા માટે કથા-વાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના અને માહાત્મ્યયુક્ત સેવા; આ ત્રણ કર્યા કરીએ. કથા-વાર્તા-ધૂન ને મન-વચને નિર્દોષભાવ રાખવાનો, ગુણગાન ને મહિમા ગાવાં-સાંભળવાનાં. દેહે કરીને, ધને કરીને સેવા કર્યા જ કરો. એમાં કોઈ બાંધછોડ ના કરો. જે કોઈ ફ્રી હોય એ અહીં મંદિરમાં આવીને સેવા કરી શકે છે. તેમાં કોઈ ના પાડે છે ? સમૈયા-ઉત્સવ એટલે ઉજવાય છે કે, મારી-તમારી સ્કિલ ભગવાનની સેવામાં વપરાય, તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં ઈર્ષ્યા, માન આ બધા ભાવો નીકળી જશે ને સુખી સુખી થઈ જઈશું.

ગુણાતીતભાવને પામવાની આવી અદ્ભુત તક આ જન્મમાં ભગવાને આપણને આપી છે, તો ગુણાતીતભાવને પામી જ જવું છે. મહારાજે કૃપા કરીને આપની (ગુરુ ગુણાતીતની) ઓળખાણ કરાવી ને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, ગુરુદેવ યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા એ ભાવને પામવાનો માર્ગ ચોખ્ખો ને સ્પષ્ટ કરીને એવા ગુણાતીતભાવને પામેલા મહંત સ્વામી, ભક્તિપ્રિય સ્વામી, હરિપ્રસાદ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, ગુરુજી, અશ્વિનભાઈ, શાંતિભાઈ જેવા સંતોનાં સાંનિધ્યમાં રાખીને સાધના કરાવી રહ્યા છે. તો આપણે સંપ-સુહૃદભાવ-એકતા રાખી, હળીમળી-એકમના થઈને, મરણિયા થઈને આપની પ્રસન્નતાના પાત્ર બનીએ એવી દેશ-પરદેશમાં વસતા સર્વ મુક્તો પર કૃપા વરસાવજો એ જ ગુણાતીતના પ્રાગટ્યપર્વની પ્રાર્થનાઓ !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆






# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## પપ્પાજી પરમ પુરુષ !

આ બ્રહ્માંડે તેઓ પધાર્યા
અનંતને આતમ દર્શન કરાવવા
જે પૂર્વનાં સંબંધી ચૈતન્યો
તે સર્વને પૂર્ણ પ્રતિ દોરવા
આત્મશુદ્ધિ કરી પ્રભુ પધરાવવા.
યોગીજી મહારાજ રૂપે
પ્રભુના પ્રગટ સ્વરૂપના વચને
ધીરજ ધરી પ્રભુનું કાર્ય કર્યું
પ્રભુનું કાર્ય તે પોતાનું માન્યું
પ્રભુનું ગમતું તે પોતાનું
પ્રભુરૂપ બનીને જીવ્યા
યોગીસ્વરૂપ થઈને રહ્યા
યોગીનાં જે સૌ તે મારાં
તે ભાવથી ભક્તિ કરતા જ રહ્યા.
આજે તેઓની સ્મૃતિ અને તેઓનો ઉપદેશ
જીવનમાં ચેતના જગાડે જોમ પૂરે
ધ્યેયની સ્પષ્ટતા સાથે સાધનાપથ ઉજ્જવલે

હે દયાળુ સ્વામી !
આજે પરમ પૂજ્ય પપ્પાજીના
પ્રાગટ્ય પુનિત મંગલે
તેઓ જે સત્યો જીવ્યા ને બોધ્યાં...
'સંબંધવાળામાં મહારાજ જુઓ'
'સંબંધે સેવા કરી લો'
'પ્રત્યક્ષને રાજી કરી પરમને પામી લો'
'સર્વમાં પ્રગટને જુઓ...
નિર્દોષભાવ દૃઢ કરો'
આ જ્ઞાનને પ્રતિપળ જીવવા બળ દો !
તે અનુસંધાન જીવંત રાખવા બળ દો !
સર્વત્ર સર્વમાં પ્રભુ પ્રત્યક્ષનાં દર્શન કરવા
સૌની સંબંધના ભાવે સેવા કરી લેવા
સમજ, શક્તિ ને ભક્તિ દો ! ◆

સાધુ રાજાદાસના જય સ્વામિનારાયણ.
૫-૯-૨૦૧૩, બ્રહ્મજ્યોતિ, ભારત.





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વે આશીર્દાન
૧૬ ઑક્ટોબર ૨૦૨૪, શરદપૂનમ, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**૨૪૦ વર્ષ** પહેલાં ભાદરામાં પ્રગટેલા મૂળજી શર્મા દીક્ષા લીધા પછી ગુણાતીતાનંદ સ્વામી, ભાદરાવાળા નિર્ગુણાનંદ સ્વામી અને ત્રણ ગુણ – તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણના ભાવથી ઉપર ઊઠીને આત્મારૂપે વર્તી પરમાત્માની ભક્તિ કરતા આદર્શ સાધુચરિત જીવનનું દૃષ્ટાંત તેઓએ પોતાના જીવનવર્તન દ્વારા આપણને સર્વને દીવાદાંડી સ્વરૂપે, આદર્શ તરીકે આપ્યું. વર્તમાનકાળે ભગવાનના પરમતત્ત્વને ધારક ગુરુહરિ પરમ પૂજ્ય સાહેબદાદા એવા ગુણાતીત સત્પુરુષ છે કે, જેઓ તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણના ભાવથી ઉપર ઊઠીને કેવળ અને કેવળ ગુરુના અને પ્રભુના સંબંધવાળા ભક્તોની માહાત્મ્યયુક્ત સેવા કરી રહ્યા છે.

'સાધુ થાવું અને સાધુતા શીખવી' એ ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ હતો. 'સાધુ' એટલે માત્ર સંન્યાસી નહીં, માત્ર ભિક્ષાર્થી નહીં, માત્ર ભગવાં વસ્ત્રધારી નહીં; પણ હૃદયની ભાવનાઓ જેમની સાધુતાના રંગે રંગાયેલી હોય એવા ભગવા હૃદયના સાધુ કરવાનો બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ૧૯૬૬માં એક અદ્‌ભુત સંકલ્પ કર્યો અને એમણે ગુરુહરિ સાહેબદાદાને એના માટેના આદર્શ પાત્ર તરીકે પસંદ કર્યા. યોગીબાપાના સમયમાં એવા હજારો યુવાનો હતા, એમાંથી અનેક યુવાનો ભાગવતી દીક્ષા લઈને યોગીની સેનામાં જોડાયા. એ સમય એવો હતો કે, જ્યારે યોગીબાપા બધાને સંન્યાસની દીક્ષા આપવાનો આગ્રહ રાખતા. અને યોગીબાપા તો એમ કહેતા કે, 'રાજાનો એકનો એક કુંવર હોય, પણ જો હું ધારું તો એને મૂંડી નાખું.' 'મૂંડી' નાખું એટલે ? એને શિષ્ય બનાવું અને દીક્ષા આપીને સાધુ બનાવું. આવી જેમનામાં શક્તિ, સામર્થી, ઐશ્વર્ય, પ્રતાપ હોવા છતાં જે દાસ થઈને વર્તે છે તે ગુણાતીત છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ગુરુહરિ સાહેબદાદાને એમ કહ્યું કે, 'ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ૨૦૦ નાના નાના કિશોરોને બ્રહ્મવિદ્યાના પાઠ ભણાવેલા, એમાંના ૮૦ બ્રહ્મવિદ્યાર્થીઓના તમે નેતા છો.' બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ગુરુહરિ સાહેબદાદાનો મહિમા સ્થાપિત કરીને એમ પણ કહ્યું કે, 'તમે તો અમારા ભાગીદાર છો.' એટલે આ બ્રહ્મ અને પરબ્રહ્મની ઉપાસનાનો જે સિદ્ધાંત છે, એના માટે ગુરુહરિ સાહેબદાદાએ એમ કહ્યું કે, 'શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો જે સિદ્ધાંત આપ્યો છે એને જીવંત રાખવો, વહેતો રાખવો એ અમારા જીવનનો એકમાત્ર ઉદ્દેશ છે.' અને એવા ઉદ્દેશથી જીવી રહેલા વર્તમાનકાળના તેઓ ગુણાતીત સાધુ છે, વર્તમાનમાં આપણા ગુણાતીતાનંદ છે ! એનો અર્થ એવો નથી કે, ૨૪૦ વર્ષ પહેલાં થઈ ગયા એ ગુણાતીતને આપણે ભૂલી જવાના છે. તેઓ તો આપણા ઈષ્ટદેવ સ્વરૂપ છે, જેને આપણે ધામ-ધામી ને મુક્ત સ્વરૂપે મંદિરના મધ્યખંડમાં પધરાવ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે 'વચનામૃત' પ્રથમ ૭૧માં એમ કહ્યું કે, 'પૂર્વે જે ભગવાનના અવતાર થઈ ગયા અને એમના સમયમાં જે ભક્તો થઈ ગયા એમનું આપણે જેવું માહાત્મ્ય સમજીએ છીએ. એવું જ માહાત્મ્ય વર્તમાનકાળે ભગવાનના ભાવને જેઓ ધારણ કરીને જીવી રહ્યા છે તેવા પ્રગટ સત્પુરુષ અને તેમના સંબંધવાળા સંતો-ભક્તોનું સમજવું.' પરંતુ, આપણને દેહ, પ્રકૃતિ ને સ્વભાવ દેખાય છે. કારણ કે આપણે પોતે જ દેહના એવા ભાવમાં જીવતા હોઈએ છીએ. જ્યારે ગુરુહરિ સાહેબદાદાને ગુણાતીત એટલા માટે કહી શકીએ છીએ કે,

તેઓ દેહના ભાવથી ઉપર ઊઠી ગયા છે, બ્રહ્મના ભાવથી જીવે છે. એટલે આછા-પાતળા સંબંધવાળાને પણ બ્રહ્મની મૂર્તિ માનીને એની સાથે સઘળો વ્યવહાર કરે છે; એ એમની ગુણાતીત સ્થિતિનું પ્રમાણ છે. આપણી ને એમની વચ્ચે બસ આટલો જ ભેદ છે. ગુરુહરિ સાહેબદાદાના વિચરણના કાર્યક્રમ જોઈએ તો અવિરત, થાક્યા વગર, દિવસ-રાત જોયા વગર પોતાના દેહના ભાવથી ઉપર ઊઠી જઈને બ્રહ્મભાવથી આછા-પાતળા સંબંધવાળાને પણ બ્રહ્મરૂપ થવાના માર્ગે મૂકવા માટે તેઓ પોતે જે ભક્તિ અદા કરી રહ્યા છે, ભીડો વેઠી રહ્યા છે એ એમની ગુણાતીત સ્થિતિનું દર્શન છે ! 'સંપ, સુહૃદભાવ, એકતા રાખી, કોઈનાય દોષ-ત્રુટિ જોયા વગર, સૌની સાથે સુમેળતા ને સુસંવાદિતાથી નિર્દોષબુદ્ધિ રાખીને માહાત્મ્યયુક્ત સેવા કરી લેવી.' એ ગુરુહરિ સાહેબદાદાએ અમને સર્વ સંતોને આપેલી શિખામણ છે.

જે જે ગુણાતીત પરંપરાનાં સ્વરૂપોની આપણે પૂજા કરીએ છીએ એ દરેકના સમયમાં એકએક વિશિષ્ટ કાર્ય હતું. ભગતજી મહારાજે સિદ્ધાંત સમજાવ્યો કે, 'ભગવાન સીધા મળવા બહુ અઘરા છે, એના માટે ભગવાનને જેમણે ધાર્યા છે એવા ગુણાતીત સંત સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરો.' જાગા સ્વામીએ 'ભગવાનના ભક્તનો ગુણ લેવો, અવગુણ તો કોઈ દિવસ ના લેવો' એ આધ્યાત્મિક સિદ્ધાંત સમજાવ્યો. અને કૃષ્ણજી અદાએ 'હંમેશાં દાસ, સેવક અને નાના થઈને, અહંકારશૂન્ય થઈને જીવવું તો ભગવાન અખંડ રહેતા થાય' એ આદર્શ આપ્યો. શાસ્ત્રીજી મહારાજે બહુ મોટી ઉંમરે વડતાલ મંદિરમાંથી ઉપાસનાનો સિદ્ધાંત પ્રવર્તાવવા માટેપ્રસ્થાન કર્યું ને અક્ષર અને પુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરો રચવામાં પોતાનું જીવન ખર્ચી કાઢ્યું. આ બધા ગુણાતીતનો ગુણવારસો ધારણ કરીને રહ્યા.

યોગીજી મહારાજે શિક્ષિત યુવાનોને દીક્ષા આપીને સત્સંગની પરંપરા તો ચાલુ જ રાખી, પણ યોગીજી મહારાજનું મહત્ કાર્ય હતું ભગવાનના સંબંધવાળા ભક્તોનું માહાત્મ્ય સમજવું. ભગવાન તો છે જ, પણ ભગવાનના સંબંધવાળા જે ભક્તો છે, સંતો છે એમનું મહત્ત્વ ને માહાત્મ્ય સમજવું. ગુણાતીત ગરીબાઈથી પોતે જીવીને ભગવાનના ભક્તોનું માહાત્મ્ય સમજવાની તેઓએ વાત કરી. 'હૃદય ભગવું કરવાની' વાત પણ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે નવી શરૂ કરી. એની સાથે સાથે મહિલામંડળને સ્વતંત્ર રીતે ભગવાન ભજવાની વ્યવસ્થા થાય એ માટે કાકાજી અને પપ્પાજીને અનુમોદન આપીને એમના દ્વારા ભાગવતી દીક્ષાવાળી બહેનોની અદ્ભુત સંસ્થા પણ સાકાર થઈ. યોગીજી મહારાજ દ્વારા આ એક ભગવા હૃદયના સાધુઓની સેના સાકાર થઈ અને બીજું ભગવાં વસ્ત્ર પહેરેલાં બહેનોની સાધુસેના પણ તૈયાર થઈ. આપણે સૌ જાણીએ છીએ તેમ 'ગુણાતીત જ્યોત'થી એની શરૂઆત થઈ. અત્યારે તો આપણા ગુણાતીત સમાજનાં તમામ કેન્દ્રોમાં એવી ભગવાન ભજવાની ઇચ્છાવાળાં બહેનો માટે સ્વતંત્ર અને સન્માનપૂર્વકની વ્યવસ્થા છે અને સમાજે પણ હવે એનો સ્વીકાર કર્યો છે. અને ભગવાં વસ્ત્ર પહેર્યા વગરના સંતોને દેશ અને વિદેશમાં જે માન્યતા મળી છે એ કેવળ અને કેવળ ગુરુહરિ સાહેબદાદાની તપશ્ચર્યાનું પરિણામ છે !

યોગીજી મહારાજે કોનાં કોનાં કેવાં જીવનપરિવર્તન કર્યાં એ વાતની વર્તમાનકાળે સ્મૃતિ કરીએ એ ગુણાતીતભાવ છે. અને એનાથી આગળ વધીને એવા ગુણાતીતભાવને પામેલા ગુરુહરિ સાહેબદાદાએ વર્તમાનકાળે છેલ્લાં ૫૦ વર્ષમાં કેવા કેવા અઠંગ લોકોનાં જીવનપરિવર્તન કર્યાં છે એનાં જીવંત દૃષ્ટાંતો આપણે આપણી નજર સામે જોયાં છે. એ સ્મૃતિ સહિત જ્યારે આપણે અનાદિ ગુરુ ગુણાતીતનો જન્મદિવસ ઊજવીએ ત્યારે ખરેખરી જન્મદિવસની ઉજવણી થઈ કહેવાય.

ગુણાતીતાનંદ સ્વામીની વાત યાદ આવે છે કે, 'જોવા જેવા તો બે જ છે, એક ભગવાન છે અને બીજા ભગવાનના સાધુ.' અને 'ભગવાન ને ભગવાનના ભક્તોનાં ગુણગાન ગાવાં ને સાંભળવાં તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય.' ભગવાન ને ભગવાનના ભક્તોના ગુણ ગાવાનો અને સાંભળવાનો મોકો મળે તો ચૂકવો નહીં; એ બ્રહ્મરૂપ થવાનો ઉત્તમ માર્ગ છે. એટલે સાહેબદાદાની ત્રણ વાતને આપણે વારંવાર આપણાં મંડળોમાં પણ દોહરાવીએ છીએ કે, નિયમિત રીતે અઠવાડિક સત્સંગસભા કરવી. પોતાના સ્વઉત્થાન માટે નિયમિત રીતે અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રનો જપયજ્ઞ કરવો. અને સંપ, સુહૃદભાવ ને એકતા રાખવી. મંડળોમાં સાહેબદાદા આ જ આજ્ઞા કરે છે કારણ કે, જુદા જુદા સ્વભાવ-પ્રકૃતિવાળા બધા ભક્તો ભેગા થઈને અઠવાડિયે એક વખત આપણે સત્સંગ કરીએ છીએ અને વરસમાં બે-પાંચ-પંદર તહેવારો ઊજવીએ છીએ ત્યારે જ આપણાં સ્વભાવ-પ્રકૃતિનું રૂપાંતરણ થાય છે અને એકબીજાની સાથે અનુકૂળ-અનુરૂપ થઈને સુહૃદભાવનો સિદ્ધાંત – 'સંપ, સુહૃદભાવ અને એકતા – સાહેબદાદાની પ્રસન્નતા !' પ્રમાણે જીવી, સૌની સાથે હળીમળીને, નિર્દોષબુદ્ધિયુક્ત, માહાત્મ્યયુક્ત સેવા થાય છે.

બુરાનપુર મંદિરના એક વડીલ સંત હતા, એમણે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું કે, 'તમારે બુરાનપુર સત્સંગ કરાવવા જવાનું છે.' એટલે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'હું નદીએ નહાવા ગયો હતો ને મારો પગ લપસ્યો ને પથ્થરમાં ભરાયો એટલે પગે મચકોડ છે એટલે મારાથી ચાલી શકાતું નથી.' પેલા વ્યવસ્થાપક વડીલ સાધુએ જઈને મહારાજને

ફરિયાદ કરી. મહારાજ કહે, 'જે આજ્ઞા ના પાળે એ વિમુખ. અને એમની સાથે જે કોઈ બોલશે-ચાલશે કે કંઈ વસ્તુ આપશે-લેશે એને ઉપવાસ કરવાનો.' મહારાજે પણ મનુષ્યચરિત્ર ગ્રહણ કર્યું અને ૨૦૦ વર્ષ પહેલાં તે વખતની ધર્મવ્યવસ્થા, સંપ્રદાયની વ્યવસ્થા, સમાજવ્યવસ્થાને અનુરૂપ અને અનુકૂળ જે કંઈ પણ સત્સંગ ચાલતો એ પ્રમાણે મહારાજે એમને વિમુખ કર્યા. પણ, 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ'-હું ભલો ને મારા ભગવાન ભલા. ગુણાતીતાનંદ સ્વામી તો એમની મસ્તીમાં જ રહ્યા, એ ગુણાતીત અવસ્થા !

અને ત્રીજી વાત હું મારા અનુભવથી કહું કે, ગુરુહરિ સાહેબદાદાની નિશ્રાથી દૂર, આશ્રમથી દૂર, અજાણ્યા પ્રદેશોમાં ધર્મપ્રવાસ કરવા માટે જવાનું થાય ત્યારે મારું અનુસંધાન ભગવાન સાથે અને ગુરુ સાથે કેટલું રહે છે એની કસોટીનો પણ એ કાળ હોય છે. લંડન, અમેરિકા વિચરણ કરતા સંતોને જલસા નથી, પણ એમને કેટલું અનુસંધાન પોતાના પ્રભુનું અને પોતાના ગુરુનું રહે છે એ વાત ગુણાતીતે શીખવાડી.

પછી થયું એવું કે, મહામારીમાં મંદિરના ૩૦૦-૪૦૦ સંતોને ઉંટાટિયું-ઝાડા-ઊલટીનો રોગ લાગુ પડ્યો. ઘણા બધા સંતો બીમાર પડ્યા તેથી કોણ કોની સેવા કરે એવી સ્થિતિ થઈ ગઈ. એટલે મહારાજે કોઈને મોકલીને ગુણાતીતાનંદ સ્વામીને બોલાવ્યા ને કહ્યું, 'આ બધા સાધુઓ બીમાર પડ્યા છે તો તમે માંદા સાધુઓની સેવા કરો.' એટલે ગુણાતીતાનંદ સ્વામી માંદા સાધુઓની સેવા કરવામાં લાગી જાય છે. એક દિવસનો ઉપવાસ પડે એમાંથી બચવા માટે 'જય સ્વામિનારાયણ' કહેવા માટે પણ આવતા નહોતા એમની નિર્દોષબુદ્ધિ રાખીને માહાત્મ્યયુક્ત સેવા કરી. આ સમજજો. હું અમારી સાધુસેનાને આ વાત કરી રહ્યો છું અને આપણે સૌએ પણ સમજવા જેવું છે. આપણાં કુટુંબ-પરિવારના સ્વજન અને આપણા સત્સંગમાં કોઈની પણ બીમારીની કે કોઈ પણ પ્રકારની સેવા કરવાની થાય તો નિર્દોષબુદ્ધિ એ પહેલી કલમ છે.

ગુણાતીતનો પ્રાગટ્યદિન ઊજવવો એટલે એમણે નિર્દોષબુદ્ધિનો જે સિદ્ધાંત સમજાવ્યો, શિખવાડ્યો, જીવનમાં આચર્યો તેમ આપણે જીવવાનું છે. અને બીજું માહાત્મ્ય ! જેમણે મહારાજને અર્થે મુંડાવ્યું છે એવા સાધુઓની સેવા મારા ભાગે આવી ! મને સાજો રાખ્યો તો આ માંદા સાધુઓની સેવા કરવાનો મોકો મને મળ્યો-આ માહાત્મ્ય ! અને માંદા સાધુઓની ગોદડીઓ તો તેમણે ધોઈ, સાથે સાજા સાધુઓની ગોદડીઓ પણ માહાત્મ્યયુક્ત નિર્દોષબુદ્ધિથી ધોઈ. આ નિર્દોષબુદ્ધિની પરાકાષ્ઠા, માહાત્મ્યની પરાકાષ્ઠા !

જેમના સંતો આવા હોય, જેમના ભક્તો આવા હોય તો એ ગુરુ કેવા હશે ! એમના મહિમાની વાતો, રાતે જાગીને સાંભળીએ તોય પણ ઓછી પડે એવી એમની ગુણાતીત સ્થિતિ છે. એમના પેંગડામાં આપણાથી પગ મૂકી શકાય નહીં. આપણે આપણી ટૂંકી બુદ્ધિથી, આપણી પોતાના દેહભાવ સહિતની ભક્તિથી સામા ભક્તને માપવાનો પ્રયત્ન કરીએ તો તો ગુણાતીતની વાત સુધી પહોંચી શકાય નહીં.

સાધુતા એક આદર્શ છે અને એ આદર્શની શિરમોર ધજા જે છે તે દાસત્વભાવની છે. ગુણાતીતાનંદ સ્વામીનો એ દાસત્વભાવ ભગતજી મહારાજ, જાગા સ્વામી, કૃષ્ણજી અદા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે જીવંત રાખ્યો. અને એ વારસો ગુરુહરિ સાહેબદાદાએ ઝીલ્યો છે. વર્તમાનકાળે તેઓ આવી ગુણાતીત સ્થિતિમાં જીવી રહ્યા છે. જેઓ આવા ગુણગ્રાહક ભાવથી એમનાં દર્શન કરે છે એમને એ ગુણાતીત સ્થિતિનાં અવશ્ય દર્શન થાય છે. એવા સંતો અને ભક્તો વર્તમાનકાળે પણ આપણી વચ્ચે છે, જેઓ આવા ગુણાતીત સત્પુરુષને સેવીને, નિર્દોષબુદ્ધિ રાખીને આત્મબુદ્ધિ ને પ્રીતિ વધારી રહ્યા છે. દિન-પ્રતિદિન એવા ભક્તોનું પ્રેમભાવથી આપણે માહાત્મ્ય સમજીએ અને ગુણ લઈએ એ ગુરુહરિ સાહેબદાદાના સત્સંગનો પાયો છે.

સાહેબદાદા ધર્મની વ્યાખ્યા કરે છે, 'માણસને માણસ થઈને જીવતા શિખવાડે તે ધર્મ છે.' સાચો ધર્મ આ છે. પશુમાંથી આપણે માણસ બન્યા, તો માણસ થઈને માણસાઈના ગુણોને દીપાવીએ. દેવતાઈના ગુણોને વધારીએ, વિસ્તારીએ અને જેઓ દેવતાઈ ગુણોથી સભરસભર ગુણાતીતભાવમાં જીવે છે તેમનો મહિમા સમજીએ, એમનું શરણું સ્વીકારીએ, એમના વચનમાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખીએ, હર પળ એમને સંભારતા રહીએ. અમને સંતોને સાહેબદાદા એમ કહે છે કે, 'ભગવાનને ઉપાયભૂત કરતાં શીખી જવું.' એટલે ભગવાનને સંભારતાં શીખી જાવ, ભગવાનનો આધાર લેતા શીખી જાવ, ભગવાનના ભરોસે જીવતાં શીખી જાવ.

એવા ગુણાતીત સંતનો આજે પ્રાગટ્યદિન છે. એ સંતપરંપરા હંમેશાં ચાલુ રહેશે એવા મહારાજના આશીર્વાદ છે. તો મહારાજના વચનને આપણે માનીએ કે, વર્તમાનકાળે આપણને એ જ ગુણાતીતનું પરમતત્ત્વ, બ્રહ્મનું પરમતત્ત્વ, પરબ્રહ્મને ધારીને રહેલા એવા મારા પ્રગટ ગુરુહરિ મારા જીવનકાળ દરમિયાન મને પ્રાપ્ત થયા છે એ મારા જીવનની ધન્યતા છે અને એનો જ મને આનંદ છે ! સર્વે સંતો અને ભક્તોને ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યદિન નિમિત્તે ગુરુહરિ સાહેબદાદાની મૂર્તિની સ્મૃતિ સાથે હૃદયનાં ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# Ambassador of Love

~ Saheli Sheth (Peoria, USA)

*"Speak to your children as if they are the wisest, kindest, most beautiful and magical humans on earth, for what they believe is what they will become."* When we feel love and awe for our kids, we connect with them more deeply. This applies whether your child is a toddler, a teenager, or an adult — all human beings need love, connection, and people who believe in them.

Operating from a place of love is so important. However, when stressed, many of us naturally do the opposite: react out of fear. This fear can look like:

*"What if my kid ends up with the wrong company or friends?"*

*"How do I keep them safe with technology, where everything is accessible at their fingertips?"*

*"What if I don't parent them perfectly?"*

Anxieties and worries are natural, and they only mean you care. But when we're not our best as caregivers, it's often due to fear. Even when we feel anger toward our kids, could it stem from an underlying fear? For example :

- Yelling "Watch out!" when they cross the street, because we're afraid they'll get hurt.
- Arguing over the person they are dating, because we're worried they won't be happy in the future.
- Telling them to stop crying, because we fear we have not made them happy or can't make them feel better.
- Disagreeing with their views on politics or life, because we fear they'll make choices that clash with our values.

When we let fear guide our parenting, it becomes hard to raise our children according to our true values. So how can we shift to a love-based approach?

***1. Reconnect with love:*** Keep baby pictures of your kid in a place that you can easily see, and remind yourself that God created your beautiful child.

***2. Take time for yourself:*** Taking care of yourself is a necessity, not a luxury. Connect with people who love you. Go for walks; be mesmerized by how the tree branches dance in the wind and how the fresh air feels against your skin. When I don't take time to nourish myself, I'm more likely to react negatively. Treat yourself with the same compassion you would offer a friend, and you'll feel more at peace.

***3. Connect with a guru:*** The strongest influence often comes from beyond our own efforts; it comes from our guru's blessings. I love sharing this example: My parents often worried about my sister and me in college, until Sadguru Sant PP Shantidada reassured them, "Your daughters are my responsibility now – just give them love." This shifted their fear into faith, allowing them to just focus on loving us. Such is the power of a guru in our lives!

| From a place of FEAR | | To a place of LOVE |
|---|---|---|
| "Why were you out so late at night?!" (Fear that our child won't be safe) | → | "You are so precious to me. I trust you, but I worry about others who are out at this time. Come back on time because I love you and want you to be safe." |
| "You need to keep your grades up!" (Fear that our child won't succeed or will struggle in the future) | → | "I love you and see that you're trying. How can I help? I know you don't like this subject, and I didn't like it either. Let's figure this out together..." |
| Enter your own fear here | → | Enter how this fear can be reworded to come from a place of love |

A mentor once gave me a great piece of advice: "After correcting my kids, I say, 'I love you.' It reminds them that even if I didn't like their actions, my love for them doesn't change."

Love breaks down walls and leads to connection. By shifting our words from fear-based to love-based, we can deepen our bond with our children. This, in turn, empowers them to share that love with others – to become powerful ambassadors of love for everyone around them. ◆

# હૃદયસ્પર્શી શબ્દોનો દિવ્ય પ્રભાવ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

કોઈ ચિત્રમાં આપણને જો ખામી દેખાય તો, આપણે તેને ચિત્રકારની ભૂલ કહીએ છીએ. *તેવી જ રીતે, આપણને ભગવાનનાં સર્જનમાં જો કોઈ ખામી દેખાય, તો જાણતાં-અજાણતાં આપણે તેના સર્જકમાં-ભગવાનમાં દોષ જોઈએ છીએ.* સંતભગવંત સાહેબજીને તો દરેક ચિત્રમાં, ભગવાનના પ્રત્યેક સર્જનમાં સુંદરતા જ દેખાય છે; જેનો મેં પોતે અનુભવ કર્યો છે.

મારી પાસે બેઠેલા સ્વજન સાથે વાત કરતાં કરતાં સાહેબદાદાએ મારા તરફ આંગળી ચીંધીને જણાવ્યું, 'આની આંખો જુઓ, એની આંખો કેટલી પ્રેમાળ છે! તેના અંતરમાં અપાર સ્નેહ રહેલો છે !' પ્રેમાળ અને હું ? હું આશ્ચર્યચકિત થઈ ગઈ ! મારા શરમાળ સ્વભાવને કારણે મારા માટે હું કદી આવો શબ્દપ્રયોગ વિચારી પણ ના શકું. તેમ છતાં, તેઓએ મારામાં એ ગુણ જોયો અને તેથી હું તેવી બની શકી ! એક વર્ષ પછી, મારા જન્મદિવસ પર, જ્યારે મારા મિત્રોએ મને શુભેચ્છાઓ પાઠવી અને નિ:સ્વાર્થ પ્રેમ દાખવવો એ મારી સૌથી મોટી વિશેષતા છે તેમ જણાવ્યું, ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું. બીજાના શુભ ગુણો જોવાથી પ્રગટતી આ એક શક્તિ છે. જો સાહેબદાદાએ 'હું પ્રેમાળ' છું એવું કહ્યું ના હોત તો મને ભગવાને આપેલી એવી શક્તિને સ્વીકારીને મારી આસપાસના લોકોને સ્નેહ આપવાની ક્ષમતા મારામાં ક્યારેય વિકસી ના હોત.

સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાએ પણ હંમેશાં સૌ ભક્તોના ગુણોનાં જ દર્શન કરાવ્યાં છે. એક દિવસ ભારતમાં, હું ને મારી બહેન શાંતિદાદાની ઑફિસની બહાર ઊભાં હતાં, ત્યારે તેઓ તેઓની દિવ્ય અમીભરી દૃષ્ટિ સાથે ઑફિસની બહાર આવ્યા અને બહાર ઊભેલા ભક્તોને અમારો પરિચય આપવા લાગ્યા. શાંતિદાદાએ મારો પરિચય આપતાં કહ્યું, 'આ સહેલી છે. તે બાળકો સાથે બહુ ઉત્તમ કાર્ય કરી રહી છે.' મેં આશ્ચર્યભરી નજરે તેઓની તરફ જોયું. બાળકો સાથે અને હું ? કારણ, હજુ હમણાં તો મેં ગ્રૅજ્યુએશન પૂરું કર્યું હતું અને મારી પાસે હજી નોકરી પણ નહોતી. વળી, મને એવું લાગતું પણ ન હતું કે, હું બાળકો સાથે સારું કામ કરી શકું એમ છું. પરંતુ, તેઓએ મારામાં એ શક્તિ જોઈ અને તેથી હું તેવી બની શકી. આજે હું બાળકો સાથે કામ કરું છું અને હવે તે સિવાય બીજું કોઈ કામ કરવાનું વિચારી પણ નથી શક્તી. જીવન ક્યાંય પણ દોરી જાય; પરંતુ, મારું લક્ષ્ય હંમેશાં આવનારી પેઢીનું ઉત્કર્ષ કરવાનું રહેશે, કારણ કે, શાંતિદાદાએ મને આવું જીવન જીવવા માટેની પ્રેરણા આપી છે. સત્સંગમાં અન્ય ભક્તોએ પણ બીજાના શુભ ગુણો જોવાથી પ્રગટતી શક્તિને અનુભવી છે.

અ.નિ. પૂ. દિલીપદાસજી પોપટ (યુ.કે.) હંમેશાં મને પ્રેમથી 'હેલો, મારી સુંદર પરી!' એમ કહી સંબોધતા. તેઓના અક્ષરધામગમન પછી, જ્યારે પણ મને બળભર્યા શબ્દો સાંભળવાનું મન થાય ત્યારે જાણે તેઓ મારી સાથે વાત કરતા હોય તે રીતે હું મારી સાથે વાત કરું છું, અને તેના પ્રારંભ હંમેશાં 'હેલો, મારી સુંદર પરી !'થી થાય છે. અ.નિ. દિલીપદાસજીએ મારા પ્રત્યે દર્શાવેલ એ પ્રેમાળ લાગણીના પરિણામે હું મારા પોતાના માટે પણ પ્રેમનો અનુભવ કરી શકું છું.

જેવો માતા-પિતા અને વાલીઓનો પ્રભાવ બાળકોનાં જીવન પર પડતો હોય છે, એવો જ પ્રભાવ આ સંતોનો મારા જીવનમાં અનુભવાય છે. બાળકોમાં રહેલી શક્તિઓને પારખો, તેઓ અવશ્ય તેને અનુરૂપ જીવન જીવશે. આમાં કેટલીક નાજુક બાબત એ પણ સમજવા જેવી છે કે, બાળકના ઉદ્ધતાઈ જેવા નકારાત્મક વર્તનને ચલાવી લેવું જોઈએ. આવા સંજોગોમાં બાળકને યોગ્ય રીતે વર્તવાનું કૌશલ્ય શીખવવું એ પણ અત્યંત જરૂરી બાબત છે.

મારામાં જે દૃઢ આત્મબળ છે, એનો સ્રોત આવા સંતો છે, કે જેઓએ હંમેશાં મારી શક્તિઓને બિરદાવી છે, અને મારાં માતા-પિતા છે, કે જેઓએ ખૂબ સમજપૂર્વક મને શીખ આપી છે. કેટલાંક પ્રેમાળ માતા-પિતાઓએ પણ ક્યારેક પોતાનાં બાળકોને 'આળસુ' અથવા 'અવજ્ઞાકારી' જેવા શબ્દોથી સંબોધ્યાં હશે. આ જ રીતે, કેટલાંક વહાલાં બાળકો પોતાના વાલીઓને 'કડક' અથવા 'જૂનવાણી' કહેતાં હશે. આપણે સૌ ક્યારેક ખિન્ન હોઈએ ત્યારે એવા શબ્દો બોલી દઈએ છીએ ને પાછળથી પસ્તાઈએ છીએ. પરંતુ, મને માર્ગદર્શન આપતું એક દિશાસૂચક કથન હું હંમેશાં યાદ રાખું છું : **તમારા શબ્દો સાચવીને વાપરો. તમને ખબર નથી હોતી કે કોઈના મનમાં તમારા એ શબ્દો કેટલીય વખત ઘુમરાયા કરે છે.** એક હકીકત એ છે કે, જ્યારે આપણે કોઈકને વિશે કોઈ નિવેદન કરીએ છીએ, ત્યારે આપણને ખબર નથી હોતી કે તેઓ એ શબ્દોને પોતાના મનમાં કેટલીવાર ઘૂંટતા હશે. વળી, વાલીઓની ભૂમિકા બાળકોનાં જીવનમાં સૌથી પ્રભાવી ભૂમિકાઓમાંની એક છે. આપણે ક્યારેય જાણી શકતા નથી કે, આપણા દ્વારા બોલાયેલા શબ્દો જે તેઓ સાંભળે છે તે તેઓના મનની આંતરિક ગૂંજ ક્યારે બની જાય છે ? તેથી આપણે ખૂબ જાગ્રતતાથી શબ્દપ્રયોગ કરીએ એ જ એક વિકલ્પ હવે આપણી પાસે છે.

સાહેબદાદાના *"તે પ્રેમાળ છે,"* એ શબ્દો મારા મનમાં રોજ સંભળાય છે, અને મને મુશ્કેલ સમયમાં પણ પ્રેમપૂર્વક વર્તવાની પ્રેરણા આપે છે. શાંતિદાદાએ *"તે બાળકો સાથે ઉત્તમ કાર્ય કરે છે,"* તેવું ભારપૂર્વક કરેલું વિધાન, મને દરરોજ મારા પ્રયોજનની યાદ અપાવે છે. અ.નિ. દિલીપદાસજીનું *"મારી સુંદર પરી"* એ અભિવ્યક્તિ જ્યારે મારી જાત પ્રત્યે સૌમ્ય બનવાની જરૂર હોય ત્યારે કામ લાગે છે. આ સંતો તેઓના વાણીવ્યવહારમાં ખૂબ પ્રેમાળ હતા ! અને આભાર કે, તેઓ આવા ભલા હતા, તેથી જ તો તેઓના આવા શબ્દો મારા મનમાં વારંવાર ગૂંજી રહ્યા છે.

આપણે આપણાં બાળકોના ઉત્કર્ષ માટે પ્રેમાળ વાણીનો ઉપયોગ કરીએ. આપણે તેમની અંદર રહેલી શક્તિઓને પારખીએ. જો તમારા શબ્દો તમારા બાળકના મનમાં રોજ વાગતી ટેપ બનતા હોય તો તમે તેમને શું સંભળાવવા માંગો છો ? ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-ઑગસ્ટ-૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ઑક્ટોબર, મંગળવાર...** બપોર પછી લૅન્સડેલમાં અતુલભાઈ-સંગીતાબહેન, નિનાદભાઈ-મુક્તિબહેન, પીયૂષભાઈ-કોમલબહેન, સીમાબહેન-પ્રેમીલામાસી, હેમંતભાઈ-માલાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-ભજન, પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. પ્રફુલ્લભાઈ-નિમિષાબહેન, મહેન્દ્રભાઈ-અનિતાબહેનના ઘરે પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપી મોડી રાત્રે ઍલનટાઉન મંદિરે પધાર્યા. બૉસ્ટનથી પરત આવેલ સંતોનેદર્શન-આશીર્વાદનો લાભ આપી તેઓના વિચરણના અહેવાલ તેમજ સૌ ભક્તોના સમાચાર જાણી પ્રસન્નતા વરસાવી.

**૨ ઑક્ટોબર, બુધવાર...** ઍલનટાઉન મંદિરે સવારે સ્થાનિક સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી આનંદ કરાવ્યો. બેર્નિંગ્સવિલેમાં ભદ્રેશભાઈ-ખ્યાતિબહેન, બંકિમભાઈ-સુજાતાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી સૌને ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યાંથી કલ્પેશભાઈના સ્ટોર પર પધરામણી કરી મંદિરે પધાર્યા. સાંજે મંદિરમાં સર્વપિતૃ શ્રાદ્ધની મહાપૂજામાં પધારી સૌ માટે ધૂન-પ્રાર્થના કરી તથા સર્વપિતૃ શ્રાદ્ધનો મહિમા સમજાવી રૂડા આશીર્વાદ આપ્યા. પ્રસાદની સેવા માટે સુભાષભાઈ-બકીબહેનનાં અભિવાદન કરાવ્યાં પછી પધારેલા ભક્તોને અંગત મુલાકાત આપી તેમજ પ્રસાદ લીધા બાદ સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

**૩ ઑક્ટોબર, ગુરુવાર...** ઍલનટાઉન મંદિરે સવારે સ્થાનિક સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો તથા 'બ્રહ્મનિર્ઝર' સામયિક માટે નૂતનવર્ષના આશીર્વાદનું લખાણ કર્યું અને પ્રૂફ ચેક કર્યું. સાંજે નીલેશભાઈ, મૂકેશભાઈને મુલાકાત આપ્યા બાદ કાંતિભાઈ-સુશીલાબહેનના ઘરે પધારી, ધૂન-પ્રાર્થના કરી મંદિરમાં તેઓની સેવા બદલ રાજીપો દર્શાવ્યો. 'યોગીપ્રસાદ'નાં બહેનોને નવરાત્રી અનુલક્ષ્યે સમજ સાથે ગોષ્ઠિનો સરસ લાભ આપ્યો.

**૪ ઑક્ટોબર, શુક્રવાર...** ઍલનટાઉન મંદિરે સવારે સ્થાનિક સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરમાં દર્શને પધાર્યા ત્યારે ઉપસ્થિત ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો. ત્યારબાદ ભક્તોને અંગત મુલાકાત આપી. સાંજે ચંદ્રેશભાઈ-ધારણાબહેનના ઘરે સંતો-ભક્તો સાથે પધારી, ધૂન-ભજન-પ્રાર્થના કર્યાં. ગૅટિસબર્ગથી પધારેલ ભરતભાઈ-જયશ્રીબહેન સાથે ગોષ્ઠિ કરી-તેનો સૌને લાભ મળ્યો. જિગરભાઈ-ક્રિષ્નાબહેનના ઘરે પધરામણી કરી, ધૂન-ભજન-આરતી કરી ગોષ્ઠિનો લાભ આપી મંદિરે પધાર્યા. રિટાયર્ડ ભારત સરકારના સૅન્ટ્રલ ઍક્સાઈઝ બૉર્ડ મૅમ્બર શ્રી કાકને મુલાકાત આપી. નવરાત્રીના ગરબા-ઉત્સવ માટે પધારેલ ભક્તો સાથે ગોષ્ઠિ કરી આનંદ કરાવ્યો.

**૫ ઑક્ટોબર, શનિવાર...** સવારે ઍલનટાઉન મંદિરે નિજ આવાસ-'ઉપાસના'માં બિરાજી ફોન દ્વારા દૂર નિવાસ કરતા અને ઉપસ્થિત સૌ મુક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. બપોરે મંદિરમાં હરીશભાઈ જોષી-તારાબહેન, ભરતભાઈ ત્રિવેદી-નંદાબહેનને સત્કારી, તેઓની મંદિર પ્રત્યેની સેવા-ભક્તિ માટે બિરદાવ્યાં તેમજ ઉપસ્થિત ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મંદિરે પધારેલ અમૅરિકા-કૅનેડાના અનેક મુક્તો સાથે આનંદબ્રહ્મ કર્યો તેમજ યુવાનો સાથે યોજેલ પ્રશ્નોત્તરી સભામાં સુંદર લાભ આપ્યો. શનિવારની અઠવાડિક સભા સાથે યોજેલ વિદાય-મિલન સભામાં સાધુ પૂ. યજ્ઞેશદાસ તથા સાધુ પૂ. જયેશદાસે સાહેબજીનાં અવિરત વિચરણની અદ્‌ભુત વાતો કરી. વિવિધ મંડળોના મુક્તોએ પુષ્પગુચ્છ-પુષ્પહાર અર્પણ કર્યા તે સૌના ભાવ સ્વીકારી, અમૅરિકાના સત્સંગ, વિકાસ તથા ભક્તોનાં સમર્પણની વાતો કરી રૂડા આશીર્વાદ આપ્યા. સાંજે મોડા સુધી સૌ ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો.

**૬ ઑક્ટોબર, રવિવાર...** ઍલનટાઉન મંદિરે પધારેલ ભક્તોને અંગત મુલાકાત અને ગોષ્ઠિનો સુંદર લાભ આપ્યો. સૌને વિશેષ દર્શન-સ્મૃતિ આપી આનંદ કરાવ્યો. રાત્રે ગરબા-ઉત્સવ માટે પધારેલ બહેનો-ભાઈઓને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૭ ઑક્ટોબર, સોમવાર...** સવારે પૂજામાં કૅનેડાથી પધારેલ યુવાનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં ઉપસ્થિત સૌ ભક્તોએ સંતોનાં અવિરત વિચરણ અને ભીડાભકિત માટે આભારની લાગણી રૂપે કીર્તનભક્તિ તથા પૂજન-હાર અર્પણ કર્યાં. ઍલનટાઉન મંદિરેથી સૌની ભાવભરી વિદાય લઈ ન્યૂજર્સીના રેન્ડોલ્ફમાં આવેલ હરિધામ-સોખડાના મંદિરે દર્શનાર્થે

પધારી, સૌ સ્થાનિક ભક્તોને મળી લંડન જવા માટે ન્યૂજર્સી ઍરપૉર્ટ પધાર્યા. જ્યાં ન્યૂજર્સી, લૅન્સડેલ, ઍલનટાઉનના ભક્તો મોટી સંખ્યામાં પધાર્યા, તેઓ સૌને સામીપ્યનું સુખ આપી બ્રહ્માનંદ કરાવ્યો. ફ્લાઇટનો સમય થતાં વિશેષ દર્શનલાભ આપી, સૌની ભાવભરી વિદાય લઈ ફ્લાઇટમાં લંડન જવા વિદાય થયા.

**૮ ઑક્ટોબર, મંગળવાર...** સવારે હીથ્રો ઍરપૉર્ટ ઉપર સુખરૂપ પધાર્યા. ઍરપૉર્ટ ઉપર સાધુ પૂ. હિંમત સ્વામીજી, સતીશભાઈ, વિનુભાઈ, બારીન્દ્રભાઈ, હરીશભાઈ મુનિ, વિજયભાઈ આદિ અનેક મુક્તોએ ભાવથી સ્વાગત કર્યાં. બ્રહ્મજ્યોતિ કૅમ્પસ પર યુવાનો, યુવતીઓ, વડીલોએ ઢોલ-નગારાં વગાડીને ભવ્ય સ્વાગત કર્યાં. મંદિરમાં પૂજન-પુષ્પહાર અર્પણ બાદ સૌને આશીર્વાદ પાઠવ્યા. સાંજે સ્થાનિક સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૯ ઑક્ટોબર, બુધવાર...** મંદિરે દર્શનાર્થે પધારતા ભક્તોને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે લૉર્ડ ડોલર પોપટ બ્રહ્મજ્યોતિ પર પધાર્યા, જેઓએ નવ વર્ષ પૂર્વે ઇંગ્લૅન્ડમાં હિન્દુ ક્રિમેટોરિયમ નિર્માણ કરવા પ્રાર્થના કરી હતી તે સાકાર થઈ રહી હોવાથી તેઓનો આભાર માની આશીર્વાદ પાઠવ્યા. સાંજે મંદિરમાં સ્વાગત-મિલનસભામાં સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૦ ઑક્ટોબર, ગુરુવાર...** સવારે ડેન્હમ-ઇંગ્લૅન્ડ મંદિરે સ્થાનિક ભક્તો, યુવાનો, યુવતીઓને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે શ્રી ધીરુભાઈ સંઘાણીને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. વૅમ્બલી કિંગ્સબરીના ભક્તોની અઠવાડિક સભામાં પધારી 'વચનામૃત'નું નિરૂપણ કરી આશીર્વાદ આપ્યા.

**૧૧ ઑક્ટોબર, શુક્રવાર...** સાંજે મંદિરમાં સભામાં અનુપમ સ્વજન બારીન્દ્રભાઈના ૮૦મા જન્મદિન પ્રસંગે તેઓના જીવન-માહાત્મ્યની વાતો કરી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ ઑક્ટોબર, શનિવાર...** મંદિરમાં સવારે સભામાં દશેરાના મંગલપર્વ નિમિત્તે આશીર્વાદ પાઠવ્યા. સંતો દ્વારા બ્રહ્મજ્યોતિમાં વાહનો, મશીનરી, કૉમ્પ્યુટર્સ આદિનાં પૂજન થયાં. દાનવીર શ્રી રૂપિનભાઈ વડેરાને મુલાકાત-ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરમાં રાત્રિસભામાં 'વચનામૃત'નું નિરૂપણ કરી સૌને આશીર્વાદ આપ્યા.

**૧૩ ઑક્ટોબર, રવિવાર...** સવારે મંદિરમાં રવિવારની અઠવાડિક સત્સંગસભામાં પધારી સૌને સત્સંગલાભ આપ્યો. સાંજે ઑક્સફર્ડમાં બિપિનભાઈ-સંધ્યાબહેનના ઘરે પધાર્યા. ત્યાં ભરતભાઈ-કાશ્મીરાબહેન તથા પૂ. શૌનક ઋષિદાસજીને ગોષ્ઠિનો લાભ આપી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ ઑક્ટોબર, સોમવાર...** ઍશિયન ફાઉન્ડેશન સંસ્થાના વિનુભાઈ કોટેચા, કેતનભાઈ મહેતા, દીપકભાઈને સૌ ટ્રસ્ટીઓએ ભેગા મળી 'ૐ ક્રિમેટોરિયમ' માટે મોટી રકમનું દાન અર્પણ કર્યું હતું, તેઓ સૌ પ્રતિ આભાર વ્યક્ત કરી આશીર્વાદ આપ્યા.

**૧૫ ઑક્ટોબર, મંગળવાર...** 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી સી. બી. પટેલ, સુભાષભાઈ ઠકરાર સાથે 'ૐ ક્રિમેટોરિયમ'ના પ્રૉજેક્ટ અંગેની ચર્ચાઓ કરી હિન્દુ સમાજની સર્વ સંસ્થાઓ એકમના થઈ, સંપ-સુહૃદભાવ-એકતા રાખી, ભેગા મળીને ઉઠાવ લે-તે માટે માર્ગદર્શન આપ્યાં. સાંજે રમેશભાઈ કણસાગરા-કલાબહેનના ઘરે પધારી, કીર્તનભક્તિનો લાભ લઈ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૬ ઑક્ટોબર, બુધવાર...** શરદપૂર્ણિમા નિમિત્તે સ્થાનિક સંતો-ભક્તોને ગોષ્ઠિનો લાભ આપ્યો. કૉલેજ સમયના મિત્ર બાલુભાઈ (બી.કે.)ના ઘરે પધારી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે શરદપૂર્ણિમા-અનાદિ મૂળ અક્ષરમૂર્તિ સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦મા પ્રાગટ્યપર્વની ભક્તિભાવે ઉજવણી કરી. પ્રથમ કીર્તનભક્તિનો આનંદ માણ્યા બાદ મહિમાગાન કરી આપણે સૌ ગુણાતીતભાવમાં રહેતા થઈએ તે માટે ધૂન-પ્રાર્થનાઓ કરી.

**૧૭ ઑક્ટોબર, ગુરુવાર...** બપોરે દિનેશભાઈ સંઘરાજકાના ઘરે પધારી સૌ પરિવારજનોને સત્સંગલાભ આપ્યો. સાંજે વૅમ્બલી-કિંગ્સબરી મંડળની અઠવાડિક સભામાં પધારી સૌને લાભ આપ્યો.

**૧૮ ઑક્ટોબર, શુક્રવાર...** વર્ષ ૨૦૨૫માં યોજાનાર મંદિરના દશાબ્દી મહોત્સવ માટેની જગ્યા જોવા માટે પધાર્યા. રાત્રિસભામાં સૌ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૯ ઑક્ટોબર, શનિવાર...** સવારે આરતી બાદ પધારેલ સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે શરદપૂર્ણિમા નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં કીર્તન-ભક્તિનો આનંદ માણ્યા બાદ સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ ઑક્ટોબર, રવિવાર...** 'ૐ ક્રિમેટોરિયમ' નિર્માણકાર્યની પ્રગતિ નિમિત્તે હિન્દુ કૉમ્યુનિટી અને હિન્દુ યુનિટી અંગેની મીટિંગમાં મોટી સંખ્યામાં જુદી જુદી સંસ્થાઓના ટ્રસ્ટીઓ, અગ્રણીઓ પધાર્યા, તે સૌનાં પૂજન કરી સત્કાર્યા. સભામાં સૌને અદ્ભુત આશીર્વાદ પાઠવ્યા. સાંજે વૅમ્બલી-કિંગ્સબરીનાં મુક્તરાજ જયનાબહેન-સંદીપભાઈના નવા નિવાસસ્થાને યોજેલ મહાપૂજામાં પધારી, સભામાં મોટી સંખ્યામાં પધારેલ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપી આશીર્વાદ આપ્યા.

**૨૧ ઑક્ટોબર, સોમવાર...** બપોરે પ્રકાશભાઈ-રેખાબહેનના નૂતન આવાસના ઘરમંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે સાધુ પૂ. પંકજદાસજીના પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ ઑક્ટોબર, મંગળવાર...** સવારે સતીશભાઈ ચતવાણી-રશ્મિભાઈની ઑફિસમાં પધરામણી કરી, ધૂન-પ્રાર્થના કરી, સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા તથા ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે 'ૐ ક્રિમેટોરિયમ'ની સલાહકાર સમિતિના સૌ સભ્યોને લાભ આપી આશીર્વાદ પાઠવ્યા. સતીશભાઈ-હંસાબહેના ઘરે યુ.કે.માં નિવાસ કરતા શ્રેષ્ઠીઓ-'ૐ ક્રિમેટોરિયમ'ના દાતાઓ સાથે પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૩ ઑક્ટોબર, બુધવાર...** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ ઑક્ટોબર, ગુરુવાર...** 'ૐ ક્રિમેટોરિયમ'ની સલાહકાર સમિતિનાં સભ્ય શિલ્પાબહેન ચેડા 'ઇન્ટરનેશનલ સૅન્ટર ફૉર સસ્ટેનેબલ ચૅરિટી' (I.C.F.C.) સંસ્થા ચલાવે છે, ત્યાં પધારી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા. દુબઈનાં નિષ્ઠાવાન ભક્તરાજ રાજશ્રીબહેન ઠક્કર દિવાળી ઉત્સવ ઊજવવા માટે ખાસ યુ.કે. પધાર્યાં હતાં, સંતો-ભક્તો સાથે તેઓના ઉતારે પધારી ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ ઑક્ટોબર, શુક્રવાર...** સાંજે મંદિરમાં યોજેલ શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદા પૂજનવિધિમાં પધારી ઉપસ્થિત સૌ યજમાનોને-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. પૂજાવિધિમાં શ્રી લક્ષ્મીજીને જેમ શુદ્ધ કરવા માટે લાવ્યાં છીએ તેમ આપણાં વિચાર, વાણી અને વર્તન રૂપી લક્ષ્મીને શુદ્ધ રાખી જીવન જીવવાની રૂડી સમજણ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ ઑક્ટોબર, શનિવાર...** મંદિરે યોજેલ અન્નકૂટોત્સવમાં પધારી ભાવથી થાળ ધરાવ્યા, અન્નકૂટ આરતી અર્પણ કરી, પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. આખા દિવસ દરમિયાન દર્શને પધારતા ભક્તો-મહેમાનોને સત્કારી દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૭ ઑક્ટોબર, રવિવાર...** સાન ફ્રાન્સિસ્કો-યુ.એસ.એ.થી પધારેલ શિલ્પાબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. મૂળ વેમાર પ્રદેશના ભક્તોને ગોષ્ઠિનો લાભ આપી સત્સંગનું સુખ આપ્યું. રવિવારની અઠવાડિક સભામાં યોજેલ વિદાય-મિલન સભામાં પધારી ઉપસ્થિત સૌ ભક્તોને વર્ષ ૨૦૨૫માં યોજાનાર મંદિર દશાબ્દી મહોત્સવમાં પધારનાર સૌ ભક્તોની સેવા કેવા ભાવથી કરવી તે અંગે માર્ગદર્શન આપી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઇન્ટરનેશનલ યૂથ સભામાં પધારી સૌને અદ્ભુત આશીર્વાદ આપ્યા.

**૨૮ ઑક્ટોબર, સોમવાર...** શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, સ્થાનિક સૌ ભક્તોની ભાવભરી વિદાય લઈ, બપોરે લંડન હીથ્રો ઍરપૉર્ટથી ફ્લાઇટમાં દુબઈ પ્રતિ પ્રયાણ કર્યું.

**૨૯ ઑક્ટોબર, મંગળવાર...** વહેલી સવારે દુબઈ પહોંચ્યા. દુબઈ ઍરપૉર્ટ પર રોહિતભાઈ-પ્રવીણાબહેન, એકતા-કમલેશકુમાર, રાજશ્રીબહેનના સ્ટાફ તથા દુબઈ મંડળના યુવાનો અને હરિભક્તોએ સ્વાગત કર્યાં. સૌના ભાવનો સ્વીકાર કરી આશીર્વાદ પાઠવ્યા. સવારે રાજશ્રીબહેન-નયનકુમારના નિવાસસ્થાનમાં યોજેલ શ્રી લક્ષ્મીપૂજન વિધિમાંમાં પધારી દુબઈ મંડળના સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે અબુધાબી સ્થિત શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરજીનાં દર્શને પધાર્યા. દર્શન બાદ મંદિરજીના પ્રાંગણમાં યોજિત રોહિતભાઈ-પ્રવીણાબહેનના સુપુત્ર પુનીર અને મરીનાનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને આશીર્વાદ પ્રદાન કર્યા.

**૩૦ ઑક્ટોબર, બુધવાર...** સવારે કિશોરભાઈ અને પન્નાબહેન ગોકળના નિવાસસ્થાને પધરામણી કરી ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સ્થાનિક હરિભક્તોને દર્શન તથા સત્સંગ-ગોષ્ઠિના દિવ્ય લાભ પ્રાપ્ત કરાવ્યા. સૌની ભાવભરી વિદાય લઈને મોડી રાત્રે ફ્લાઇટમાં દુબઈથી અમદાવાદ-ભારત પ્રતિ પ્રયાણ કર્યું.

**૩૧ ઑક્ટોબર, ગુરુવાર...** વહેલી સવારે અમદાવાદ ઍરપૉર્ટ પર સંતો-ભક્તોના સ્વાગતભાવનો સ્વીકાર કર્યો. ઍરપૉર્ટથી 'યુનિટી' નિવાસસ્થાને પધારી, સ્થાનિક ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. બપોર પછી બ્રહ્મજ્યોતિ-મોગરી જવા પ્રસ્થાન કર્યું. સાંજે બ્રહ્મજ્યોતિમાં પ્રથમ શ્રી યોગી વિદ્યાપીઠના આંગણમાં સૌ સંતો દ્વારા સ્વાગત થયાં. ત્યારબાદ સુશોભિત રથમાં બિરાજી મંદિરજીના પ્રાંગણ સુધી સૌ ભક્તોને દર્શન-સ્મૃતિનું સુખ આપ્યું. મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વારે સૌ સદ્ગુરુ સંતોએ સ્વાગત કર્યાં બાદ મંદિરજીમાં દર્શન કરી સભામંડપમાં પધારી શ્રી શારદાપૂજન પ્રસંગે પધારેલ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ◆

# ભાગ્ય બડે જહાં સંત પધારે

## સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોનાં ધર્મવિચરણ

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજી ન્યૂઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયાનાં બ્રિસબૅન, મૅલબૉર્ન મંડળના ભક્તોને સત્સંગનું સુખ આપી સિડની પધાર્યા, જ્યાં નૅશનલ યૂથ અને કિડ્‌સ શિબિર સંપન્ન કરી. ઑક્ટોબર માસના પ્રથમ સપ્તાહમાં ભાર્ગવભાઈ–નીતિબહેન, ગૌરવભાઈ–મીનલબહેન, કૃણાલભાઈ–માર્ગીબહેન, જાસ્મિનભાઈ–શીતલબહેન, દીપકભાઈ–સોનલબહેન, ઉમેશભાઈ–કવિતાબહેન, ધરિતભાઈ–કિન્નરીબહેન, નીલેશભાઈ–મેઘનાબહેન, ઋષિકભાઈ–અવધિબહેન, રાવજીભાઈ, તેજસભાઈ–સીમાબહેન, સંજયભાઈ–ફોરમબહેન, પીયૂષભાઈ–પૂનમબહેન આદિ સિડનીના ભક્તોનાં ઘરે, વ્યવસાય સ્થળે પધરામણીઓ કરી સૌની સુખાકારી માટે પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ધરી. મંડળની સત્સંગસભામાં આધ્યાત્મિકલાભ આપી સંતોએ સૌને દિવ્ય જીવનના માર્ગે ચાલવા બળ, બુદ્ધિ અને પ્રેરણા પ્રદાન કર્યાં. આશિષભાઈ–આરતીબહેનના ઘરે સિડનીના ભક્તોની ભાવભરી વિદાય સ્વીકારી ૮ ઑક્ટોબરના રોજ સંતો ઍડિલેડ પધાર્યા.

જતીનભાઈ–તનિયાબહેનના ઘરે સ્વાગતસભા યોજાઈ અને સ્થાનિક ભક્તોએ સંતોને ભાવથી આવકાર્યા. ૯થી ૧૧ ઑક્ટોબર દરમિયાન નિસર્ગભાઈ–સ્વાતિબહેન, મિતભાઈ–હિમાનીબહેન, તર્પિતભાઈ–શ્વેતાબહેન, હર્ષભાઈ–બંસરીબહેન અને અંકિતભાઈના ઘરે સંતોએ પધરામણી કરી, ધૂન–પ્રાર્થનાઓ સાથે સત્સંગલાભ આપ્યો. સાથે સાથે અનેક ભક્તોનાં વ્યવસાય સ્થળે અને નવા થનાર આવાસનાં ભૂમિપૂજન પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા. ૧૨ ઑક્ટોબર, શનિવારના રોજ હર્ષિતભાઈ–અમૃતાબહેનના ઘરે ઍડિલેડ મંડળના ભક્તો માટે મહાપૂજાનું આયોજન કરાયું, જેમાં સંતોએ આદર્શ ભક્તિસભર જીવન જીવવાની સમજ આપી. આ પ્રેરક વાણીને સાંભળી સૌ શ્રદ્ધાભાવે ગુરુચરણે જીવન અર્પણ કરવા બળ પામ્યાં. ૧૩ ઑક્ટોબર, રવિવારે યોજિત વિદાય–મિલન સભામાં સૌએ સંતોને ભાવભરી વિદાય પાઠવી. સભામાં સંતોએ સત્સંગમાં આગળ વધવા, જીવનમાં ગુરુના મહત્ત્વને સમજવા અને ભાવિપેઢીમાં સત્સંગ અને આધ્યાત્મિકતાનાં બીજ વાવી સિંચન કરવા માટે પ્રેરણા આપી. સંતોના સમાગમથી સૌ ભક્તોનાં હૃદયમાં ભક્તિની ભાવના વધુ દૃઢ થઈ. સંતો ઍડિલેડથી પર્થ પધાર્યા.

૧૪થી ૨૧ ઑક્ટોબર દરમિયાન સંતોએ પર્થમાં અનેક પધરામણીઓ કરી ભક્તોને સત્સંગનું સુખ અને આધ્યાત્મિક માર્ગદર્શન આપી ભક્તિસંપન્ન જીવન જીવવાની પ્રેરણા આપી. પૂર્વે સંતભવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા–પૂ. શાંતિદાદા પર્થમાં જે–જે સ્થળોએ પધાર્યા હતા, તેનાં દર્શન કરી પ્રાર્થનાઓ ધરી. જૈનિશભાઈ–ભાગ્યશ્રીબહેનના ઘરે અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્યપર્વ તથા શ્રી લક્ષ્મીપૂજન, શ્રી શારદાપૂજન અને શ્રી અન્નકૂટ ઉત્સવનાં આયોજન થયાં, જેમાં સંતોનાં સાંનિધ્યનો લાભ લેવા માટે સ્થાનિક અક્ષરમુક્તો અને મહાનુભાવો મોટી સંખ્યામાં પધાર્યા.

સંતોનું પરદેશમાં લાંબા સમયથી વિચરણ હોવા છતાં તેઓએ અથાક અને અવિરત ભાવે સૌ ભક્તોને સત્સંગનો ખૂબ સમાસ કરાવ્યો. વ્યક્તિગત મુલાકાત આપી તથા પ્રશ્નોનાં આધ્યાત્મિક નિરાકરણ આપીને સત્સંગની સાચી સમજ પ્રદાન કરી. સંતભગવંત સાહેબજીના મહિમાને પ્રસરાવી, સર્વત્ર આનંદ રેલાવી, સંતોએ 'પ્રભુનું કાર્ય, પ્રભુની રીતે, કેવળ પ્રભુને રાજી કરવા'નો મંત્ર આપી સુંદર માર્ગદર્શન આપ્યાં. પર્થના ભક્તોની વિદાય લઈને સંતો ૨૨ ઑક્ટોબરના રોજ ભારત પરત પધાર્યા, જ્યાં તેઓનું ભક્તિભીનું સ્વાગત કરવામાં આવ્યું. ◆



પર્થમાં સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મી પૂજન –શ્રી શારદા પૂજન અને અન્નકૂટ અર્પણ

# દેશ-વિદેશમાં દીપોત્સવી

**✻ માણાવદર :** પ્રાસાદિક તીર્થસ્થાન માણાવદર ખાતે શ્રી અક્ષરદેરીમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં અપાર ભક્તિભાવે દીપોત્સવી ઉજવાઈ. આ માટે મંદિર અને પરિસરને સજાવી દેવાયું. યુવાનોએ સંતોનાં માર્ગદર્શને ખૂબ સેવાઓ કરી. અપાર ભક્તિભાવે નવા વર્ષને આવકારવા અને પ્રકાશપર્વોને ઊજવવા સૌરાષ્ટ્રનાં વિવિધ મંડળોથી ભક્તો પધાર્યા. ૨૯ ઑક્ટોબર ૨૦૨૪, ધનતેરસના રોજ સાધુ પૂ. હરેશભાઈદાસજીએ શ્રી લક્ષ્મીપૂજન વિધિ કરાવી. ખૂબ મોટી સંખ્યામાં સૌરાષ્ટ્ર પ્રદેશના ભક્તો ઉપસ્થિત રહ્યા અને યજમાનપદે બિરાજ્યા. શ્રી ધનપૂજામાં સાધુ પૂ. દિનેશદાસજીએ લક્ષ્મીપૂજાનો મહિમા સમજાવી આશીર્વાદ પાઠવ્યા.

૩૧ ઑક્ટોબર-દીપાવલીના રોજ શ્રી શારદાપૂજન વિધિ કરવામાં આવી, જેમાં માણાવદરનાં યુવક-યુવતીઓએ યજમાનપદે બિરાજી-લાભ લઈ ધન્યતા અનુભવી. પૂજાવિધિ બાદ સાધુ પૂ. દિનેશદાસજીએ આશીર્વાદ પ્રદાન કરી ઉત્સવ-મહિમા સમજાવી સંતભગવંત સાહેબજી જેવા પ્રગટ સત્પુરુષ થકી જીવનું રૂડું કરી લેવા સમજ આપી. ત્યારબાદ સાધુ પૂ. અશોકદાસજીનાં માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ રંગોળી સૌનાં દર્શન માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ રંગોળીમાં નીલકંઠ વર્ણીનાં વનવિચરણ દરમિયાનની પુલહાશ્રમની યાત્રાનું અદ્ભુત દર્શન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સૌ બાળકો-યુવકોએ સંતોનાં સાંનિધ્યે ફટાકડા ફોડીને અને તેનાં દર્શન માણીને સૌએ આનંદ કર્યો.

૧ નવેમ્બરના રોજ શ્રી ઠાકોરજી સમક્ષ નૂતન વર્ષ નિમિત્તે અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. વહેલી સવારે નૂતન વર્ષની મંગલ મિલનસભાનો સૌએ લાભ લીધો. ત્યારબાદ સંતો અને ભક્તોએ બનાવેલ વિવિધ વાનગીઓનો અન્નકૂટ શ્રી ઠાકોરજીને અર્પણ કરાયો. યુવકોએ અદ્ભુત થાળ ગાઈને ભક્તિ અદા કરી. ઉપસ્થિત સૌ ભક્તો અન્નકૂટનાં દર્શન કરી ધન્યતાના ભાવ સાથે વિસર્જિત થયા. ❋

**✻ ઉપાસના ધામ, સુરત :** ૨૯ ઑક્ટોબર ૨૦૨૪, ધન ત્રયોદશીની શુભ તિથિએ સુરતના આંગણે શ્રી લક્ષ્મી પૂજન તથા શ્રી શારદા પૂજન વિધિ ખૂબ આનંદ-ઉલ્લાસ સાથે સંપન્ન થઈ. સંતભગવંત સાહેબજી તથા સદ્ગુરુ સંતોની આજ્ઞાથી સુરતના સાધુ પૂ. કાનજીદાસજી તેમજ બ્રહ્મજ્યોતિ, મોગરીથી પધારેલા સંતો-સાધુ પૂ. દિવ્યેશદાસજી, પૂ. ગિરીશદાસજી, પૂ. જગદીશદાસજી, પૂ. હરેશદાસજીની પુનિત ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં સ્થાનિક અને દક્ષિણ ગુજરાત પ્રદેશના ભક્તોએ હૃદયની પવિત્રતા ભેળવી પૂજનવિધિ કરી. સૌનાં હૈયે ખૂબ જ આનંદ હતો. મંદિર સજાવટ, ચોપડાની ગોઠવણી તથા રંગોળી જેવી વિધવિધ સેવાઓમાં બાળકો, યુવકો-યુવતીઓ, વડીલો તથા સુરતના સૌ હરિભક્તો સાથે મળી પ્રભુ અને ગુરુની સ્મૃતિએ સહિત પ્રવૃત્ત થયાં. સર્વે સંતોનાં પૂજન અને ખેસ અર્પણ કરી સ્વાગત થયાં. ત્યારબાદ શ્રી લક્ષ્મી અને શ્રી શારદા પૂજનના મુખ્ય આચાર્ય સાધુ પૂ. હરેશદાસજી તથા સાથીસેવક રોહિતભાઈએ વિધિવત્ મંત્રોચ્ચાર સાથે પૂજા કરાવી. મુખ્ય યજમાન પદે ભીખુભાઈ ઉપરાંત મોટી સંખ્યામાં યજમાનોએ બિરાજી ભાવ અને શ્રદ્ધાપૂર્વક પૂજા કરી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ લખી મોકલાવ્યા હતા, તેનું પૂ. હરેશદાસજીએ વાંચન કર્યું. પૂજાવિધિથી પવિત્ર થયેલી લક્ષ્મીનો કૃપા❋



માણાવદર મંદિરે શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન પ્રસંગે આરતી અર્પણ



ઉપાસના ધામ, સુરત મંદિરે સંતોનાં સાંનિધ્યમાં શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન

વરસાદ સાધુ પૂ. કાનજીદાસજીએ સૌ પર વરસાવ્યો. સાધુ પૂ. દિવ્યેશદાસજીએ રૂડા આશીર્વાદ પાઠવી ધન અને વહીપૂજાનું સાચું મૂલ્ય સમજાવ્યું. સાધુ પૂ. કાનજીદાસજી તથા પૂ. ગિરીશદાસજીએ પણ આશીર્વાદ પ્રદાન કર્યા. પૂનમભાઈએ આભારવિધિ કરી અને સર્વેની સેવાને બિરદાવી.

*** ઉપાસના ધામ, અમદાવાદ :** ૨૯ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન ઉત્સવ સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી, પૂ. હર્ષદદાસજી અને પૂ. પ્રિયકાન્તદાસજીનાં સાંનિધ્યે ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા સુંદર કીર્તન અર્પણ થયાં. સંતો દ્વારા શ્રી ઠાકોરજીનાં પૂજન તથા પુષ્પહાર અર્પણ થયા. કલ્પેશભાઈ વ્યાસે સમગ્ર પૂજાવિધિનું સરસ સંચાલન કર્યું. દરેક વિધિને માહાત્મ્ય સાથે સમજાવી. મોટી સંખ્યામાં ભક્તો શ્રદ્ધાપૂર્ણ ભાવે પૂજાવિધિમાં જોડાયા. સાધુ પૂ. સતીશદાસજીએ શ્રી અષ્ટલક્ષ્મીજીના મહિમાની સુંદર સમજ આપી. સાધુ પૂ. ગૌતમદાસજીએ મહિમાગાન સાથે આશીર્વાદ આપ્યા. સભાસંચાલન ભાર્ગવભાઈ ચાંદેગરાએ કર્યું. સમગ્ર ઉત્સવની ઓડિયો-વિડિયો-ફોટોગ્રાફી, સુશોભન તેમજ ભોજન-પ્રસાદની સેવા યુવાનોએ ભક્તિભાવે સંભાળી.

*** ઉપાસના ધામ, ખારઘર :** અનુપમ મિશનના નવી મુંબઈના ઉપાસના ધામ, ખારઘર ખાતે શ્રી લક્ષ્મી પૂજન, શ્રી શારદા પૂજન વિધિ ૩૧ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ખૂબ આનંદપૂર્વક અને ભક્તિભાવથી સંપન્ન થઈ. સવારથી સર્વ યુવકો અને યુવતીઓએ સાધુ પૂ. દિનેશદાસજી અને પૂ. હરિકૃષ્ણદાસજીની આગેવાની હેઠળ મંદિર સુશોભન અને પૂજાવિધિની પૂર્વતૈયારીઓ કરી. સાંજે મુંબઈના સ્થાનિક સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં વિધિની શરૂઆત સૂરવૃંદની યુવતીઓએ ધૂન, ભજન, પ્રાર્થનાથી કરી. મુખ્ય આચાર્ય સાધુ પૂ. દિનેશદાસજીએ અત્યંત ભાવથી શાસ્ત્રોક્ત સ્તુતિ-શ્લોકોના ઉચ્ચાર અને સંગીતના તાલ સાથે પૂજાવિધિ કરાવી, જેમાં યજમાનોએ શ્રદ્ધાપૂર્વક ભાગ લીધો. યજમાન ભાઈઓએ શ્રી લક્ષ્મીજીને પરિશુદ્ધ કરી અને ત્યારબાદ શ્રી ઠાકોરજી સમક્ષ પધરાવેલ વહીઓ, લૅપટોપ, પૂજાનાં પાનનાં પૂજન કર્યાં. શ્રી ઠાકોરજીને થાળ-આરતી અર્પણ થયાં અને સંતોએ મંત્ર-પુષ્પાંજલિ અર્પણ કરી. આ પાવન પ્રસંગે સંતભગવંત સાહેબજીએ લખીને મોકલાવેલ સંકલ્પનું વાંચન કરી સૌએ ધૂન કરી. સંતોએ વહીઓ પર અને યજમાનો પર પ્રસાદીનાં સિક્કા તથા પુષ્પોરૂપી આશિષવર્ષા કરી. દિવ્ય આશિષ પામી સૌનાં હૈયાંમાં સહજાનંદ પ્રસરી ગયો.

૧ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર-નૂતન વર્ષના પ્રથમ દિવસે મંદિરે શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટોત્સવ ખૂબ ઉત્સાહ, આનંદ અને ભક્તિભાવથી ઉજવાયો. આગલી રાતથી જ સર્વ બહેનો-યુવતીઓ તૈયારીમાં લાગી ગયાં. આખી રાત મંદિર-પરિસરમાં સેવા કરી, શ્રી ઠાકોરજીને ધરાવવા માટે વિવિધ વાનગીઓ તૈયાર કરી. સ્થાનિક ગૃહસ્થો ઘરેથી વિવિધ વાનગીઓ જાતે બનાવીને શ્રી ઠાકોરજીને ધરવા લઈ આવ્યા. યુવકોએ ગર્ભગૃહમાં સુંદર સુશોભન કરી વિવિધ વાનગીઓ પ્રભુને ધરાવવા માટેની સરસ વ્યવસ્થા કરી અને વહેલી સવારથી શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોની મૂર્તિ સમક્ષ વિવિધ વાનગીઓ વ્યવસ્થિત અને કલાત્મક ઢબે ગોઠવી. અનુપમ સૂરવૃંદે વિવિધ થાળનાં ગાન કરી પ્રભુને ભક્તિભાવે જમાડ્યા. સાધુ પૂ. દિનેશદાસજીએ પ્રભુભક્તિ અને ગુરુભક્તિનો મહિમા સરળ શૈલીમાં સમજાવી સંતભગવંત સાહેબજીની



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન



ઉપાસના ધામ, ખારઘર મંદિરે સંતોની નિશ્રામાં શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન

કૃપાવર્ષાને વર્ણવી સૌને સંપ, સુહૃદભાવ અને એકતાથી પ્રભુબળે જીવતા થવાના રૂડા આશીર્વાદ પાઠવ્યા. અંતે સૌએ અન્નકૂટ આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. અનેરા ભક્તિભાવ અને પ્રભુકૃપામાં ગરકાવ બની સૌ વિસર્જિત થયાં.

**✻ ઉપાસના ધામ, વેમાર :** ૨૭ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની મૂર્તિ સન્મુખ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાની પ્રત્યક્ષ દિવ્ય ઉપસ્થિતિમાં શ્રી લક્ષ્મીજી, શ્રી શારદાજીનાં પૂજન અને માસિક કીર્તન આરાધના ખૂબ માહાત્મ્ય સાથે કરવામાં આવ્યાં. વિદેશની ધર્મયાત્રા કરીને પૂ.અશ્વિનદાદા વેમાર પધારતા હોવાથી તેઓનાં દર્શન કરવા આનંદમય આશ્રમ, ભીમપોરના મહંત શ્રી પૂ.ગજદીશ્વરાનંદ સ્વામી ખાસ પધાર્યા. મંદિરના મુખ્ય દ્વારે સદ્‌ગુરુ સાધુ પૂ.અશ્વિનદાદા અને શ્રી પૂ.ગજદીશ્વરાનંદ સ્વામીનાં પૂજન મેહુલભાઈ (વડોદરા) અને હાર અર્પણ રોહનભાઈ (અંકલેશ્વર)એ કરી સ્વાગતભાવ ધર્યા.

શ્રી લક્ષ્મીજી અને શ્રી શારદાજીની પૂજનવિધિ કરાવનાર આચાર્યોનાં પૂજન સાધુ પૂ. સતીશદાસજીએ અને ખેસ અર્પણ પૂ. રમેશદાસજી-કપિલે કર્યાં. સાધુ પૂ. ઉત્પલદાસજી, સમીરભાઈ અને ઉમેશભાઈએ માહાત્મ્યસભર સુંદર પૂજનવિધિ કરાવી. પૂ. ઉત્પલદાસજીએ મહિમા અને મહત્ત્વની સુંદર આપીને સમગ્ર વિધિ કરાવી. આ પ્રસંગે અશિષભાઈ (વડોદરા)એ પ્રાસંગિક પ્રવચન કર્યું. સાધુ પૂ. સતીશદાસજીએ જીવનને સત્સંગમય-ભક્તિમય બનાવવાની સુંદર સમજણ આપી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ભગવાનના બળે પુરુષાર્થ કરી, આવક-જાવકનો ચોખ્ખો હિસાબ રાખી, પ્રભુચરણે ગુરુઆજ્ઞાએ સેવા કરવાની સમજ આપી.

વિદેશની ધર્મયાત્રા કરીને પધારેલ સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજી તથા ડોલરભાઈ, શીલાબહેન, ભક્તિબહેનનાં સ્વાગત કરવામાં આવ્યાં. આ પ્રસંગે કાનમ, વડોદરા અને અંકલેશ્વર પ્રદેશના ૬૧ જેટલા યજમાન મુક્તોએ પૂજનવિધિમાં લાભ લીધો. વેમાર મંડળની દીકરીઓ યેશા, શૈલી અને વેદાંગીએ સુંદર રંગોળી કરી ભક્તિભાવ પ્રગટ કર્યા.

૬ નવેમ્બર, લાભપાંચમ અને સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના ૮૦મા પ્રાગટ્યદિનની ઉજવણી સાથે ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સદ્‌ગુરુ સંતો પૂ. હર્ષદદાદા, પૂ. મનોજદાસજી અને સંતો પધાર્યા. શ્રી ઠાકોરજીને ભક્તિભાવે વિવિધ વાનગીઓ બનાવીને ભક્તોએ કલાત્મક રીતે ગોઠવી હૃદયભાવ અર્પણ કર્યા. ભાવવાહી થાળનાં ગાન કરી સૌએ પ્રભુને પ્રેમપૂર્વક જમાડ્યા. આ પ્રસંગે ચંદ્રકાંતભાઈ, સાધુ પૂ. રાજુદાસજી અને પૂ. હિંમતદાસજી દ્વારા સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાનાં માહાત્મ્યનાં ગાન કરાયાં. વેમાર અને આસપાસનાં મંડળોના મોટી સંખ્યામાં અક્ષરમુક્તો લાભ લેવા માટે પધાર્યા. સદ્‌ગુરુ સંતો પૂ. હર્ષદદાદા અને પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની સેવાને બિરદાવી.

**✻ ન્યૂઝીલૅન્ડ :** ૨૭ ઑક્ટોબર ૨૦૨૪, એકાદશીના શુભ દિવસે ન્યૂઝીલૅન્ડના ભક્તોએ ભેગાં મળી શ્રી ઠાકોરજી મહારાજને ૧૦૮ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધર્યો. વળી, શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા પૂજન વિધિમાં પણ સૌ જોડાયાં. નીલિમાબહેને અન્નકૂટનો મહિમા સમજાવ્યો. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના ટેલિફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. ભેગાં મળીને સેવા-ભક્તિ સાથે ઉત્સવની ઉજવણી કરી સૌએ આનંદ માણ્યો.



ઉપાસના ધામ, વેમાર મંદિરે સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન



ન્યૂઝીલૅન્ડમાં ભક્તો દ્વારા શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન અને અન્નકૂટની ઉજવણી

**✻ ઈંગ્લૅન્ડ :** ઈંગ્લૅન્ડના ડેન્હમમાં અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સંતભગવંત સાહેબજીનાં સાંનિધ્યે પ્રકાશપર્વો ઉજવાયાં. સંતભગવંત સાહેબજીનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયાનો સૌ સંતો-ભક્તો-મહાનુભાવોનાં હૈયે અનેરો ઉમંગ હતો. ૨૫ ઑક્ટોબરના રોજ શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજન અને ૨૬ ઑક્ટોબરના રોજ અન્નકૂટ ઉત્સવ ઉજવાયો.

પૂ. હિંમતસ્વામીજી અને સૂરવૃંદ દ્વારા શ્રી ધન અને શ્રી વહી પૂજાવિધિ કરાવવામાં આવી. ૧૦૦થી વધુ યુગલ ભક્તો યજમાનપદે બિરાજ્યા અને અત્યંત ભક્તિભાવે પૂજાવિધિમાં જોડાઈને ધન્ય થયાં. ભાવિશાબહેને પૂજાવિધિની ગુજરાતી અને અંગ્રેજીમાં સુંદર સમજ આપી. સંતભગવંત સાહેબજીની નિશ્રા, સૂરવૃંદનો સાથ અને સંગીતના સથવારે વાતાવરણમાં અનેરી દિવ્યતા પ્રસરી. ભક્તોની ઉપસ્થિતિથી મંદિર છલોછલ ભરાઈ ગયું. પ્રથમ વખત દર્શન કરનાર અને પૂજાનો લાભ લેનાર ભક્તોએ પોતાની ધન્ય અનુભૂતિ અહોહોભાવે સંતો સમક્ષ વ્યક્ત કરી. પૂજનવિધિ બાદ સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં દસ ટકા ધર્માદો પ્રભુને અર્પણ કરવા, સૌના ગુણ જોવા-ગાવા અને સાંભળવા, અઠવાડિક સભામાં હાજરી આપવા, રોજ અડધો કલાક ધૂન કરવા અને મહિમાથી ગુરુવચને સેવામાં જોડાયેલા રહેવાની વિશેષ આજ્ઞાઓ કરી ભક્તિની અદ્ભુત સમજણ આપી.

૨૬ ઑક્ટોબરના રોજ ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો. છસો જેટલી વિવિધ વાનગીઓ ભક્તોએ જાતે બનાવી અને દેશ-વિદેશથી મોકલી, જે શ્રી ઠાકોરજીને અત્યંત ભક્તિભાવે ધરાવવામાં આવી. ભારતથી પધારેલાં વિખ્યાત ભક્તિહૃદયી કલાકારો અમિતભાઈ ઠક્કર, દીપ્તિબહેન દેસાઈ, દ્યુતિબહેન બુચ અને સૂરવૃંદ દ્વારા થાળનાં ભાવવાહી ગાન કરવામાં આવ્યાં. આ પ્રસંગે લૉર્ડ ડૉલર પોપટ, પ્રદીપભાઈ ધામેચા, રૂપિનભાઈ વઢેરા, સુનીલભાઈ શેઠ, પ્રેરણાબહેન ભારદ્વાજ, સી.બી. પટેલ, શ્રી શૌનક ઋષિદાસ, રશ્મિભાઈ ચતવાણી, રજનીભાઈ ખિરોયા, નજમુભાઈ વિરાણી, રાજશ્રીબહેન ગોકલ, દીપેનભાઈ રુઘાણી આદિ પ્રતિષ્ઠિત મહાનુભાવો, નામાંકિત ભક્તો અને સ્થાનિક અક્ષરમુક્તોએ મોટી સંખ્યામાં પધારી અન્નકૂટનાં દર્શનનો અને સંતભગવંત સાહેબજીના સમાગમનો લાભ લીધો. ભગવાનનાં કાર્યમાં સંપીને એક થઈને મંડી પડવા તથા નવા વર્ષની શુભકામનાઓ પાઠવી સંતભગવંત સાહેબજીએ શુભ આશીર્વાદ વરસાવ્યા. સૌ આશીર્વાદ પ્રસાદ પામી અંતરમાં દિવ્યતાની અનુભૂતિ લઈને વિસર્જિત થયાં.

**✻ એલનટાઉન-યુ.એસ.એ. :** ૨૯ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ અમેરિકાના ભક્તોએ ભેગા મળીને શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની મૂર્તિ સમક્ષ શ્રી ધન અને શ્રી વહી પૂજન કરી ભક્તિભાવ ધર્યા. સાધુ પૂ. જયેશદાસજી, પૂ. અશોકદાસજી અને મિહિરભાઈએ પૂજાવિધિ કરાવી. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી પૂજનવિધિનો લાભ લીધો. ઉપસ્થિત સૌ ભાઈઓ-બહેનોને વિધિ કરવાનો લાભ મળે તે રીતે સઘળી વ્યવસ્થા કરવામાં આવી. વિધિવત્ મંત્રોચ્ચાર અને શુદ્ધ અંતઃકરણ સાથે પૂજાવિધિ કરવામાં આવી. સાધુ પૂ. જયેશદાસજીએ પ્રાસંગિક આશિષપ્રદાન કર્યાં. જયંતભાઈએ સભાસંચાલન કર્યું. યુવાનો-યુવતીઓ તથા યુવાન ગૃહસ્થોએ મહિમાપૂર્વક સઘળી સેવાઓ સાકાર કરી તે સૌનો અને પૂજનવિધિમાં પધારેલા ભક્તોનો રાજાભાઈએ આભાર વ્યક્ત કર્યો. અદ્ભુત પવિત્ર વાતાવરણમાં સંપન્ન થયેલ આ પૂજનવિધિમાં જોડાનાર સૌએ ધન્યતા અનુભવી.



ઈંગ્લૅન્ડ મંદિરમાં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે શ્રી ધન પૂજા-શ્રી શારદા પૂજા



ઍલનટાઉન મંદિરે સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મીજી અને શ્રી સરસ્વતીજી પૂજનવિધિ

૨ નવેમ્બર ૨૦૨૪, શનિવાર–નૂતન વર્ષારંભે શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ઉત્સવ યોજાયો. સુનીતાબહેનનાં માર્ગદર્શન હેઠળ બહેનોએ જાતે જ મંદિરમાં અન્નકૂટની વિવિધ વાનગીઓ અત્યંત ભક્તિભાવે તૈયાર કરી. દીપોત્સવી નિમિત્તે યુવાનોએ મંદિર અને પરિસરને રંગ અને રોશનીથી સજાવી દીધું. યુવતીઓએ મંદિરના મુખ્ય હૉલ અને ઉત્સવ સ્થળે સુશોભન કરી ભક્તિ અદા કરી. બહેનો વહેલી સવારથી તાજી વાનગીઓ અને શાક બનાવવામાં જોડાયાં. યુવાનો અને યુવતીઓ અન્નકૂટની કલાત્મક ગોઠવણી કરવા માંડ્યાં. શ્રી ઠાકોરજી સમક્ષ અદ્‌ભુત સુશોભિત અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરાયો. મંદિરમાં બિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પણ બાળકો દ્વારા અન્નકૂટ અર્પણ કરાયો, જે માટે બાળકો પોતાની માતાઓની મદદથી વાનગીઓ બનાવી લાવ્યાં હતાં. તેમણે થાળ ગાઈને આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. બાળકોને આવી ભક્તિ અદા કરવામાં યુવા નેતાઓએ સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું.

મોટી સંખ્યામાં ભકતો અન્નકૂટનાં દર્શન કરવા પધાર્યા. ઉત્સવસભાનું સંચાલન કેતનભાઈએ કર્યું. થાળનાં ભાવવાહી ગાન કરી ભક્તોએ ભાવથી પ્રભુને અન્નકૂટ ધર્યો અને જમાડ્યો. રાજવીબહેને અન્નકૂટ ઉત્સવનો મહિમા સમજાવ્યો. સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વિડિયો–આશીર્વાદનો સૌએ લાભ લીધો. રાજાભાઈએ સૌ સેવક ભક્તો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. અંતે અન્નકૂટ ઉત્સવની આરતી અર્પણ કરી અન્નકૂટના પ્રસાદનાં બોક્સ ભરવાની સેવામાં સૌ જોડાયાં. અંતરમાં અનંત ભક્તિ અને મહિમાભરી સ્મૃતિઓ લઈ સૌ વિસર્જિત થયાં.

*** લૉસ ઍન્જલસ :** અનુપમ મિશનના લૉસ ઍન્જલસના નૉરવૉક સ્થિત ઉપાસના ધામ મંદિરમાં સંતોની નિશ્રામાં દીપોત્સવી પર્વ ઉજવાયું. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી વડીલ સંતો–સાધુ પૂ. ઉમેશદાસજી તથા પૂ. ભરતદાસજી ૨૮ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ નૉરવૉક પહોંચી ગયા. ભક્તોએ ઍરપૉર્ટ અને મંદિરે તેઓનાં સ્વાગત કરી આવકાર્યા. ૨૯ ઑક્ટોબરના રોજ સાંજે શ્રી ધનપૂજા–શ્રી વહીપૂજાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. ૪૦ જેટલા યુગલ ભક્તો શ્રી લક્ષ્મી અને શ્રી સરસ્વતી પૂજનવિધિમાં યજમાનપદે બિરાજ્યા તેમજ ૧૦૦ જેટલા ભક્તોએ તેની દિવ્યતાનો લાભ લીધો. પૂ. ભરતદાસજીએ વ્યાવહારિક અને આધ્યાત્મિક જીવનના હિસાબ ચોખ્ખા રાખવા અંગે સુંદર સમજ આપી. પૂ. ઉમેશદાસજીએ સૌનાં પૂજન કરી, ખેસ અર્પણ કર્યા તેમજ ધનને વિવિધ સામગ્રીથી સાફ કરી પ્રભુચરણમાં ધરવા માર્ગદર્શન આપ્યાં. પૂ. ભરતદાસજીએ સ્પષ્ટ સ્વરે શ્રી લક્ષ્મી–શ્રી સરસ્વતી પૂજાવિધિ કરાવી અત્યંત ભાવવાહી વાતાવરણ ઊભું કરી દીધું. ત્યારબાદ સ્ટેજ પર ગોઠવેલ ધન–સિક્કા, પૂજાપાનનાં પૂજન કરવામાં આવ્યાં, થાળ–આરતી અર્પણ કરાયાં. ત્યારબાદ પૂજાપાનમાં મિતિ લખવામાં ભાઈઓ–બહેનોએ સહકાર આપ્યો. આમ, સંતોનાં સાંનિધ્યે પૂજનવિધિનો આનંદ મેળવી સૌ ધન્ય થયાં.

રવિવાર, ૩ નવેમ્બરના રોજ યુવકો–યુવતીઓ–ભક્તોએ અત્યંત ઉત્સાહ–ઉમંગ સાથે શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કરી નૂતન વર્ષની ઉજવણી કરી. અન્નકૂટ ધરાવવા માટે જરૂરી સ્ટૅન્ડ બનાવ્યાં, ‘ચાલો સાહેબ પ્રગટાવીએ’–આ વિચારને મૂર્તિમંત કરવા વિવિધ રંગ ડિઝાઈન કરી, વાનગીઓની આજુબાજુ દીપમાળા રચી સુંદર સુશોભન કર્યાં, વિવિધ વ્યંજનો બનાવ્યાં. આ બધી તૈયારી માટે સૌ ઘણા દિવસોથી મોડી રાત્રે ભેગાં થતાં ને અત્યંત ભક્તિભાવે સેવા કરતાં. અન્નકૂટના દિવસે ધર્મેન્દ્રભાઈ, અમિતભાઈએ જેમાં સંતો, બાળકો,



ઍલનટાઉન મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ બાળકો દ્વારા અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



નૉરવૉક–લૉસ ઍન્જલસ મંદિરે સંતો–વડીલોની નિશ્રામાં શ્રી ધન પૂજા– શ્રી શારદા પૂજા

યુવાનો, યુવતીઓ, વડીલ ભાઈઓ-બહેનો વતી વિવિધ છ પ્રકારના થાળનાં ગાન કરીને ભકિત અદા કરી, તેથી ઊપસ્થિત દરેક મુક્તને થાળ જમાડતા હોય તેવી લાગણીની અનુભૂતિ થઈ. સાધુ પૂ. ઉમેશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની સેવાને બિરદાવી. ભાવિનભાઈએ નવલા વર્ષની શુભેચ્છાઓ પાઠવી. પરેશભાઈએ અન્નકૂટની વિવિધતામાં એકતા વર્ણવી સૌનાં મહિમાગાન કર્યાં. ધર્મેન્દ્રભાઈએ શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના વિવિધ પ્રસંગો જણાવી, આધ્યાત્મિક સમજણ પર પ્રકાશ પાડયો. અલકાબહેને વિવિધ વાનગીઓ બનાવનારાં બહેનો-ભાઈઓની સેવાને બિરદાવી આનંદ વ્યકત કર્યો. સાધુ પૂ. ભરતદાસજીએ ‘સ્વાદ મધ્યે મીઠું’ ઉક્તિનું અન્નકૂટના સંદર્ભે નિરૂપણ કરી સૌ મુકતોને આનંદિત કર્યા. સંતભગવંત સાહેબજીના પ્રિ-રેકૉર્ડેડ આશીર્વાદ સાંભળી સૌને તેઓની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ થયો. સમગ્ર દીપોત્સવની ઉજવણી માટે દિનેશભાઈ-અલકાબહેન, ભાવિનભાઈ-કામિનીબહેનનાં માર્ગદર્શન મુજબ સૌ યુવાનો, યુવતીઓ અને ભક્તોએ એકબીજાના સાથ-સહકારથી સઘળી સેવાઓ કરી તેને યાદગાર બનાવી દીધો.

*** ઉપાસના ધામ, પિયોરિયા :** ૨૬ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ અમેરિકાના પિયોરિયામાં નિર્મિત નૂતન મંદિરે પ્રથમ દીપોત્સવી નિમિત્તે શ્રી લક્ષ્મી પૂજન, શ્રી શારદા પૂજન અને અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે ભક્તોને લાભ આપવા ઍલનટાઉન મંદિરેથી સાધુ પૂ. જયેશદાસજી અને પૂ. અશોકદાસજી પધાર્યા. બિમલભાઈ-પૂજાબહેન, પરિવારજનો અને સમગ્ર મંડળ દ્વારા સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવી. સૌએ ભેગાં મળીને સેવાઓ કરી મંદિરમાં સુંદર સુશોભન કર્યાં. બંને સંતોએ પૂજાવિધિ કરાવી ભક્તોને સમગ્ર વિધિનું માહાત્મ્ય સમજાવ્યું. ભક્તો અપાર શ્રદ્ધા અને ભક્તિ સાથે પૂજન કરી તેમજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વિડિયો-આશીર્વાદનો લાભ લઈ ધન્ય થયાં. અંતે અન્નકૂટ આરતી અર્પણ કરી સૌએ ભક્તિ અદા કરી. સાધુ પૂ. જયેશદાસજીએ સૌ ભક્તોને વ્યક્તિગત મુલાકાત અને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સંતોનાં સાંનિધ્યે મંદિરમાં પ્રથમ દીપોત્સવીનો આનંદ માણી સૌ ધન્ય થયાં.

*** સાન ફ્રાન્સિસ્કો :** પ્રકાશપર્વોની ઉજવણી માટે સાન ફ્રાન્સિસ્કો મંડળના ભક્તોએ ત્રણ સભાઓનું આયોજન કર્યું. ૨૫ ઑક્ટોબરના રોજ દિવાળીપર્વ ઉજવાયું. સૌ સ્થાનિક ભક્તો અપાર આનંદ સાથે સૌને પરસ્પર મળવાના ઉમંગથી સત્સંગલાભ મેળવવા અને દીપોત્સવી ઊજવવા એકત્ર થયા. યુવાનોએ ઉત્સવ અનુરૂપ સુંદર સુશોભન કરી ભક્તિ અદા કરી. બહેનોએ મહાપ્રસાદ તૈયાર કરવાની સેવા બજાવી. ભેગાં મળીને સભામાં સૌએ આધ્યાત્મિક ગોષ્ઠિ કરી, કીર્તનગાન અને આરતી-થાળ અર્પણ કરી ભક્તિ અદા કરી. ૨૬ ઑક્ટોબરના રોજ ભાવેશભાઈ-છાયાબહેનના ઘરે નૂતન વર્ષ નિમિત્તે મંગલમિલન સભા યોજાઈ, જેમાં સૌએ ભેગાં મળી પરસ્પર આત્મીય પ્રેમ વ્યક્ત કર્યો. પ્રભુપ્રાર્થના અને સંકીર્તનમાં જોડાઈ સૌએ પ્રભુચરણે અને ગુરુચરણે અદ્‌ભુત ભક્તિવંદના ધરી. આ પ્રસંગે બાળકોને પાયાના સત્સંગનાં ભક્તિકાર્યો અંગે સમજ આપવામાં આવી. સંતભગવંત સાહેબજીના આશીર્વાદ અને સિદ્ધાંતોની સ્મૃતિ કરી જીવન આચરણમાં લાવવા ‘શ્રી સ્વામિનારાયણ’ મહામંત્રની ધૂન કરી. ૯ નવેમ્બરના રોજ અન્નકૂટ ઉત્સવ ઊજવવામાં આવ્યો. બહેનોએ પોતાના ઘરે જાતે બનાવેલ વાનગીઓ પ્રભુને અર્પણ કરી. ભાઈઓએ અન્નકૂટ વ્યંજનોને સુશોભિત કરી પ્રભુ સમક્ષ ગોઠવી. સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ઉમંગ



પિયોરિયામાં નૂતન મંદિરે સંતોનાં સાંનિધ્યે શ્રી ધન પૂજા - શ્રી શારદા પૂજા



સાન ફ્રાન્સિસ્કો મંડળના ભક્તો દ્વારા નવા વર્ષની ભક્તિસભર ઉજવણી

સાથે ભેગાં મળી, થાળનાં ગાન કરી પ્રભુને જમાડ્યા અને ઉત્સવની ઉજવણી કરી.

*** રિચમંડ :** ૨૯ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ રિચમંડ ખાતે મંદિરજીમાં શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા પૂજનવિધિ સંપન્ન થઈ. મનીશભાઈ, રમેશભાઈ અને મૂકેશભાઈએ શાસ્ત્રોક્ત રીતે વિધિ કરાવી. સ્થાનિક યુગલ અક્ષરમુક્તો યજમાન સ્વરૂપે બિરાજ્યા. ન્યૂપૉર્ટ ન્યૂઝ મંડળના ભક્તો પણ આ પ્રસંગનો લાભ લેવા માટે પધાર્યા. રમેશભાઈ અને મનીશભાઈએ પ્રાસંગિક પ્રવચન કરી ઉત્સવ-માહાત્મ્ય વર્ણવ્યું. ૩ નવેમ્બરના રોજ મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે ઍલનટાઉનથી સાધુ પૂ. અરવિંદદાસજી સાથે મીનેશભાઈ અને ચુનીભાઈ પધાર્યા. ભક્તોએ મંદિરજીના આંગણે રંગોળી કરી તેમજ ચારેકોર રોશનીની સજ્જા કરી પુષ્પો દ્વારા સુંદર સુશોભન કર્યું. સ્થાનિક ભક્તોએ વિવિધ વ્યંજનો તૈયાર કરી પ્રભુને અન્નકૂટ સ્વરૂપે ધર્યાં. સાધુ પૂ. અરવિંદદાસજી, મીનેશભાઈ અને મનિષાબહેને થાળનાં ગાન કરી પ્રભુને જમાડ્યા. સાધુ પૂ. અરવિંદદાસજીએ રૂડાં આશીર્દાન પ્રદાન કર્યાં.

*** બૉસ્ટન :** શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની કૃપાથી બૉસ્ટન ખાતે જયભાઈ-પૂજાબહેનના ફ્રેમિંગહામ સ્થિત ઘરમંદિરમાં મંડળના ભક્તો દ્વારા દિવાળી ઉત્સવ નિમિત્તે અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. જયભાઈએ ઘરને ફુગ્ગા અને ફૂલોથી સજાવ્યું. સતીશભાઈએ અન્નકૂટની વાનગીઓ પ્રભુને કલાત્મક રીતે ધરવા અર્થે મંચ તૈયાર કર્યું. બાળકોએ વિવિધ દાળ અને અનાજનો ઉપયોગ કરીને કલામક રંગોળી બનાવી ભક્તિ અદા કરી. દરેક વયના ભક્તોએ અન્નકૂટ ગોઠવવામાં ભાગ લીધો. બહેનોએ વિવિધ પાત્રોમાં વાનગીઓ સુંદર રીતે ગોઠવવામાં મદદ કરી અને પછી ભાઈઓએ શ્રી ઠાકોરજી સમક્ષ મંચ પર વાનગીઓ સુંદર રીતે ગોઠવી. ભક્તોએ જાતે બનાવેલ વાનગીઓ અન્નકૂટ સ્વરૂપે પ્રભુને અર્પણ કરવામાં આવી. ઋત્વિકભાઈએ સભાસંચાલન કર્યું. સૌએ ભેગાં મળીને થાળ ગાઈ પ્રભુને જમાડ્યા અને આરતી અર્પણ કરી. સંતભગવંત સાહેબજીના પ્રિ-રેકૉર્ડેડ આશીર્વાદ સાંભળી સૌ ધન્ય થયાં.

*** લુધિઆના :** શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ૧૯ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ લુધિઆનામાં સુરતી સમાજના હૉલમાં સ્થાનિક મંડળના ભક્તો દ્વારા દિવાળી પર્વ નિમિત્તે અન્નકૂટ ઉત્સવ લગભગ ૨૦૦ જેટલા હરિભકતોએ સાથે મળીને ધામધૂમથી ઊજવ્યો. અન્નકૂટ ઉત્સવની ઉજવણીની શરૂઆત આવાહ્ન શ્લોક, ધૂન અને કીર્તનગાનથી થઈ. પ્રિયેનભાઈએ અન્નકૂટ ઉત્સવના મહિમાની વાતો કરી. સંતભગવંત સાહેબજીના પ્રિ-રેકૉર્ડેડ આશીર્વાદ સાંભળી સૌ અત્યંત રાજી થયાં. ત્યારબાદ સર્વે ભકતોએ ખૂબ જ ભાવપૂર્વક શ્રી ઠાકોરજી સમક્ષ વિવિધ થાળ ગાઈને અન્નકૂટ જમાડ્યો. શ્રી ઠાકોરજીને અન્નકૂટમાં લગભગ ૨૦૦ જેટલી વાનગીઓ ધરાવી. સર્વે ભકતોએ અન્નકૂટ આરતી અર્પણ કરીને સભાસમાપનના શ્લોક સાથે ઉત્સવની પૂર્ણાહુતિ કરી. સભા બાદ ગરબાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભાગ લઈને સૌએ ખૂબ આનંદ કર્યો.

*** ડલાસ :** દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી અમેરિકા સ્થિત ટેકસાસના ડલાસ મંડળ દ્વારા ૨૩ ઑક્ટોબરના રોજ શ્રી ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરવામાં આવી. પરદેશમાં રહેતા ભક્તોએ અપાર ભક્તિભાવે અદ્ભુત વ્યવસ્થાઓ કરી ઉત્સવ ઊજવ્યો. મંડળના ભક્તો દ્વારા બનાવવામાં આવેલી વિવિધ વાનગીઓનો રસથાળ શ્રી ઠાકોરજીને ભાવ સહિત



રિચમંડ ખાતે ભક્તો દ્વારા શ્રી પ્રભુને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



લુધિઆના મંડળના ભક્તો દ્વારા શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

ધરવામાં આવ્યો. ભક્તોએ થાળનાં ગાન કરી ગદ્ગદભાવે પ્રભુને અન્નકૂટ ગ્રહણ કરવા પ્રાર્થના કરી. મંડળનાં બાળકોએ પણ ઉત્સાહથી ભાગ લઈને બિસ્કિટ્સ, ચોકલેટ્સ અને આઈસ્ક્રીમ કોનથી પ્રતીકાત્મક મંદિરનું નિર્માણ કરી અન્નકૂટની શોભા વધારી. સૌ ભક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતાથી સેવાઓ કરી.

*** સિઍટલ :** ૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ સિઍટલ અને વૅનકુંવર મંડળના ભક્તોએ ભેગા મળીને અપાર ભક્તિભાવ સાથે અન્નકૂટ ઉત્સવની ઉજવણી હિતેશભાઈના ઘરમંદિરમાં કરી. સૌએ ભેગાં મળી સુશોભન, અન્નકૂટ માટેની વાનગીઓ તૈયાર કરવાની, તેની ગોઠવણ, થાળગાન આદિની ભક્તિભરી સેવાઓ કરી. આ પ્રસંગે ડૉ. વીરેન્દ્રભાઈ, ડૉ. યોગેશભાઈ આદિ વડીલો પણ ઉપસ્થિત રહ્યા. સ્મિતાબહેન અને વીરેન્દ્રભાઈએ પ્રાસંગિક મહિમાગાન કરી મંડળના ભક્તોની ભક્તિને બિરદાવી. હિતેશભાઈ અને હરીતભાઈએ પ્રાસંગિક ધન્યતા વ્યક્ત કરી. અન્નકૂટની આરતી અર્પણ કરી સૌએ દિવ્ય આનંદની અનુભૂતિ કરી.

*** કૅનેડા :** અનુપમ મિશન, કૅનેડાના ટૉરોન્ટો મંડળના ભક્તોએ દિવાળીની ભક્તિભરી ઉજવણી કરી. ૨૯ ઑક્ટોબરના રોજ શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી ચોપડા પૂજનનું આયોજન થયું. ઍલનટાઉન મંદિર દ્વારા થઈ રહેલી ઑનલાઈન મહાપૂજામાં જોડાઈને સૌએ સંતભગવંત સાહેબજી અને સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને ત્યારબાદ સૌ ભક્તો સમૂહ મહાઆરતીમાં જોડાયા. ૩ નવેમ્બર ૨૦૨૪ના દિવસે અન્નકૂટ ઉત્સવનું આયોજન થયું. રસોડા વિભાગ, સુશોભન વિભાગના સેવકો દ્વારા મંદિરની સાફસફાઈ, સુંદર સુશોભન, વિવિધ વાનગીઓની બનાવટ અને કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવા માટેના સેવાયજ્ઞ કરાયા. આ પ્રસંગે ઍલનટાઉન મંદિરથી સાધુ પૂ. કૌશિકદાસજી અને પૂ. આશિષદાસજીએ પધારીને સૌ કોઈનો ઉત્સાહ વધારી દીધો. લગભગ ૧૪૦ હરિભક્તોએ અન્નકૂટ ઉત્સવમાં ભાગ લીધો. હરિભક્તો દ્વારા બનાવાયેલ સ્વાદિષ્ટ વાનગીઓ શ્રી ઠાકોરજીને ધરાવવામાં આવી. આરતીની થાળીનું ડેકોરેશન, રંગોળી હરીફાઈ અને બાળકો માટે કલ્ચરલ ફેન્સી ડ્રેસ હરીફાઈનું આયોજન થયું, જેમાં બહેનો અને બાળકોએ ભાગ લીધો. યેશાબહેન અને યુવાનોએ સુંદર તાલ સાથે થાળ ગાયા અને વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ. જતીનભાઈએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. સાધુ પૂ. કૌશિકદાસજીએ આશીર્વાદ આપી સંતભગવંત સાહેબજીની આજ્ઞામાં રહેવા અને સત્સંગમાં આગળ વધવા માટે કોઈનું ના જોવું અને ખમી-નવી દેવા માટે માર્ગદર્શન આપ્યાં. ત્યારબાદ હરીફાઈના વિજેતાઓને ઇનામનું વિતરણ સુરેન્દ્રભાઈ, સિદ્ધાર્થભાઈ અને કાંતિદાદા દ્વારા કરાયું. અન્નકૂટની આરતી પછી સૌ હરિભક્તોએ સંતોનાં સાંનિધ્યમાં ફાયર વર્કસનું આયોજન કરી આનંદ કર્યો.

*** સિડની :** ઑસ્ટ્રેલિયાના સિડની મંડળના ભક્તો દીપોત્સવી નિમિત્તે ૨૭ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ શ્રી લક્ષ્મી પૂજન-શ્રી શારદા પૂજનની વિધિ માટે એકત્ર થયા. સદ્ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિ સાથે પૂજાવિધિ કરવામાં આવી. વડીલોની ઉપસ્થિતિમાં યુવાનોએ અદ્ભુત વ્યવસ્થા કરીને ભક્તિભાવ ધર્યો. અત્યંત શ્રદ્ધા સાથે સૌ પૂજાવિધિમાં જોડાયાં. મનુદાદા-સુશીલાબાએ સૌ પર પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ પાઠવ્યા. ૫૦થી વધુ ભક્તોએ એકત્ર થઈને આ અવસરે ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીના પ્રિ-રેકૉર્ડેડ આશીર્વાદ સાંભળી સૌએ અપાર ધન્યતા અનુભવી. નવા વર્ષને નવા જોશ, ઉમંગ અને ઉત્સાહથી આવકારવા સૌ ભક્તિભાવે કટિબદ્ધ થયાં.



સિઍટલ-વૅનકુંવર મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



ટૉરોન્ટો-કૅનેડા મંદિરમાં ભક્તો દ્વારા ઑનલાઈન માધ્યમથી શ્રી ધન પૂજા - શ્રી વહી પૂજા

# સત્સંગ સમાચાર

## અમદાવાદ પ્રદેશના ભક્તો દ્વારા સદ્ગુરુ અશ્વિનદાદાનાં સ્વાગત

સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સાધુ પૂ. મૂકેશદાસજી વિદેશની ધર્મયાત્રા કરી પરત પધાર્યા તે નિમિત્તે ૬ ઑક્ટોબર ૨૦૨૪, રવિવારના રોજ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા અત્યાધુનિક ટાઉનહૉલ ખાતે માસિક કીર્તન આરાધનામાં ભવ્ય સ્વાગતોત્સવ ઉજવાયો. પાર્કિંગથી હૉલના સ્ટેજ સુધી બંને તરફ ભક્તોએ ઊભા રહીને પૂ. અશ્વિનદાદા, સર્વે સંતો-મહાનુભાવોનું તાલીઓના તાલે સ્વાગત કર્યું. આ પ્રસંગે સ્થાનિક સંતો સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી સાથે સાધુ પૂ. ભરતદાસજી, નરસિંહદાદા, ડૉ. પાર્થિવભાઈ, પંકજભાઈ પટેલ, દ્વિજેનભાઈ, ડૉ. પ્રવીણભાઈ વાટલિયા આદિ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. પૂજન-પુષ્પહાર દ્વારા સ્વાગત કરાયાં બાદ એલ.ઈ.ડી. પ્રૅઝન્ટેશન અને ભાવનૃત્ય દ્વારા બાળકો, યુવતીઓ ને ભાભી મંડળે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. સ્વાગત પ્રવચન ઘનશ્યામભાઈ પાઠકે કર્યું. ધર્મયાત્રાનો અહેવાલ અને પૂ. અશ્વિનદાદાના મહિમાનું ગાન સાધુ પૂ. મૂકેશદાસજીએ કર્યું. અંતે પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ આપી સૌની ભક્તિ, ઉત્સાહને બિરદાવ્યાં. સભાસંચાલન ચેતનભાઈ વ્યાસે સંભાળ્યું. આ પ્રસંગે અમદાવાદ, ગાંધીનગર, દહેગામ, વડોદરા આદિ મંડળના મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા અને આનંદ પામ્યા. ◆

## દશેરા પૂજન

ભગવાનની ભક્તિ કરવામાં જે સાધન-સંસાધન ઉપયોગી થાય તે સૌ પ્રત્યે વંદન અને કૃતજ્ઞતાનો ભાવ ધરવા પ્રતિ વર્ષ દશેરાના દિવસે સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી સંતો સંસ્થાનાં સંસાધનો તથા ભક્તોનાં ઘર, ઑફિસ, ફૅક્ટરીઓ પર પધારીને સંસાધનોનાં પૂજન કરે છે. ભક્તો-કર્મચારીઓનાં પણ પૂજન કરી આશીર્વાદ પાઠવે છે, સર્વત્ર દૈવીશક્તિનો પ્રભાવ રહે અને આસુરીશક્તિ નિર્મૂળ થાય તેવી પ્રાર્થનાઓ કરે છે. આવા ભાવથી ૧૨ ઑક્ટોબર ૨૦૨૪, દશેરાના મંગલકારી દિવસે અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના સંતોએ ભક્તોનાં કર્મયોગ સ્થાને પધારી દશેરાપૂજન કરી, પ્રાર્થનાઓ વહાવી. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકાના આશીર્વાદ મેળવી શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિ લઈને સંતો વિવિધ સ્થાને દશેરા પૂજન માટે પધાર્યા. સાથે સ્વયંસેવકો, સક્રિય કાર્યકર્તાઓ પણ જોડાયા. ભક્તોએ અત્યંત પવિત્ર અને પ્રસન્નભાવે સંતોને આવકાર્યા અને ભાવપૂજન કરાવ્યાં. ◆

## અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્યપર્વ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** ભગવાનને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ એવા અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦મા પ્રાગટ્યપર્વની ભક્તિસભર ઉજવણી ૧૬ ઑક્ટોબર, શરદપૂર્ણિમાના મંગલકારી દિવસે સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોનાં દિવ્ય સાંનિધ્યે કરવામાં આવી. 'જે બ્રહ્મને જાણે તે પરમને પામે' તે બ્રહ્મસૂત્ર સાથેનાં અદ્ભુત સુશોભન સાથે 'યોગીપ્રસાદ'ના સભાગૃહને સજાવવામાં આવ્યું. સદ્ગુરુ સંતોનાં દિવ્ય સાંનિધ્યે સંતો અને સ્થાનિક ભક્તો ખૂબ મોટી સંખ્યામાં મહિમાદર્શન સભાનો લાભ લેવા પધાર્યા.



અમદાવાદ પ્રદેશ દ્વારા આયોજિત સ્વાગતસભામાં પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન



અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્યપર્વે પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન

સભાસંચાલન કરતા સાધુ પૂ. સરજુદાસજીએ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના મહિમાને સુંદર રીતે રજૂ કર્યો. અનુપમ સૂરવૃંદના સંતો દ્વારા મહિમા વર્ણવતાં અદ્ભુત કીર્તનો પ્રસ્તુત કરાયાં. પૂજન અને પુષ્પહાર અર્પણ કરીને સંતોએ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના શ્રીચરણે ભાવ ધર્યા.

આ પ્રસંગે સાધુ પૂ. યજ્ઞેશદાસજી અને પૂ. પ્રેરકદાસજી પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરીને ભારત પરત પધાર્યા તે નિમિત્તે તેઓનાં સ્વાગત કરાયાં. તથા સાધુ પૂ. પીટરદાસજી અને પૂ. જીતદાસજી ઈંગ્લૅન્ડ તેમજ સાધુ પૂ. ભરતદાસજી અને પૂ. ઉમેશદાસજી અમૅરિકાની ધર્મયાત્રાએ પધારતા હોવાથી તેઓને ભાવભરી વિદાય આપવામાં આવી. સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ અમૅરિકા અને ઈંગ્લૅન્ડની ધર્મયાત્રાનાં સંસ્મરણો વાગોળી સંતભગવંત સાહેબજીનાં દિવ્ય કાર્ય અને અલૌકિક મહિમાનાં ગાન કર્યાં. ત્યારબાદ ઈંગ્લૅન્ડ પધારતા સાધુ પૂ. પીટરદાસજી અને અમૅરિકા પધારતા સાધુ પૂ. ઉમેશદાસજીએ પ્રાસંગિક પ્રવચન સાથે આશિષયાચના કરી. સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવી શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જીવનપ્રસંગો વર્ણવી મહિમા અને ગુણાતીતભાવનાની અદ્ભુત વાતો કરી ભક્તિસભર સાધનાની સુંદર સમજણ આપી. ત્યારબાદ સંતભગવંત સાહેબજીના પ્રિરૅકોર્ડેડ આશીર્વાદનાં શ્રવણ કરી સૌ ધન્ય થયાં. અંતે સૌએ ભેગાં મળી સામૂહિક મહાઆરતી અર્પણ કરી ભક્તિવંદના ધરી. ◆

*** માણાવદર :** શ્રી અક્ષરદેરી-માણાવદર ખાતે ૧૩ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ખૂબ ધામધૂમથી શરદોત્સવ ઉજવાયો. આ ઉત્સવમાં દિવ્ય આશીર્વાદ પ્રદાન કરવા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા મોગરીથી અને પૂ. અરુણદાદા ધારીથી પધાર્યા. અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાંથી સંતો અને અક્ષરમુક્તોએ ઉપસ્થિત રહી સમગ્ર ઉત્સવને માણ્યો અને ધન્યતા અનુભવી. આ ઉત્સવ નિમિત્તે માણાવદરનાં યુવક-યુવતીઓએ ભેગાં મળીને સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ – 'ગુણાતીત સંગે ઉપાસના ગુંજે'નું આયોજન કર્યું. સૌ પ્રથમ નાનાં બાળકો દ્વારા સુંદર નૃત્યનાટિકા પ્રસ્તુતિ થઈ તેમજ યુવતીઓ દ્વારા અદ્ભુત રાસ પ્રસ્તુત થયો. ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામીના જીવનપ્રસંગનો હૃદયસ્પર્શી સંવાદ યુવકો દ્વારા રજૂ કરાયો. સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ પૂ. અરુણદાદા અને પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી ગુણાતીતના મહિમાની અને ગુણાતીતભાવની વાતો કરી આધ્યાત્મિક લાભ આપ્યો તેમજ સૌની સેવાને બિરદાવી, ઉત્સવનાં સુંદર આયોજન બદલ ધન્યવાદ પાઠવ્યા. સદ્ગુરુ સંતોની દિવ્ય સન્નિધિ અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રાગટ્યપર્વની ભક્તિમાં નિમગ્ન થઈ સૌએ અક્ષરધામનાં સુખ, શાંતિ અને અનેરા આનંદની અનુભૂતિ કરી. ◆

*** ઉપાસના ધામ, અમદાવાદ :** મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો પ્રાગટ્યોત્સવ શરદપૂર્ણિમાની શીતળ રાત્રે ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હર્ષદદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજીનાં સાંનિધ્યે ભવ્ય રીતે ઊજવવામાં આવ્યો. સભા પ્રારંભે સૂરવૃંદ દ્વારા ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનાં કીર્તનગાન કરાયાં. સભાસંચાલન કરતા ચેતનભાઈ વ્યાસે પ્રાસંગિક ઉદ્બોધનમાં ગુણાતીતાનંદ સ્વામીના મહિમાના પ્રસંગો વર્ણવ્યા. બાળમંડળનાં ૧૫ જેટલાં બાળકોએ ગુણાતીતાનંદ સ્વામીની મર્મસ્પર્શી વાતોના મુખપાઠ કરી સૌને મહિમાથી ભરી દીધાં. બાળસભાની સત્સંગપ્રવૃત્તિમાં થતું બાળકોનું સુંદર ઘડતર જોઈને સૌ વડીલો રાજી થયા. સાધુ પૂ. ગૌતમદાસજીએ ગુણાતીતાનંદ સ્વામીના મહિમાના અનેક પ્રસંગો જણાવી આદર્શ જીવન જીવવાની પ્રેરણાના આશીર્વાદ આપ્યા. ઉત્સવનાં સુશોભન ઑડિયો, વિડિયો અને ફોટોગ્રાફી તથા પ્રસાદવિતરણ આદિ સેવાઓ સંતભગવંત સાહેબજીને રાજી કરવાની ભાવનાથી મંડળનાં સૌ કોઈએ ભેગાં મળીને સેવા કરી તથા ઉત્સવમાં અનેક રીતે સહભાગ આપી ભક્તિ અદા કરી. ◆

*** ભીંગરાડ :** ભીંગરાડ મંદિરમાં શરદપૂર્ણિમાનું પર્વ ૧૮-૧૯ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ભક્તિભાવે ઉજવાયું. આ પ્રસંગે મોગરીથી સાધુ પૂ. પંકજદાસજી અને માણાવદરથી સાધુ પૂ. અશોકદાસજી પધાર્યા. પ્રથમ દિવસે અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની જીવનગાથાને પારાયણ સ્વરૂપે રાજકોટના અનુપમ સ્વજન

ઉપાસના ધામ, વેમાર મંદિર



માણાવદર મંદિરે શરદોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમના કલાકારોને આશીર્વાદ

મુકુંદભાઈ સરવૈયાએ રજૂ કરી. તેઓએ ગુણાતીતાનંદ સ્વામીના જીવનની વાતો સાથે કીર્તનભક્તિ દ્વારા સૌને ભક્તિમાં તરબોળ કર્યા. કીર્તનભક્તિ બાદ સાધુ પૂ. પંકજદાસે સત્સંગલાભ આપી સૌ ભક્તોની સેવાને બિરદાવી. આ પ્રસંગે ઉપસ્થિત સૌ બાળકોને મહેમાનોના હસ્તે સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. અંતે સૌએ ગરબા-રાસની રમઝટ બોલાવી આનંદ કર્યો.

બીજા દિવસે-આસો વદ બીજ, બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામીનો પ્રાગટ્યપર્વ અને ભીંગરાડ મંદિરના તૃતીય પાટોત્સવ પ્રસંગે સવારે સાધુ પૂ. પંકજદાસજીએ પાટોત્સવ મહાપૂજા કરાવી. યજમાનોએ ગદ્ગદભાવે શ્રદ્ધાપૂર્વક પૂજનવિધિ કરી. ત્યારબાદ શ્રી ઠાકોરજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો. સૌએ ભેગાં મળીને વિવિધ થાળનાં ગાન કરી ભક્તિ અદા કરી. બંને દિવસ ભીંગરાડ ગામના અને સૌરાષ્ટ્રનાં વિવિધ મંડળોના ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સત્સંગનો આનંદ માણ્યો. ◆

## બ્રહ્મસ્વરૂપ જાગાસ્વામી જયંતી

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીના દિવ્ય અનુગામી બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામીજીના પ્રાગટ્યદિનની ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે 'અક્ષરમહોલ'માં ૧૯ ઑક્ટોબરના રોજ કરવામાં આવી. સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. તેઓનો ઉપદેશ કે, પારકી ક્રિયા, પારકો આકાર કે પારકો દોષ જોવાં નહીં, પરંતુ ભગવાન ને ભક્તોના ગુણ જ જોવા-સાંભળવા અને ગાવા. આ ભાવને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પોતાના આશીર્વાદમાં વિશેષ દઢ કરાવ્યો. બ્રહ્મસ્વરૂપ જાગા સ્વામીના જીવનવૃતાંતને માણી ઉપસ્થિત સ્થાનિક સૌ સંતો અને અક્ષરમુક્તોએ ધન્યતા અનુભવી. આ પ્રસંગે પરદેશની ધર્મયાત્રા સંપન્ન કરી પરત પધારેલા સાધુ પૂ. ગિરીશદાસજી અને પૂ. ઘનશ્યામદાસજીનાં સ્વાગત કરાયાં. તેઓએ પોતાની ધર્મયાત્રાનો અહેવાલ રજૂ કરી અમેરિકામાં ભક્તિ કરતા સંતો-ભક્તોના મહિમાની સુંદર વાતો જણાવી સંતભગવંત સાહેબજીનાં દિવ્ય કાર્યની ઝાંખી કરાવી. ◆

## યુ.કે.માં હિન્દુ એકતા કાર્યક્રમ

યુ.કે.માં અનુપમ મિશન દ્વારા નિર્માણ પામી રહેલા 'ૐ હિન્દુ અંત્યેષ્ટિ સંસ્કારધામ'ના વિકાસના તબક્કા અંગે માહિતગાર કરવા અને પરદેશમાં હિન્દુઓની એકતાને સક્રિયપણે કાર્યાન્વિત કરવા માટે એક સુંદર કાર્યક્રમનું આયોજન સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં રવિવાર, ૨૦ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ડેન્હમ મંદિરે કરવામાં આવ્યું. જેમાં બી.એ.પી.એસ., ઈસ્કોન, જલારામ સેવા સંસ્થાન, લોહાણા સમાજ જેવી વિવિધ સંસ્થાઓ અને જ્ઞાતિઓના અગ્રણીઓ તેમજ ઈંગ્લૅન્ડના અનેક નામાંકિત ઉદ્યોગપતિઓ, સમાજસેવકો, ડૉક્ટર્સ, સોલિસિટર્સ જેવા મહાનુભાવો સહિત ૩૦૦ જેટલા શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા.

સર્વપ્રથમ 'ૐ હિન્દુ અંત્યેષ્ઠિ સંસ્કારધામ'નાં નિર્માણનાં વિકાસ અને ભાવિ આયોજન અંગેની માહિતી સ્લાઈડ શૉ દ્વારા ભાવિશાબહેને આપી. તેમજ હિંદુ ધર્મનાં સહિયારાં મૂલ્યોની જાળવણી કરવા અને સામૂહિક શક્તિને સારાં કાર્યો માટે ઉપયોગ કરી અદ્ભુત એકતાનું નિર્માણ થઈ શકે તે અંગે ચર્ચા કરવામાં આવી. ચાર ગણમાન્ય વક્તાઓ-શ્રી સુભાષભાઈ ઠાકર (સી.એ., ભૂતપૂર્વ મૅનેજિંગ પાર્ટનર બ્લૅકસ્ટૉન ફ્રાન્કસ, ઍશિયન બિઝનેસ ઍસોસિએશનના સ્થાપક અને W.H.E.F. સભ્ય), શ્રી કૃષ્ણ સંજયદાસ (૧૯૯૫-૨૦૨૦ સુધી



ઉપાસના ધામ, અમદાવાદમાં ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્યપર્વ



ઈંગ્લૅન્ડમાં હિન્દુ એકતા કાર્યક્રમમાં સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શન અને આશીર્દાન

ઈસ્કોનના ટ્રસ્ટી અને હાલમાં હિંદુ સમુદાયો અને બાહ્ય સંબંધોમાં ભક્તિવેદાંતના પ્રતિનિધિ), શ્રી નીતિનભાઈ પાલન (પાલન ફાઉન્ડેશનના સ્થાપક, પૂર્વ ટ્રસ્ટી બી.એ.પી.એસ.), શ્રી શૌનક ઋષિદાસ (ઑક્સફર્ડ સૅન્ટર ઑફ હિન્દુ સ્ટડીઝના સ્થાપક અને નિયામક) દ્વારા હિંદુ એકતા માટે સંબોધન કરવામાં આવ્યાં.

સંતભગવંત સાહેબજીએ સમાજ હિતનાં ઉમદા ધ્યેયો હાંસલ કરવા માટે એકતા ઉપર ભાર મૂકીને આશીર્વાદ વરસાવ્યા કે, 'જો આપણે ભગવાનના માર્ગને અનુસરીએ, તો આપણને માનવતાનાં સેવાકાર્યો કરવા માટે તેઓ જ શક્તિ આપે છે.' તેઓએ ભારપૂર્વક કહ્યું કે, 'એકતા સર્વોપરી છે. કોઈ પણ સંપ્રદાય કે ગુરુને અનુસરતા હોઈએ પણ આપણે પહેલાં તો હિંદુ છીએ. આપણે જ્યારે એક થઈએ ત્યારે કંઈ પણ કાર્ય કરી શકીએ છીએ અને એ વાતનો જીવંત પુરાવો 'ૐ હિન્દુ અંત્યેષ્ઠિ સંસ્કારધામ'નું સર્જન છે.' આ અંત્યેષ્ઠિ સંસ્કારધામનાં નિર્માણ અને વિકાસ અર્થે અનુપમ મિશનને સમર્થન અને સહયોગ આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી તેઓએ અનુપમ મિશનના આંતરરાષ્ટ્રીય પ્રમુખ સતીશભાઈ ચતવાણીના પ્રયત્નોને પણ બિરદાવ્યા. ૐ ઍડવાઈઝરી કમિટીના સભ્યો સતીશભાઈ, તુષારભાઈ મોરજરિયા, શિલ્પાબહેન ચેડા, રાજશ્રીબહેન ગોકલ, ભાવિશાબહેન ટેલર, સુનીલભાઈ શેઠને અદ્‌ભુત માર્ગદર્શન આપી સંપ, સુહૃદભાવ અને એકતાથી સૌને મંડી પડવા અને સમાજસેવા કરવા પ્રેરણા અને બળ પ્રદાન કર્યાં.

ઉપસ્થિત સૌએ સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશન પ્રત્યે આવા કાર્યક્રમનાં આયોજન માટે અને ખાસ તો 'ૐ અંત્યેષ્ઠિ સંસ્કારધામ'નાં નિર્માણ માટે અંતરથી કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

## લાભપાંચમ અને સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાનો ૮૦મો પ્રાગટ્યોત્સવ

૬ નવેમ્બર ૨૦૨૪-સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાનો ૮૦મો પ્રાગટ્યદિન તથા લાભપાંચમ પુણ્યપર્વણી ! લાભપાંચમ નિમિત્તે સંતોના કર્મયોગ સાધના મંદિરે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ પધારી મહાપૂજાવિધિમાં આશીર્વાદ વરસાવ્યા. ત્યાંથી સૌ કોઈ અનુપમ ભક્તરાજ યોગેન્દ્રભાઈના 'નિજાનંદ રિસૉર્ટ' પધાર્યા અને યોગેન્દ્રભાઈ દ્વારા યોજિત લાભપાંચમની મહાપૂજા તથા સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના ૮૦મા પ્રાગટ્યદિનની માહાત્મ્યદર્શન સભામાં દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો. યોગેન્દ્રભાઈ અને સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા કૉલેજકાળના સહાધ્યાયી, તે મૈત્રીસંબંધે તથા સદ્‌ગુરુ સંતો પ્રત્યેના ભક્તિભાવ નિમિત્તે તેઓએ આ કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું. જેમાં અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોના મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા. યોગેન્દ્રભાઈએ પ્રાસંગિક મહિમાભાવ ધરી સૌનાં સ્વાગત કર્યાં. વેમારના સમીરભાઈ પટેલ, સુરતના પૂનમભાઈ શર્મા અને વલ્લભવિદ્યાનગરનાં પૂર્વાબહેને પૂ. હર્ષદદાદાના જીવનમાહાત્મ્યનું સુંદર દર્શન કરાવ્યું.

સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ વરસાવી ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ચાવી બતાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પૂ. હર્ષદદાદાના વિનમ્ર અને સેવકભાવની સર્વોત્તમ સ્થિતિનાં દર્શન કરાવી આશીર્વાદ પ્રદાન કર્યા. સંતભગવંત સાહેબજીએ યોગેન્દ્રભાઈની ઉદારતા અને સમર્પણ-ભક્તિનાં દર્શન કરાવી મહિમા જણાવ્યો તેમજ સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાની અપ્રતિમ ગુરુભક્તિ અને પ્રભુભક્તિનાં વર્ણન કરી આશીર્વાદ આપ્યા. ◆



લાભપાંચમના શુભ દિને સાહેબજીના સાંનિધ્યે કર્મયોગ સાધના મંદિરે મહાપૂજા અર્પણ



સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના ૮૦મા પ્રાગટ્યોત્સવે ભાવવંદના

# બ્રહ્મજ્યોતિમાં દીપોત્સવી પર્વ



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં શ્રી ઠાકોરજીના દિવ્ય સાંનિધ્યે પ્રકાશપર્વોના શુભારંભ



દિવાળીના શુભ દિવસે સંતભગવંત સાહેબજી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર પધાર્યા... સર્વત્ર આનંદ આનંદ છવાઈ ગયો...



શ્રી શારદા પૂજન પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન







મંદિરજીમાં શ્રી ધામ-ધામી-મુક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને ભાવથી અન્નકૂટ અર્પણ કરતા સંતભગવંત સાહેબજી

# અનુપમ મિશનનાં વૈશ્વિક મંદિરોમાં અન્નકૂટ દર્શન



ડેન્હમ-ઇંગ્લૅન્ડ મંદિર



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિર



માણાવદર મંદિરની પ્રાસાદિક અક્ષરદેરી



ઉપાસના ધામ, ખારઘર મંદિર



ઉપાસના ધામ, વેમાર મંદિર



ટોરોન્ટો-કૅનેડા મંદિર



લૉસ ઍન્જલસ-યુ.એસ.એ. મંદિર




પિયોરિયા-યુ.એસ.એ. મંદિર

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત શિખરસંપન્ન મંદિરજી અને 'અક્ષરમહોલ'માં બિરાજમાન

# શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા ગુણાતીત સ્વરૂપોને ભક્તિભાવે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ






**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-11-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**

**Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**